પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૧-૧૧-૨૦૨૪- ગુરૂવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૨૮ ● અંક : ૨૯૩ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# અદાણી સામે અમેરિકાની કોર્ટમાં લાંચ મુદ્દે આરોપનામુ

## સોલાર પ્લાંટનું નિર્માણ કરવા ભારતમાં રૂ. ૨૨૬૮ કરોડની લાંચની ગોઠવણ કરી હોવાનું જણાવી અમેરિકી રોકાણકારો સાથે છેતરપિંડી કરાઈ હોવાનો અદાણી ગ્રુપ વિરુદ્ધ અમેરિકી ન્યાય તંત્રનો ગંભીર આરોપ

નવી દિલ્હી,તા.૨૧

હીડનબર્ગ વિવાદમાં ફસાઈને ૧ વર્ષ સુધી ઈન્વેસ્ટર્સના વિશ્વાસની કટોકટીનો સામનો કર્યા બાદ હવે ભારતના ટોચના ઉદ્યોગપતિ અને વિશ્વના ટોચના ધનવાન ગૌતમ અદાણી સામે અમેરિકામાંથી જ આરોપ મુકયો છે.

ભારતમાં સોલાર એનર્જીના વિશાળ પ્લાંટ માટે ભારતમાં સરકારી અધિકારીઓને ૨૬૫ મિલિયન ડોલર એટલે રૂા.૨૨૬૮ કરોડની લાંચ આપવાના વચન આપવાનો આરોપ છે. આ આરોપનામુ અમેરિકાના ન્યાયવિભાગ દ્વારા ગૌતમ અદાણી અને અન્ય ૭ સામે વિધિવત રીતે અમેરિકી અદાલતમાં મુકાયા છે.

અદાણી ગ્રીન એનર્જી જે કચ્છના ખાવડામાં વિશ્વનો સૌથી મોટો સોલાર પ્લાંટનું નિર્માણ થઈ રહ્યું છે. તેના માટે નાણા ઉઘરાવવા અદાણી દ્વારા આ જંગી લાંચ અને તે રીતે અમેરિકી રોકાણકારો સાથે છેતરપીડીનો આરોપ છે. જેમાં ગ્રુપના વડા ગૌતમ અદાણી તેના ભત્રીજા સાગર આર. અદાણી, કંપનીના પુર્વ સીઈઓ વિનીત એસ.જૈન, રંજીત ગુપ્તા, કિરીલ કામ્બય, સૌરભ મગવાલ, દીપક મલ્હોત્રા અને રૂપેશ અગ્રવાલનો સમાવેશ થાય છે.

અમેરિકી પ્રોસીકયુશને તેના આરોપનામામાં જણાવ્યું છે કે, તેનો આ ગ્રીન એનર્જી પ્રોજેકટમાં ૨૦ વર્ષમાં ૨ મિલિયન ડોલરનો નફો થશે તેવું દર્શાવ્યું હતું. અદાણી ગ્રુપ દ્વારા પણ પ્રોજેકટ માટે ૩ બિલિયન ડોલરની લોન મેળવવા અમેરિકી રોકાણકારો સમક્ષ દરખાસ્ત કરી હતી અને તેમાં એવો દાવો કર્યો હતો કે ભારતમાં આ પ્રોજેકટને માટે બધી 'વ્યવસ્થા' થઈ ગઈ છે.

આ અંગેની એક વાતચીતમાં ગૌતમ અદાણી માટે કોડવર્ડ 'ન્યુમેરો-યુનો' એટલે કે નંબર વન અને ધ બીગ-મેન નો ઉપયોગ થયો હતો જયારે સાગર અદાણીએ તેના જ મોબાઈલ ફોન મારફત લાંચ અંગે ચોકકસ માહિતી આપી હતી.

હવે આ કેસમાં ગૌતમ અદાણી સામે જામીનગીરીના ફ્રોડ-છેતરપીડી, ષડયંત્ર રચવા, વાયર-ફ્રોડ, ષડયંત્રના આરોપો મુકાય છે અને અમેરિકી સિકયોરિટી એન્ડ એકસચેંજ બોર્ડ ઓફ અમેરિકાએ સીવિલ કેસ દાખલ થયા છે.

આ ઉપરાંત પાંચ લોકો સામે અમેરિકાના ફોરેન કરપ્ટ પ્રેકટીસ એકટ જે અમેરિકામાં લાંચ રૂશ્વત વિરોધી ધારો છે તેનો ઉપયોગ થયો છે તો ચાર સામે અમેરિકી કાનૂની પ્રક્રિયામાં વિઘ્નો સર્જવાનો પણ આરોપ છે.

ન્યુયોર્કના ઈસ્ટર્ન ડીસ્ટ્રીકટના અમેરિકી એટર્ની બીઓન એસ.એ જણાવ્યું કે અદાણી અને અન્ય તમામે આ અબજો ડોલરનો કોન્ટ્રાકટ મેળવવા ભારતીય અધિકારીઓને લાંચ આપવાની યોજના બનાવી હતી.

અમેરિકી રોકાણકારો કે સ્ટોકમાર્કેટ સાથે છેતરપીડીનો આ કેસ છે. જે આ કેસમાં અદાણી ગ્રીન એનર્જી મારફત અમેરિકી કંપની મેમ્બરે પાવર ગ્લોબલ લી.ને પણ જોવામાં આવી છે. અદાણી ગ્રુપ અમેરિકી પેન્શનફંડ સહિતની કંપનીમાં આવેલ નાણા ઉઘરાવવાના પ્રયાસોમાં હતા.



## અદાણીએ ૬૦૦ મિલિયન ડોલરના બોન્ડ પડતા મૂકયા

### સાગર અદાણી વિરુદ્ધ કોર્ટનું ધરકપડ વોરન્ટ

નવી દિલ્હી,તા.૨૧

અદાણી ગ્રુપ સામે અમેરિકામાં લાંચનો આરોપ મુક્તા જ તેનો પ્રથમ આંચકો લાગ્યો છે અને કંપનીએ તેનો ૬૦૦ મિલિયન ડોલર બોન્ડ ઈસ્યુને તાત્કાલીક રીતે પડતો મુકયો છે. હાલના આ વિવાદ જોતા કંપનીએ આ ૬૦૦ મિલિયન ડોલર બોન્ડની યોજનામાં આગળ નહી વધવા નિર્ણય લીધો છે. કંપનીએ સેબીને પત્ર લખીને આ જાણ કરી દીધી છે.

ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી સામે ધરપકડ વોરંટ અમેરિકી રોકાણકારો સામે છેતરપીડીના કેસમાં ગૌતમ અદાણી અને તેના ભત્રીજા સાગર અદાણી સામે અમેરિકી ફેડરલ કોર્ટે ધરપકડ વોરંટ ઈશ્યુ કરતા જ હવે અબજોપતિની મુશ્કેલી વધી ગઈ છે.પ્રથમ ફટકો: બોન્ડ મારફત ૬૦૦ મિલિયન ડોલર ઉઘરાવવાનો પ્લાન પડતો મુકતું અદાણી ગ્રુપ

## અદાણી ગ્રુપની તમામ ૧૦ કંપનીઓના શેરો તૂટયાં

નવી દિલ્હી,તા.૨૧

અદાણી ગ્રુપના ચેરમેન અને દેશના બીજા સૌથી ધનાઢ્ય ઉદ્યોગપતિ ગૌતમ અદાણી સામે અમેરિકામાં લાંચ અને છેતરપિંડીના આરોપોને કારણે ભારતીય શેરબજારમાં અદાણી ગ્રુપના લિસ્ટેડ શેરોમાં ઘટાડો થયો છે.

અદાણી ગ્રુપના શેરમાં ૨૦ ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો. ગ્રુપની ફ્લેગશિપ કંપની અદાણી એન્ટરપ્રાઈઝનો શેર ૧૦ ટકા ઘટીને ૨૫૩૯ રૂપિયા પર આવી ગયો હતો અને શેર લોઅર સર્કિટ લાગી હતી. અદાણી પોર્ટ્સમાં પણ ૧૦ ટકા, અંબુજા સિમેન્ટમાં ૧૦ ટકા અને અદાણી પાવરમાં ૧૬ ટકાનો ઘટાડો હતો.

શેરબજાર ખુલતાની સાથે જ અદાણી ગ્રુપના શેરો શોકમાં ગરકાવ થઈ ગયા હતા. ગ્રુપની તમામ ૧૦ લિસ્ટેડ કંપનીઓના શેરમાં તીવ્ર ઘટાડો થયો હતો. અદાણી એનર્જી સોલ્યુશન્સનો શેર ૨૦ ટકા ઘટીને ૬૯૭.૭૦ રૂપિયા થયો હતો અને શેર લોઅર સર્કિટમાં અથડાયો હતો.

અદાણી ટોટલ ગેસનો શેર ૧૪ ટકા ઘટીને ૫૭૭.૮૦ રૂપિયા, અદાણી ગ્રીન એનર્જીનો શેર ૧૮ ટકા ઘટીને ૧૧૫૯ રૂપિયા, અઈઈનો શેર ૧૦ ટકા ઘટીને ૧૯૬૬.૫૫ રૂપિયા થયો હતો. આ ઉપરાંત અદાણી પોર્ટ્સ અને સેઝનો શેર પણ ૧૦ ટકા ઘટીને ૧૧૬૦ રૂપિયા, અદાણી વિલ્મરનો શેર ૮ ટકા ઘટીને ૩૦૧ રૂપિયા પર આવી ગયો હતો.

## જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદીઓની ઘસણખોરી અંગે એનઆઈએના દરોડા

### રાષ્ટ્રીય તપાસ એજન્સી દ્વારા ડોડા રિયાસી સહિતના અનેક સ્થળોએ વહેલી સવારે છાપા મરાયા

નવી દિલ્હી,તા.૨૧

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ સંબંધિત ગતિવિધિઓ પર પોતાની પકડ વધુ કડક કરી છે. એનઆઈએ આતંકવાદી ઘૂસણખોરીના મામલામાં રિયાસી, ડોડા, ઉધમપુર, રામબન અને કિશ્તવાડમાં અનેક સ્થળોએ દરોડા પાડી રહી છે.

સુરક્ષા એજન્સીની આ કાર્યવાહીથી આતંકી સંગઠનોને મોટો ફટકો પડ્યો છે. જયારથી જમ્મુ-કાશ્મીરમાં સરકાર બની છે ત્યારથી આતંકવાદી ગતિવિધિઓ વધી છે. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી ૮ સ્થળો પર દરોડા પાડી રહી છે.

અગાઉ લગભગ એક અઠવાડિયા પહેલાં, એનઆઈએએ જમ્મુની બહારનાં બજાલહટામાં એક વ્યક્તિના ઘરને આતંકવાદી ભંડોળની શંકાના આધારે સર્ચ કર્યુ હતું. તપાસ દરમિયાન તે વ્યક્તિનાં ખાતામાં ૧૫ લાખ રૂપિયા શંકાસ્પદ રીતે જમા થયા હોવાનું જણાયું હતું. ૧૫ લાખની આ રકમ અમદાવાદનાં મોસ્ટ વોન્ટેડ લિસ્ટમાં સામેલ હુમાયુ ખાન નામનાં ભાગેડુ ગુનેગાર દ્વારા જમા કરાવવામાં આવી છે.

એનઆઈએની તપાસમાં સામે આવ્યું છે કે, સાહિલ અહેમદના કાકા ગુલઝાર અહેમદ મલિક, અબ્દુલ મજીદ મલિકનો પુત્ર વર્ષ ૧૯૯૨માં હિઝબુલ મુજાહિદ્દીનનો આતંકવાદી બન્યો હતો. તે છેલ્લાં કેટલાક સમયથી પાકિસ્તાનનાં સિયાલકોટમાં રહે છે. એનઆઈએ ટીમે સાહિલ અને તેનાં કેટલાક સંબંધીઓની પણ પૂછપરછ કરી હતી.

જયારથી જમ્મુ-કાશ્મીરમાં સરકાર બની છે ત્યારથી આતંકવાદીઓ વધુ સક્રિય થયાં છે. ૧૮ ઓકટોબરે શોપિયાંમાં આતંકીઓએ એક મજૂરની હત્યા કરી હતી. આ પછી ૨૦ ઓક્ટોબરે ગાંદરબલમાં કંધસ્ટ્રક્શન કંપનીનાં

અનુસંધાન પાના ૭ પર

## હિમાચલ પ્રદેશના સ્પીતિમાં માઈનસ ૮.૮ ડીગ્રી તાપમાન

### હિમાચલ સડસડાટ તાપમા નીચે ઉતરતાં હિમપાતની ચેતવણી

નવી દિલ્હી,તા.૨૧

દેશના હિમાચલ સહિતના ઉતર ભારતના રાજયોમાં છેવટે શિયાળાનો પરચો શરૂ થયો છે. હિમાચલના સ્પતિમાં તાપમાનનો પારો માઈનસ ૮ના સ્તરે સરકી ગયો હતો.

રોહતંગ ઝીલમાં બરફની ચાદર પથરાઈ ગઈ હતી. હવામાન વિભાગે ૨૩ નવેમ્બરે વેસ્ટર્ન ડીસ્ટર્બન્સ સક્રીય થવાની અને લાકોલ-સ્પીતિ, કુલ્લુ, કાંગડા તથા ચંબા સહિતના ક્ષેત્રોમાં વરસાદ તથા હિમપાત થવાની આગાહી કરી છે. ગાઢ ધુમ્મસ છવાવાની પણ ચેતવણી આપવામાં આવી છે.

હિમાચલ પ્રદેશમાં તાપમાન સતત નીચે સરકવા સાથે નોર્મલ કરતા ૦.૮ ડીગ્રી નીચે ઉતરી ગયુ છે. સૌથી વધુ ઠંડી લાહૌલ સ્પીતિમાં નોંધાઈ હતી. જયાં પારો માઈનસ ૮.૮ ડીગ્રીએ સરકી ગયો હતો.

તાબોમાં માઈનસ ૩.૬ તથા સમુદ્રોમાં માઈનસ ૧.૧ ડીગ્રી હતો. સિમલામાં તાપમાન ૭.૬ ડીગ્રી, સુંદરનગરમાં ૫.૮, કલ્પામાં ૧.૨, મનાલીમાં ૨.૪, કુકરીમાં ૭, ડેલાહાઉઝીમાં ૮.૪ ડીગ્રી નોંધાયુ હતું. રોહતંગ પાસમાં બરફની ચાદર જામતા પ્રવાસીઓ ઉત્સાહમાં આવી ગયા હતા.

## કેનેડીયન અખબારી અહેવાલને ભારત સરકારે હાસ્યાસ્પદ ગણી ફગાવી દીધો

### આતંકવાદી નિજ્જર હત્યા કેસમાં કેનેડીયન અખબારો બેફામ

ઓટ્ટવા,તા.૨૧

ભારત અને કેનેડા વચ્ચે ખાલીસ્તાની આતંકવાદીઓ મુદે સતત વધી રહેલા તનાવમાં હવે કેનેડીયન અખબારોએ એવો દાવો કર્યો છે કે, ૨૦૨૩માં કેનેડામાં શીખ આતંકવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યા ભારત સરકારના ઈશારે કરવામાં આવી હતી.

તે અંગે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ ષડયંત્રની જાણ હતી.

કેનેડાની સરકારના એક અધિકારી જેનુ નામ જાહેર કરાયુ નથી તેના હવાલે આ સમાચાર કેનેડામાં અખબારોએ પ્રસિદ્ધ કર્યો છે અને લખ્યુ છે કે, નિજજરની હત્યાના ષડયંત્ર અંગે ભારતના વડાપ્રધાનને ખ્યાલ હતો.

અગાઉ કેનેડાએ આ હત્યામાં ગૃહમંત્રી અમીત શાહની પણ સંડોવણી દર્શાવી હતી અને હવે આ નવા રિપોર્ટમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોભલ અને વિદેશમંત્રી એસ.જયશંકર પણ ષડયંત્ર અંગે જાણતા હતા તેવું દર્શાવાયુ છે.

નેડાએ આ ષડયંત્રના સમયમાં કેનેડા ખાતેના ભારતના રાજદૂત સંજય વર્મા સહિતના અધિકારીઓને સંડોવણી દર્શાવતા સલામતી ખાતર ભારતે વર્મા સહિત છ ડિપ્લોમેટને પરત બોલાવી લીધા હતા.

જો કે ભારત સરકારે આ પ્રકારના દાવાને ફગાવી દીધા છે. વિદેશ વિભાગના પ્રવકતા રણવીર જયસ્વાલે પ્રતિભાવમાં કહ્યું કે આ પ્રકારના હાસ્યાસ્પદ દાવાઓને તેમાં જે રીતે હકકદાર છે તેવા તિરસ્કાર સાથે ફગાવી દેવાવા જોઈએ.

આ પ્રકારે બદનામ કરવાના અભિયાનથી બન્ને દેશોના બગડેલા સંબંધોને વધુ વણસાવશે તે નિશ્ચિત છે. કેનેડાના ધ ગ્લોબલ એન્ડ મેલ નામના અખબારમાં પ્રસિદ્ધિ માટે હાલમાંજ કેનેડામાં હિન્દુ મંદિર પર હુમલા થયા તે બાદ હવે આ નવો તનાવ સર્જાયો છે.

## પન્નુની હત્યાના પ્રયાસના કેસમાં વિકાસ યાદવ વોન્ટેડ

### વિકાસ યાદવ જામીન પર છુટયો હોવા છતા એફબીઆઈએ વોન્ટેડ જાહેર કર્યો

નવી દિલ્હી,તા.૨૧

શિખ અલગતાવાદી ગુરપતવંતસિંહ પન્નુની હત્યાનું નિષ્ફળ કાવતરુ રચવાનો આરોપી વિકાસ યાદવને લઈને અમેરિકાની તપાસ એજન્સી એફબીઆઈ (ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન)ના નવા પગલાએ લોકોને આશ્ચર્યમાં મુકી દીધા છે.

અમેરિકી તપાસ એજન્સીએ સસ્પેન્ડ રો ઓપરેટીવ વિકાસ યાદવને પકડવા માટે પંજાબી અને હિન્દી ભાષામાં તેના વોન્ટેડ પોસ્ટર જાહેર કર્યા છે. એફબીઆઈની વેબસાઈટ પર પહેલા જ વિકાસ યાદવનું પોસ્ટર હતું.

એફબીઆઈની આ નોટિસે અનેક લોકોને આશ્ચર્યચકીત કરી દીધા છે. કારણ કે વિકાસ યાદવ ફરાર નથી. ભારતીય અધિકારીઓએ પોતાના અમેરિકી સમકક્ષોને સૂચિત કર્યા હતા કે તે કથિત ડકૈતી માટે જેલમાં હતો અને હાલ તે જામીન પર બહાર છે.

ત્રોએ જણાવ્યું હતું કે યાદવને પકડવામાં એફબીઆઈનો અસામાન્ય રસ શિખ ફોર જસ્ટીસ (એસએફજે)ના પ્રમુખ ગુરપતવંતસિંહ પન્નુ દ્વારા

અનુસંધાન પાના ૭ પર

## કોલકાતાથી પટના જતી બસ હજારીબાગમાં પલટી : ૫નાં મોત

હજારીબાગ,તા.૨૧

જિલ્લાના બરઠહ્વા ક્ષેત્રના ગોરહરમાં આજે સવારે ૬ વાગ્યે કોલકાતાથી પટણા જઈ રહેલી યાત્રી બસ પલટી જતા પાંચ લોકોના મોત થયા છે. જયારે બે ડઝનથી વધુ લોકો ઘાયલ થયા છે.

જાણવા મળેલ વિગતો મુજબ સડક નિર્માણ દરમિયાન કંપનીએ સડક કાટ છોડી દીધી હોવાના કારણે બસ અનિયંત્રિત બની ગઈ હોય અને ખાડામાં પલટી ગઈ. યાત્રીઓની ચીસ સાંભળીને આસપાસના ગ્રામીણોએ અને પોલીસે ઘાયલોને બસમાંથી બહાર કાઢયા હતા. મૃતકોમાં સૌથી વધુ મહિલા હતી.

## અલીગઢમાં ટ્રક સાથે ડબલ ડેકર બસ અથડાતા પાંચનાં મોત

### અકસ્માતમાં બસનો કચ્ચરઘાણ : ૧૫ યાત્રીઓ ઘાયલ

નવી દિલ્હી,તા.૨૧

અલીગઢમાં યમુના એકસપ્રેસ પર ગઈકાલે મોડી રાત્રે દર્દનાક અકસ્માત થયો હતો. જેમાં ટ્રક અને ડબલ ડેકર બસની ટકકર થતાં એક માસુમ બાળક સહીત પાંચના મોત થયા છે. જયારે ૧૫ થી વધુ લોકો ઘાયલ થયા છે.આ અંગેની વિગત મુજબ યમુના એકસપ્રેસ હાઈવે પર બુધવારે મોડીરાત્રે લગભગ ૧ વાગ્યે એક ટ્રક અને ડબલ ડેકર બસ વચ્ચે ટકકર સર્જાઈ હતી. જેમાં એક બાળક સહિત પાંચ લોકોનાં મોત થયા હતા.આ ગમખ્વાર અકસ્માતમાં બસની એક સાઈડના ફુરચા નીકળી ગયા હતા. બસ એકસપ્રેસ હાઈવે પર ઝડપથી જતી હતી ત્યારે અચાનક ડ્રાઈવર બસ પરથી નિયંત્રણ ખોઈ બેઠો અને બસ ટ્રક સાથે અથડાઈ ગઈ.અકસ્માત થતાં યાત્રીઓની ચીસોથી વાતાવરણ કંપી ઉઠયુ હતું.

અકસ્માત બાદ બસમાં ફસાયેલા લોકોને બારી તોડીને બહાર કાઢવામાં આવ્યા હતા.જયારે દુર્ઘટના સર્જાઈ ત્યારે યાત્રીઓ નીંદરમાં હતા.અકસ્માતની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસ અને આસપાસના લોકોએ બસમાંથી ફસાયેલા લોકોને બહાર કાઢયા હતા.

## કૈલાસ માન સરોવર યાત્રા પુન : ઉત્તરાખંડથી શરૂ કરવા મંત્રણા

### શિખર સંમેલનમાં ભારત અને ચીનના વિદેશમંત્રી વચ્ચે થયેલી ચર્ચા

નવી દિલ્હી,તા.૨૧

બ્રાઝીલમાં જી-૨૦ શિખર સંમેલન દરમ્યાન જયારે ભારત અને ચીનનાં વિદેશમંત્રી મળ્યા તો તેમણે કૈલાસ માનસરોવર યાત્રા શરૂ કરવા પર પણ વાત કરી હતી.

આ યાત્રા છેલ્લીવાર ૨૦૧૯ માં થઈ હતી. ત્યારબાદથી આ યાત્રા બંધ છે હવે ફરી આ યાત્રા શરૂ થવાના સંકેતો છે.

કૈલાસ માનસરોવર તિબેટમાં છે અને તે હિન્દુઓનુ એક મોટુ ધાર્મિક સ્થાન માનવામાં આવે છે. પારંપારીક રીતે કૈલાસ માનસરોવર યાત્રા ઉતરાખંડના ધારચુલાથી થઈને લિપુલેબ પાસને પાર કરીને થતી રહી છે. પરંતુ સિકકીમથી નાથુલા પાસને પાર કરીને પણ કૈલાસ માનસરોવરનો રસ્તો ખોલવામાં આવ્યો છે.

છેલ્લીવાર આ યાત્રા ૨૦૧૯ માં થઈ હતી ત્યારબાદ કોરોનાના કારણે બંધ થઈ હતી. કોરોના ખતમ થયાના પહેલા જ ઈસ્ટને લદાખમાં એલએસી પર ભારત અને ચીન વચ્ચે વિવાદ શરૂ થઈ ગયો અને ભારત-ચીનના સબંધો બગડી ગયા હતા. ત્યારબાદ ફરી યાત્રા શરૂ થવાનો સવાલ જ નહોતો.

કૈલાસ માન સરોવર યાત્રામાં માત્ર ધાર્મિક આસ્થા નથી જોડાયેલી બલકે ભારત-ચીન બોર્ડર એરિયામાં રહેનારા લોકોની રોજીરોટીનું પણ માધ્યમ હતું. યાત્રા દરમ્યાન અહીના લોકો વર્ષભરની કમાણી કરી લેતા હતા પણ યાત્રા બંધ થવાથી તેમની રોજીરોટીનું સંકટ વધ્યુ હતું. હવે અહીના લોકોને આશા છે કે જુના સારા દિવસો પાછા આવશે.

જે સમયગાળામાં કૈલાસ માન સરોવરની યાત્રા થતી હતી તે સમયગાળો જુનથી ઓકટોબર સુધી ભારત અને ચીન વચ્ચે વેપાર પણ થતો હતો.બોર્ડર એરીયાની ધરમાં ઘાટીમાં રહેનારી સુધા બોહરા જણાવે છે કે અમે લોકો તિબેટની તકલાકોટ મંડીમાં જઈને વેપાર

અનુસંધાન પાના ૭ પર

# સીમાડા-કોસમાડા ટીપી રસ્તા પર ઝુંપડા સહિતના દબાણ નાબુદ

## દબાણો તોડી પાડી ૧૮ મીટરનો રસ્તો ખુલ્લો કરાયો

સુરત, તા.૨૧

ટી.પી.સ્કીમ નં.૯૨ (સીમાડા-કોસમાડા), બ્લોક નં. (આર-૨૦), ફા.પ્લોટ નં.૧૫૦, સીમાડા વાળી મિલ્કતમાં ૧૮.૦૦ મી. પહોળા ટી.પી.રસ્તાને અસર કરતા અંદાજે-૧૫ (પંદર) જેટલા બનાવવામાં આવેલ ઝુંપડાઓ દૂર કરી તેમજ કમ્પાઉન્ડ વોલ, ગોડાઉન, ગેટ દૂર કરી અંદાજે ૨૭૫૧૨.૦૦ ચો.ફુટ રસ્તાનો પ્રત્યક્ષા કબ્જો મેળવી જાહેર જનતા માટે રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે. તથા તેની બાજુમાં આવેલ રીઝર્વેશન (આર-૨૦) માં ગેરકાયદેસર રીતે અંદાજે ૩૫(પાંત્રીસ) જેટલા બનાવવામાં આવેલ હતા તે ઝુંપડાઓ દૂર કરી આશરે ૭૦૦૫.૦૦ચો.ફુટ. જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

સદરહું ટી.પી.સ્કીમ હાલ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવામાં આવેલ છે જેની મંજુરી બાકી છે પરંતુ ટી.પી.સ્કીમનો નકશો જાહેર જનતા માટે પ્રસિધ્ધ થઈ ગયેલ હોય, સદરહું વિસ્તારમાં અસામાજીક તત્વો દ્વારા ટી.પી.રસ્તા અને રીઝર્વેશનમાં આવા પ્રકારના શેડ બનાવવાની પ્રવૃતિ મોટા પાયે શરૂ કરવામાં આવેલ છે. આવી પ્રવૃતિના કારણે ભવિષ્યમાં ટી.પી.સ્કીમના અમલીકરણ દરમ્યાન ટી.પી.રસ્તા/રીઝર્વેશનના કબ્જા ન મળવાના કારણે જનતાને સુવિધા પૂરી પાડવામાં અતિશય તકલીફ પડે તેમ છે. સમગ્ર કામગીરી અત્રેના ઝોનના શહેર વિકાસ વિભાગ તથા સીકયુરીટી સ્ટાફની મદદથી ઝોનના વડા મે.ડે.કમિશ્નરશ્રી(ડી.) ડૉ. રાજેન્દ્ર એમ.પટેલ (IAS) ના માર્ગદર્શન તેમજ ઈ.ચા. કાર્યપાલક ઈજનેરશ્રી કામિનીબેન દોષીના નેતૃત્વમાં પાર પાડવામાં આવેલ છે.

# લીંબાયત ઝોન દ્વારા મદીના મસ્જિદ રોડ પરના દબાણો નાબુદ કરાયા

## પોલીસ બંદોબસ્ત સાથે દબાણો જપ્ત કરાયા

સુરત, તા.૨૧

ગત રોજ તા.૨૦/૧૧/૨૦૨૪ ના રોજ સુરત મહાનગર પાલિકાના સાઉથ ઈસ્ટ (લીબાયત) ઝોન વિસ્તારમાં આવેલ ફાઈનલ ટી.પી સ્કીમ નંબર-૩૯ (ઉધના-લીબાયત) તથા પ્રીલીમીનરી ટી.પી.૪૦ (લિંબાયત-ડીડોલી) ના મારુતિ નગર સર્કલ થી મદીના મસ્જીદ વાળો જુનો મીઠી ખાડી રોડના ૧૫.૦૦ મીટરની પહોળાઈના ટી.પી. રોડની અસરમાં આવતા અંદાજીત ૮૦ દુકાનોના પતરાના શેડ (અંદાજીત ૨૪૦૦.૦૦ ચો.ફૂટ) તથા ૬૦ જેટલી દુકાનોના ઓટલા પ્રકારના (અંદાજીત ૨૦૦૦.૦૦ ચો.ફૂટ) દબાણ દૂર કરી તેમજ રોડ પર પડેલ પરચુરણ સમાન, ૧૫ લારી-ગલ્લા જપ્ત કરી દબાણ દૂર કરી રૂ.૨૨,૫૦૦/- પેનલ્ટી વસુલ લેવામાં આવેલ છે. સદરહુ રસ્તાને ખુલ્લા કરવા માટે પોલીસ બંદોબસ્ત માં ૦૧ પી.આઈ, ૦૨ પી.એસ.આઈ, ૨૦ કોન્સ્ટેબલ ૦૬ ગાડી અને બેલદારો, સીક્યુરીટી સ્ટાફ તથા ટેકનીકલ સ્ટાફની મદદથી દબાણ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા સદર ૧૫.૦૦ મીટર પહોળાઈનો આ રસ્તો ખુલ્લો કરવામાં આવતા સદર વિસ્તાર ખુબજ ગિચ વસ્તી ધરાવતો વિસ્તાર હોય, મારુતિ નગર સર્કલ થી મદીના મસ્જીદ

અનુસંધાન પાના ૭ પર

# એર એમ્બ્યુલન્સ અને સુરત ૧૦૮ સેવાની પ્રશંસનીય કામગીરી

## ઈમજરન્સી સેવાએ વધુ એક દર્દીનો જીવ બચાવ્યો

સુરત, તા.૨૧

૧૦૮ ઈમરજન્સી સેવા છેલ્લા ૧૭ વર્ષથી ગુજરાતમાં લોકોનો જીવ બચાવવાનું કાર્ય કરી રહી છે આ સેવાએ આ ૧૭ વર્ષમાં લાખો લોકોના જીવ બચાવ્યા છે અને એની સફળતા બાદ ઇ એમ આર આઈ ગ્રીન હેલ્થ સર્વિસીસ અને ગુજસેલના સંયુક્ત ઉપક્રમે એર એમ્બ્યુલન્સની પણ શરૂઆત કરવામાં આવી હતી એર એમ્બ્યુલન્સની મદદથી અત્યાર સુધી ૫૨ દર્દીઓને ઈમરજન્સીપા સમયે એર લિફ્ટ કરી હોસ્પિટલ સુધી પહોચાડવામાં આવ્યા છે. આજરોજ મૂળ સુરતના વતની સુનિલાબેન અરવિંદભાઈ શાહ ઉંમર ૭૬ વર્ષ છે કે જેઓ હરિદ્વાર ફરવા ગયેલા અને ત્યાં તેમની બ્રેન સ્ટ્રોક થી તબિયત બગડતા સૌપ્રથમ દહેરાદૂનની હિમાલય હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા અને ત્યારબાદ તેમને દહેરાદુનથી આજે આશરે બપોરે પોણા ત્રણ વાગે એરલીફ્ટ કરી સુરત એરપોર્ટ પર લાવવામાં આવ્યા હતા સુરત એરપોર્ટ પરથી સુરત ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા તેમને સુરતની મૈત્રેય હોસ્પિટલ સાથે ખસેડવામાં આવ્યા હતા આમ ૧૦૮ ઈમરજન્સી સેવા



અને એર એમ્બ્યુલન્સ ના માધ્યમથી વધુ એક દર્દીનો જીવ બચાવવામાં આવ્યો હતો આ એર લિફ્ટ નો સફળ સંકલન ૧૦૮ ઈમરજન્સી સેવાના જિલ્લાના સુપરવાઈઝર રોશન દેસાઈ તેમજ તેમની ટીમે કર્યું હતું




# વિશ્વ દિવ્યાંગ દિવસ નિમિત્તે યુનિવર્સિટીની આગવી પહેલ

## યુનિવર્સિટીમાં પ્રથમવાર વિશ્વ દિવ્યાંગ દિવસની વિશેષ ઉજવણી આયોજન

સુરત, તા.૨૧

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (વી.એન.એસ.જી.યુ.) દ્વારા તા.૩જી ડિસેમ્બરના રોજ પહેલીવાર વિશ્વ દિવ્યાંગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવશે.

વિશ્વ દિવ્યાંગ દિવસની વિશેષ ઉજવણી માટે દિવ્યાંગ એડવોકેટ (ડો.) હેતલબેન રામાણીએ યુનિ.કુલપતિ શ્રી કે.એન.ચાવડાને રજુઆત કરી હતી. જેમાં દિવ્યાંગ પ્રગતિ મંડળના પ્રતિનિધિ દિનેશ અનઘણ, કાળુભાઈ પરમાર અને યુનિવર્સિટી યુથ સાથે સંકળાયેલા પ્રકાશચંદ્રજી હાજર રહ્યા હતા. કુલપતિશ્રીએ દરખાસ્તને મંજૂર કરી, આયોજન માટે યુનિવર્સિટી

અનુસંધાન પાના ૭ પર

# કરાડવાની વિવાદી જમીનમાં સાંઈ આંગન રો-હાઉસનું બાંધકામ શરૂ

## વિવાદી જમીન અંગે સુરત સિવિલમાં દાવો પેન્ડીંગ હોવા છતાં જગામાં બાંધકામ શરૂ કરાતા સુડામાં ફરિયાદ



સુરત, તા.૨૧

સુરત સિવિલ કોર્ટમાં સ્પે.દિન.મુ.નં. ૨૫૮/૨૦૨૪થી અમો અરજદાર દ્વારા હક્ક બાબતે દાવો દાખલ કરેલ છે જે દાવો ચાલી રહ્યો હોવા છતાં દાવાના પ્રતિવાદી દ્વારા બાંધકામ પરવાનગી મેળવ્યા વિના ગેરકાયદે સાઈ આંગન રેસીડેન્સી નામે રો-હાઉસ પ્રકારના ગાળા પાડી એક સરખા મકાનો બનાવી રહ્યા છે તાત્કાલિક ધોરણે અટકાવી સંપૂર્ણ બાંધકામ ઉતારી તેઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવા બાબતે સુડાના સીઈઓને ફરિયાદ કરવામાં આવી છે.

ભારતીય રાષ્ટ્રીય કોંગેસ પક્ષના સુરત શહેરના સિનિયર આગેવાન શ્રી હરીશકુમાર ચંપકલાલ સૂર્યવંશી આ ફરિયાદમાં જણાવ્યું છે કે, સુરત શહેરી વિકાસ સત્તા મંડળ(સુડા ભવન) હદ વિસ્તારમાં સમાવિષ્ટ, સુરત જીલ્લો, ચોર્યાસી-તાલુકો, મોજે કરાડવા ગામના જૂનો રેવન્યુ સર્વે નં-૩૦ ના બ્લોક.નં-૩૯ જેનો બીનખેતી ના હુકમ બાદ સીટી સર્વે ઓફિસ સુસ્ત-૧, વોર્ડ-કરાડવા(બીનખેતી), જીલ્લો સુરતની કચેરી માં સીટી સર્વે નંબર-દ્દછ૩૯ થી મિલકત કાર્ડ બનેલ વાળી બીનખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ ગામ દફતરે સુમારે હેક્ટર ૨-૦૮૦ આરે-૬૪ ચો.મી યાને ૨૮૦૬૪ સમ.ચો.મી થાય છે અને બીનખેતી બાદ બહુહેતુક વપરાશની ૧૬૮૩૮.૪૦ ચો.મી વાળી જમીનના માલિકો નટવરભાઈ પટેલ અને કચનભાઈ પટેલ નાઓએ સદરહુ જમીન પેટે અમારી પાસેથી અવેજ મેળવી

અનુસંધાન પાના ૭ પર

# ચેમ્બર દ્વારા બુક રિવ્યુ સિરીઝમાં પાવરશીફ્ટ પુસ્તક અંગે છણાવટ

## ઔદ્યોગિક અર્થતંત્રથી જ્ઞાન આધારિત અર્થતંત્ર તરફ પરિવર્તન થઈ રહ્યું છે : શ્રી સિદ્ધાર્થ દવે

સુરત, તા.૨૧

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુક રિવ્યુ સિરીઝ અંતર્ગત મંગળવાર, તા. ૧૯ નવેમ્બર, ૨૦૨૪ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'પાવરશીફટ'પુસ્તક સંદર્ભે સેશન યોજાયું હતું, જેમાં માર્કસકસેસ પ્રા.લિ.ના ડિરેકટર તેમજ ફોરેન પોલિસી એન્ડ નેશનલ સિકયુરિટીના કોલમીસ્ટ શ્રી સિદ્ધાર્થ દવેએ, અલવીન ટોફલર દ્વારા લખાયેલા પુસ્તક 'પાવરશીફટ'સંદર્ભે સુરતના ઉદ્યોગ સાહસિકો અને વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી પુસ્તકમાં લખાયેલા મુખ્ય મુદ્દાઓ રજૂ કર્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ આ સેશનમાં સર્વેને આવકારી જણાવ્યું હતું કે, પાવરશિફટ પુસ્તક, સામાજિક વિકાસમાં જ્ઞાન કેવી રીતે પરિવર્તન લાવી શકે છે તે અંગે સમજાવે છે. આજના સમયમાં અલવીન ટોફલરના વિચારોનો સંબંધ સ્પષ્ટ થતો દેખાય છે. કારણ કે, આજના ટેકનોલોજીવાળા યુગમાં હવે બિગ ડેટા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને સોશિયલ મિડિયા દ્વારા પાવરની ગતિશિલતા બદલાતી દેખાઇ રહી છે. આ પુસ્તક સમજાવે છે કે, માહિતીનો ઉદય કેવી રીતે જીવનના દરેક ક્ષેત્રમાં બદલાવ લાવી રહયો છે. પાવરશિફટ, વિશ્વમાં બદલાતા પાવરના સ્વરૂપને સમજવા દિશાનિર્દેશ કરે છે.વકતા શ્રી સિદ્ધાર્થ દવેએ પાવરશિફટ પુસ્તક સંદર્ભે વાત કરતા જણાવ્યું હતું કે, પહેલાના યુગમાં પાવર એ મસલ (બળ) અને સંપત્તિ પર આધારિત હતો, પરંતુ

અનુસંધાન પાના ૭ પર



# અદાણી ફાઉન્ડેશન દ્વારા નવજાત શિશુ સંભાળ સપ્તાહની ઉજવણી

સુરત, તા.૨૧

સમગ્ર વિશ્વમાં ૧૫ થી ૨૧ નવેમ્બર દરમિયાન રાષ્ટ્રીય નવજાત શિશુ સંભાળ સપ્તાહ તરીકે ઉજવવામાં આવે છે. આ ઉજવણી સંદર્ભે સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં અદાણી ફોઉન્ડેશન ટીમ તથા આઈ.સી.ડી.એસ. વિભાગે સાથે મળીને રાષ્ટ્રીય નવજાત શિશુ સંભાળ સપ્તાહની ઉજવણી કરી હતી.

અદાણી ફાઉન્ડેશન દ્વારા સરકારના આઈ.સી.ડી.એસ. સાથે મળીને ઉમરપાડા તાલુકામાં એપ્રિલ ૨૦૨૪થી પ્રોજેક્ટ ફોર્ચ્યુન સુપોષણની શરૂઆત કરીને કુપોષણના પ્રમાણને ઘટાડવા માટેના સઘન પ્રયત્નો કરી રહ્યા છે. હાલમાં ૧૫ થી ૨૧ નવેમ્બર જે આખા વિશ્વ માં રાષ્ટ્રીય નવજાત શિશુ સંભાળ સપ્તાહ તરીકે ઉજવવામાં આવે છે ત્યારે ઉમરપાડામાં પણ તેની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણી દરમિયાન સગર્ભા બહેનો, ધાત્રી બહેનોને અદાણી ફોઉન્ડેશન દ્વારા એક કીટ પણ આપવામાં આવી હતી. આ કીટમાં બાળક માટે ગરમ રૂમાલ, માલિશ માટે તેલ અને બાળક અને માતા બંનેની સ્વછતા માટે સાબુ હતું. આ ઉપરાંત નવજાત શિશુની સારસંભાળ અંગેની જાગૃતતા વધે એ માટે વિવિધ જાગૃતતા રેલી, ફેમિલી કોઉન્સેલિંગ, ગ્રુપ ચર્ચા જેવા કાર્યક્રમો સપ્તાહ દરમિયાન સમગ્ર તાલુકામાં યોજવામાં આવ્યા હતા. ઉજવણી દરમિયાન સૌએ સાથે મળીને સંકલ્પ કર્યો કે સૌના સહિયારા પ્રયાસ દ્વારા ઉમરપાડા તાલુકાને આગામી સમયમાં ચોક્કસ કુપોષણ મુક્ત બનાવીશુ.

# ટેનીસ રમતના ખેલાડીઓને વિદેશી કોચ દ્વારા તાલિમ અપાશે

સુરત, તા.૨૧

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત અને અલ્ટેવોલ એલેકઝાન્ડર વાસ્કે ટેનીસ યુનિવર્સિટી વચ્ચે અમદાવાદ ખાતે ટેનીસ રમતનું બિન-નિવાસી કેન્દ્ર શરૂ કરવા માટે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. જે અનુસંધાને શુકન- ૬, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ ખાતે કાર્યરત અલ્ટેવોલ એલેક્ઝાન્ડર વાસ્કે ટેનીસ યુનિવર્સિટી ખાતે ૧૦થી ૧૪ વર્ષના ટેનીસ રમતના ખેલાડી ભાઈઓ - બહેનોની પસંદગી માટે વિદેશી કોચ દ્વારા વિના મુલ્યે તાલીમ આપવા તા.૨૫/૧૧/૨૦૨૪ થી તા.૦૬/૧૨/૨૦૨૪ સુધી સવારે ૧૦ કલાકથી પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે.

રસ ધરાવતા તમામ ટેનીસ રમતના ખેલાડીઓએ તા. ૨૪/૧૧/૨૦૨૪ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવી, જરૂરી પ્રમાણપત્રો (જન્મનો પુરાવો,

અનુસંધાન પાના ૭ પર




# ૭૭મો વાર્ષિક નિરંકારી સંત સમાગમનું સફળતાપૂર્વક સમાપન

## સુરત ગુજરાતના નિરંકારી ભક્તો દેવી ઉપદેશ અને આનંદ લઈને પરત ફર્યા

સુરત, તા.૨૧

હરિયાણાના સમાલખા સ્થિત સંત નિરંકારી આધ્યાત્મિક સ્થળ ખાતે આયોજીત ત્રિદિવસીય વાર્ષિક નિરંકારી સંત સમાગમ સતગુરુ માતા સુદીક્ષા જી મહારાજના પાવન આર્શિવાદ સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો. આ સંત સમાગમમાં સુરત તથા ગુજરાતમાંથી લગભગ વીસ હજાર કરતાં વધુ શ્રદ્ધાળુઓએ ભરપુર આનંદ પ્રાપ્ત કરીને પરત ફર્યા છે. આ ત્રિદિવસીય સંત સમાગમમાં સમગ્ર ભારત તથા વિશ્વના સિત્તેર કરતાં વધુ દેશોમાં વસતા આઠ લાખથી વધુ શ્રદ્ધાળુ ભક્તજનો ભાગ લઈ સંત સમાગમનો ભરપૂર આનંદ લીધો હતો.સમાગમના બીજા દિવસે

અનુસંધાન પાના ૭ પર

# સંજાલી-પાનોલી નવા ટ્રેક પર ગુડ્સ ટ્રેન દોડી

અંકલેશ્વર, તા.૨૧

વડોદરા રેલવે ડિવિઝનમાં સંજાલી - પાનોલી કનેક્ટિંગ લાઇન પર પ્રથમ ગુડ્ઝ ટ્રેન સફળતાપૂર્વક દોડાવવામાં આવી હતી.દિલ્હી - મુંબઈ વેસ્ટન ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોરનો ગૂડ્સ વડોદરા રેલવે ડિવિઝનમાં સંજાલી - પાનોલી કનેક્ટિંગ લાઇન પર પ્રથમ ગુડ્ઝ ટ્રેન સફળતાપૂર્વક દોડાવવામાં આવી હતી. દિલ્હી - મુંબઈ વેસ્ટન ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોરનો લાભ અંકલેશ્વરની પાનોલી GIDC અને આસપાસના ઉદ્યોગોને રેલવે જોડાણ મળે તે માટે સંજાલી પાનોલી કનેક્ટેડ લાઈન વિકસાવવામાં આવી છે. જેની સફળ ટ્રાયલ લઈ વડોદરા DRM અને અન્ય અધિકારીઓની ઉપસ્થિતિમાં ટ્રેનનો પ્રારંભ કરાયો છે. આ રૂટ પર માલગાડી શરૂ થતા માલ પરિવહન મજબૂત બનવા સાથે સ્થાનિક ઉદ્યોગોને સસ્તી અને ઝડપી પરિવહન સેવા ઉપલબ્ધ થઈ છે.




# અમરોલીમાંથી ૨૨ વર્ષીય યુવતી લક્ષ્મીબેન લાપતા

સુરત, તા.૨૧

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૨૭/૧૦/૨૦૨૪ના રોજ અમરોલી વિસ્તારનાં રહે-બિ.નં -૮૩/બી/૧૩ એચ -૦૧ કોસાડ આવાસ અમરોલી સુરત ખાતે રહેતી લક્ષ્મીબહેન કોઈ ને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે.જેમની ઉંમર ૨૨ વર્ષની છે. જેઓ શરીરે મધ્યમ બાંધાના રંગે ઘઉંવર્ણ છે.જેમની ઉંચાઈ ૦૫.૦૫ફૂટ છે.જેણે શરીરે કાળા કલરનો ડ્રેસ તથા ગ્રીન કલરનો દુપટ્ટો પહેરેલ છે.જેઓ ગુજરાતી, મરાઠી અને હિન્દી ભાષા જાણે છે, જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# અમરોલીમાંથી ૨૧ વર્ષની યુવતી મનીષાબેન લાપતા

સુરત, તા.૨૧

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૪/૧૧/૨૦૨૪ના રોજ અમરોલી વિસ્તારનાં રહે-ઘર નં -૧૮૭૦ શ્રીરામ નગર ગુ.હા.બોર્ડ સાયણ રોડ અમરોલી સુરત ખાતે રહેતી મનીષાબહેન કોઈ ને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે.જેની ઉમર ૨૧ વર્ષની છે. જેઓ શરીરે પાતળા બાંધાના રંગે ઘઉંવર્ણની છે. જેની ઉચાઇ ૦૪.૦૭ ફૂટ છે. જેણે શરીરે સફેદ કલરનો ડ્રેસ કાળા કલરની લેગીસ તથા રાખોડી કલરનો દુપટ્ટો પહેરેલ છે. જે ગુજરાતી ભાષા જાણે છે. જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# અમરોલીમાં રહેતી ૨૩ વર્ષની યુવતી નિતા બહેન લાપતા

સુરત, તા.૨૧

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૬/૧૧/૨૦૨૪ના રોજ અમરોલી વિસ્તારનાં રહે-ઘર નં -૬૪ ,કૈલાસ રો હાઉસ માધવ બાગ સ્કુલની સામે સતાધાર ચોકડી અમરોલી સુરત ખાતે રહેતી નીતાબહેન કોઈ ને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે.જેની ઉમર ૨૩ વર્ષની છે.જે શરીરે મધ્યમ બાંધાના રંગે ઘઉંવર્ણ છે.જેની ઉચાઇ ૦૫.૦૦ ફૂટ છે જેમણે શરીરે સફેદ કલરનો ડ્રેસ પહેરેલ છે. જે ગુજરાતી ભાષા જાણે છે. જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# સ્વ. સુલ્લુ ભરૂચાને ઓલ સ્પોર્ટ્સ એસો. દ્વારા ભાવભિની શ્રદ્ધાંજલી

## રમત ગમતમાં સ્વ.સુલ્લુ ભરૂચાના યોગદાનની સ્મિૃતી કરતા અગ્રણીઓ

સુરત, તા.૨૧




સુરત ડિસ્ટ્રિક્ટ એસોસિએશન ઓલ સ્પોટ્સ તથા સુરત ડિસટીક ફૂટબોલ એસોસિએશન દ્વારા રાંદેરના રમતવીર શ્રી સ્વ. સુલ્લુ ભરૂચા સાહેબને આજરોજ સૂર્યા હેલ્થ ક્લબ ખાતે શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. સુરત શહેરના વિવિધ એસોસિયેશનના હોદ્દેદારો હાજર રહી સ્વ. ભરૂચા સાહેબની કામગીરીને અને તેમની સાથેના. સંબંધોને મિત્રતાને યાદ કરી સુરત ડીસ્ટ્રીક ફૂટબોલ એસોસિએશન ના પ્રમુખશ્રી દીપકભાઈ દુધવાલા મંત્રીશ્રી કમલેશભાઈ સેલર એસ વીએનઆઈટીના શ્રી દત્તા સાહેબ રાંદેર ઈસ્માઈલ જીમખાનાના શ્રી અબ્બાસ હાંસ, ગુજરાત ફૂટબોલ

અનુસંધાન પાના ૭ પર

# ચંદ્રમોલેશ્વર મહાદેવ શિવાલયના નવનિર્માણ કાર્યનો સોમવારથી પ્રારંભ

## તા.૨૫મીએ અંકલેશ્વરના સજોદ ગામના પૌરાણિક મંદિરનો શિલાન્યાસ કાર્યક્રમ

અંકલેશ્વર , તા.૨૧

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના સજોદ ગામમાં આવેલા અતિ પૌરાણિક શ્રી ચંદ્રમોલેશ્વર મહાદેવ મંદિરના નવનિર્માણ અર્થે આગામી તારીખ ૨૫ મી નવેમ્બરના સોમવારના રોજ નુતન મંદિરના બાંધકામના આરંભ અર્થે શિલાન્યાસ વિધિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. નવા સાકાર થનારા શિવાલયની શિલાન્યાસ વિધિ સવારે આઠ કલાકથી બપોરે ૧૧ વાગ્યા સુધી યોજાશે .આ કાર્યક્રમમાં રાજકીય તથા

અનુસંધાન પાના ૭ પર

## ચંદ્રમોલેશ્વર શિવાલયનો ઉલ્લેખ માર્કંડેય અને સ્કંધ પુરાણમાં પણ છે

### અતિ દુર્લભ ષષ્ટકોણ શિવલિંગની પૂજા કરવાથી શ્રદ્ધાળુઓની મનોકામના પૂર્ણ થાય છે

અંકલેશ્વર, તા.૨૧

અતિ પ્રાચીન ચંદ્રમોલેશ્વર મહાદેવ મંદિરના મહંત પૂજ્ય શ્રી વિનોદ બાપૂ શાસ્ત્રી મહારાજના જણાવ્યું મુજબ ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના સજોદ ગામમાં અતિ પૌરાણિક શ્રી ચંદ્રમોલેશ્વર મહાદેવ ભગવાનનું મંદિર આવેલું છે. આ ચંદ્રમોલેશ્વર મહાદેવ મંદિર ની વિશેષતા એ છે કે મંદિરમાં અતિ દુર્લભ શિવલિંગ ષષ્ટકોણ આકારનું છે દરેકનું કલ્યાણ કરનારા શ્રી ચંદ્રમોલેશ્વર મહાદેવ મંદિર નો ઉલ્લેખ સ્કંધ પુરાણ અને માર્કંડ્ય પુરાણમાં પણ દર્શાવાયો છે અનેક ઋષિમુનિઓએ ચંદ્રમોલેશ્વર ભગવાનની તપસ્યા આરાધના કરી હોવાની પૌરાણિક કથાઓ પણ સાંભળવામાં આવે છે. સ્કંધ પુરાણ અને માર્કંડય પુરાણ ના ઉલ્લેખ મુજબ આ મહાદેવ નું નામ મયુરેશ્વર મહાદેવ હતું જે અપભ્રંશ થઈને મોલેશ્વર મહાદેવ મંદિર થયું અને હવે શ્રી

અનુસંધાન પાના ૭ પર

# નવોદય વિદ્યાયમાં ધો.૯ તથા ૧૧માં એડમિશન સંદર્ભે સૂચના

સુરત, તા.૨૧

જવાહર નવોદય વિદ્યાલય સમિતિ દ્વારા ૨૦૨૫-૨૬ના શૈક્ષણિક વર્ષ માટે ધોરણ ૯ અને ૧૧માં પ્રવેશ માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા.૨૬ નવેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. આ પ્રવેશ પ્રક્રિયા વિવિધ ખાલી બેઠકો માટે પ્રવેશ પરીક્ષાના માધ્યમથી કરવામાં આવશે. ઉમેદવારોને ફી વગર નોંધણી માટે સંસ્થાની અધિકૃત વેબસાઈટની મુલાકાત લેવી અનિવાર્ય છે. ધો.૯ની નોંધણી માટે: https://cbseitms.nic.in/2024/nvsix અને ધો. ૧૧ની નોંધણી માટે: https://cbseitms.nic.in/2024/nvsxi_11/ આ લિકંનો ઉપયોગ કરી શકાશે. જો અરજી દરમિયાન કોઈ માહિતીમાં ભૂલ થઈ હોય, તો પત્રમાં લિંગ, કેટેગરી (જનરલ / OBC/SC/ST), વિસ્તાર (ગ્રામ્ય/શહેરી), અપંગતા અને


અનુસંધાન પાના ૭ પર

### બી એલર્ટ : બ્લડપ્રેશર, ડાયાબિટીસ દર્દીની રેટિના ખરાબ થવાનો ભય

# રેટિનાની તપાસથી બિમારીની ઓળખ

## આંખમાં વધારે પ્રમાણમાં રક્તસ્ત્રાવથી પૂર્ણ આંધળાપણાનો ખતરો રહેલો છે : બ્લડ શુગર રેટિનાને સ્પષ્ટરીતે પ્રભાવિત કરે છે

રેટિનાની તપાસથી બિમારીની ઓળખ થઇ શકે છે. તબીબોના કહેવા મુજબ બ્લડ પ્રેશર, કોલેસ્ટ્રોલ અને ડાયાબિટીસના દર્દીની રેટિના વહેલી તકે ખરાબ થવાનો ખતરો રહે છે. તબીબો એમ પણ કહે છે કે આંખમાં વધારે પ્રમાણમાં રક્તસ્ત્રાવ થાય તો પૂર્ણ આંધળાપણાનો ખતરો રહે છે. બી અલર્ટ રહેવાની તાકીદની જરૂર હોય છે. રેટિનાને બ્લડ શુગર પ્રભાવિત કરે છે. નિષ્ણાંત તબીબો કહે છે કે ઈન્સુલિન જ્યારે બનતુ નથી અથવા તો ઈન્સુલિન બનવાનુ પ્રમાણ ઓછુ હોય છે ત્યારે ગ્લોકોજનુ પ્રમાણ કોશિકામાં પહોંચી શકતુ નથી. તે લોહીમાં ભળી જાય છે. બ્લડ શુગરના દર્દીના રક્તમાં ગ્લોકોઝનુ સ્તર જે વધી જાય છે તે રક્તની નળીઓને નુકસાન કરે છે. તબીબોના કહેવા મુજબ ડાયબિટિક રેટિનોપૈથી એક પ્રકારની બિમારી છે. જે બ્લડ શુગર સાથે પિડિત વ્યક્તિની રેટિનાને પ્રભાવિત કરે છે. આ રેટિનાને લોહી પહોંચાડનાર ખુબ પાતળી નસો ક્ષતિગ્રસ્ત હોવાના કારણે સ્થિતી સર્જાય છે. સમય પર સારવાર ન કરાવવાની સ્થિતીમાં પૂર્ણ આંધળા થવાનો ખતરો રહે છે. ડાયાબિટીસના આવા ૪૦ ટકા દર્દી આ બિમારીથી ગ્રસ્ત રહે છે. દુનિયામાં આંધળાપણા માટેનુ આ સૌથી મોટુ કારણ છે. વિશ્વ આરોગ્ય સંગઠને પોતાના વિઝન ૨૦૨૦માં આને સામેલ કરવાનો નિર્ણય કર્યો છે. હાઇ કોલેસ્ટ્રોલ અને બ્લડ પ્રેશરન દર્દીઓને પણ આ બિમારી થવાનો ખતરો રહે છે. રેટિના આંખની અંદર ના ભાગમાં સ્થિત





એક પ્રકાશ સંબંધી નાજુક પરત છે. જે પ્રકાશની મદદથી વસ્તુની છાપ નિર્માણ માટે મસ્તિષ્ક સાથે જોડાયેલી હોય છે. ટાઇપ-૧ ડાયાબિટીસમાં શરીર ઈન્સુલિનનો યોગ્ય પ્રમાણમાં ઉપયોગ કરી શકતા નથી. ઈન્સુલિન કોશિકા મારફતે ગ્લુકોઝ શરીરમાં પહોંચાડે છે. તે કોશિકા સુધી ન પહોંચવાના કારણે જટિલ સ્થિતી સર્જાય છે. લહીમાં ભળી જાય છે. દર્દીના રક્તમાં શર્કરાનુ સ્તર વધી જવાના કારણે રક્ત નસો ક્ષતિગ્રસ્ત થાય છે. આના કારણે રક્તસ્ત્રાવ શરૂ થઇ જાય છે. રેટિનામાં સોજા આવી જાય છે. રેટિનાને પુરતા પ્રમાણમાં ઓક્સીજન અને પોષક તત્વો મળી શકતા નથી. શરૂઆતમાં આંખમાંથી ધુંધળુ દેખાય છે. સમયસર સારવાર ન કરાવવાની સ્થિતીમાં આંધળાપણાનો ખતરો હોય છે. કેટલીક વખત ડાયબિટિક રેટિનોપૈથીથી ગ્રસ્ત વ્યક્તિની નજર સ્પષ્ટ હોય છે અને તેને બિમારી સાથે સંબંધિત કોઇ લક્ષણ દેખાતા નથી. ડાયાબિટીસ નિષ્ણાંત તબીબોની સલાહ લેવી જોઇએ. સાથે સાથે આંખની ચકાસણી કરાવવી જોઇએ. આ ચકાસણીના ભાગરૂપે પરદાથી તપાસ કરવામાં આવે છે. રક્તસ્ત્રાવથી પહેલા માહિતી મેળવી લેવામાં આવે છે. સારવારની વાત કરવામાં આવે તો આમાં લેજર કિરણની મદદથી આંખની નસથી રક્તસ્ત્રાવ અને અસામાન્ય નસોને વિકસિત થવા રોકવા માટે રક્તવાહિનીને સીલ કરવામાં આવે છે. ઈન્જેક્શનનો ઉપયોગ કરવામાં આવે છે. આંખમાં ઈન્જેક્શનથી દવા નાંખવામાં આવે છે. જે ડાયાબિટિક રેટિનોપેથીથી આંખને થનાર નુકસાનને રોકે છે. મેક્યુલામાં વધારે સોજા અથવા તો લેજર સારવાર બાદ રક્તસ્ત્રાવ હોવાની સ્થિતીમાં આનો ઉપયોગ કરવામાં આવે છે.

ઓપરેશન પણ કરવામાં આવે છે. જેના ભાગરૂપે આંખમાં રક્ત ભરવાથી પારદર્શી વિટ્રીઅસ જેલી ધુંધળી બની જાય છે. ટ્રેક્શનલ રેટિનલ ડિટેચમેન્ટ થઇ જાય છે. તેમાં લેજર સારવાર કામ કરતી નથી. આવી સ્થિતીમાં વિટ્રેક્મી ઓપરેશન કરવામાં આવે છે. આ પ્રકારની સારવાર વેળા અને પહેલા નિયમિત રીતે કેટલીક બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તો બિમારીને રોકી શકાય છે. નિષ્ણાંત તબીબો કહે છે કે બિમારીના લક્ષણની વાત કરવામાં આવે તો મેક્યુલામાં સોજાના કારણે દ્રષ્ટિ ધુંધળી બને છે. મચ્છરા જેવી આકૃતિ દેખાય છે. ચશ્માના નંબર વારંવાર બદલાતા રહે છે. આંખમાં ઈન્ફેક્શન પણ થતા રહે છે. સવારે ઉઠ્યા બાદ ઓછા પ્રમાણમાં દેખાય છે. માથામાં દુખાવા પણ રહે છે. આ તમામ સામાન્ય લક્ષણ તરીકે છે. નિષ્ણાંત તબીબો એમ પણ કહે છે કે આંખની નિયમિત તપાસ કરાવવી જોઇએ. પાંચ વર્ષથી ડાયાબિટીસ છે તો દર ત્રીજા મહિનામાં તપાસ કરવાની જરૂર હોય છે. બ્લડ શુગરના નિયંત્રણ પણ ખુબ જરૂરી છે. હાઇ બ્લડ પ્રેશર અને કોલેસ્ટ્રોલ નિયંત્રણમાં રાખવામાં આવે તે જરૂરી છે. .

## એડવાન્સ તબીબી તપાસ કરવામાં આવે છે, રેટિનોપેથી બે પ્રકારની છે

ડાયબિટિક રેટિનોપેથી બે પ્રકારની હોય છે. બેકગ્રાઉન્ડ ડાયબિટિક રેટિનોપૈથીમાં આંખના પરદાની અંદર રક્તવાહિનીઓ ફુલી જવાના કારણે આંખમાં રક્ત અથવા તો પ્રવાહી પદાર્થ સ્ત્રાવ થાય છે. પ્રોલિફરેટિવ ડાયબિટિક રેટિનોપેથીમાં અસામાન્ય નવી રક્તવાહિનીઓ પરદા પર ઓપ્ટિક નર્વ અથવા તો વિટ્રીઅસ અથવા તો પરદાના આગળના ખાલી સ્થાન પર ફેલાવવા લાગી જાય છે. નસના ફાટવાથી રક્તસ્ત્રાવ થાય છે. જેના કારણે વિટ્રી અસ જેલીમાં ભરાઇ જાય છે. રોશની આંખના પરદા સુધી પહોંચી શકતી નથી. આંખની સામાન્ય ચકાસણીથી ડાયબિટિક રેટિનોપેથીની ઓળખ થઇ શકતી નથી. રિપોર્ટમાં તેના લક્ષણ કેટલીક વખત દેખાતા નથી. આના માટે રેટિનાના રંગીન ફોટા અને ફલોરેસિન એન્જિયોગ્રાફી કરવામાં




આવે છે. આ ઉપરાંત ઓપ્ટિકલ કો હેરેન્સ ટોમોગ્રાફી ઓસીટી તપાસ કરવામાં આવે છે. આ અતિ આધુનિક તપાસની એક પદ્ધિતી છે.

આમાં પરદાની અંદરની તપાસ કરવામાં આવે છે. સાથે સાથે રહેલી બિમારી અંગે માહિતી મેળવી લેવામાં આવે છે. આધુનિક ભાગદોડના સમયમાં મોટા ભાગના લોકોને કેટલીક સમસ્યા રહેવા લાગી ગઇ છે. જેમાં બ્લડ પ્રેશર અને ડાયાબિટીસની બિમારીનો સમાવેશ થાય છે. અસ્ત વ્યસ્ત લાઇફસ્ટાઇલ અને કોઇ પણ કામના કોઇ સમય નહીં હોવાના કારણે આ તકલીફ થતી રહે છે. આવી સ્થિતીમાં જાણકાર તબીબો કહે છે કે દરેક બિમારીને દુર રાખવા માટે સૌથી પહેલા તો લાઇફસ્ટાઇલ નિયમિત બનાવી દેવાની જરૂર હોય છે. સમયસર ભોજન કરવા અને સમયસર ઉંઘી જવાની બાબત દરેક વ્યક્તિ માટે ઉપયોગી છે.





# મિજાજ મસ્તીઃ બંદૂકથી બગીચા સુધી કેવા રે મળેલા મનના મેળ

‘અહંકારક’ ને ‘કહંકારક’, ૨ આદિવાસી પાત્રો. ‘કહંકારક’ એ વાર્તા કહેનાર કથાકાર છે ને ‘અહંકારક’ છે વાર્તા સાંભળનાર રસિયો. વરસો સુધી બેઉ એકમેકના વિરહમાં વિતાવે છે ને આખરે એકબીજાને શોધવા ભયાનક જંગલમાં ભટકે છે. પછી એક તળાવ પર બેઉ અચાનક મળે છે અને ‘કહંકારક’ ઉત્સાહથી એક પછી એક વારતાઓ કહેવા માંડે છે. ‘અહંકારક’ ખૂબ આતુરતાથી કથારસ માણે છે. એમાં ને એમાં બેઉ ભૂખ-તરસ સુધ્ધાં ભૂલી જાય છે. દિનરાત વાર્તાઓમાં બેઉ એવા તે મગ્ન થઈ જાય છે કે ખાધા-પીધા વિના બેઉ બેભાન થઈને અંતે ત્યાં જ મરી જાય છે.

આ બાજુ એમની પત્નીઓને પોતપોતાના પતિ માટે ચિંતા થાય છે. હવે બંને પત્ની જંગલમાં શોધવા નીકળે છે. ટાઢ-તડકો, વાવાઝોડું, વરસાદ, જંગલનો દાવાનળપ.બધું પાર કરીને બેઉ પત્નીને પેલા તળાવ પાસે પતિઓના માત્ર હાડપિંજરો મળે છે. આ જોઇ ને બેઉ દુઃખિયારીઓ મૂંઝાઈ જાય છે કે કયું હાડપિંજર કોનું છે? એવામાં ત્યાં એક સાધુ પસાર થાય છે.

પત્નીઓ સાધુનાં ચરણે પડીને પૂછે છેઃ ‘મહારાજ, આમાં કયું હાડપિંજર કોનું?-એ કેવી રીતે ઓળખવું?’સાધુ હસીને કહે છે, ‘બહુ સહેલું છે. વજન કરો, જે હાડપિંજર ભારે છે તે ‘અહંકારક’ છે , કારણ કે એ જ્ઞાનનો સંગ્રહ કરતો હતો ને જેનું ‘હાડપિંજર’ હળવું છે છે- એ ‘કહંકારક’ છે, જે જ્ઞાનની ભેટ આપીને હળવો થયેલો. પણ હા, બેઉમાંથી કોઇને નાનો કે મોટો માનશો નહી. એ બંને એકબીજા વિના અધૂરા હતા, જ્યારે એકબીજાને મળ્યા ત્યારે જ એમનાં જીવનનું કાર્ય પૂર્ણ થયું ને એટલે જ બેઉ સાથે જ ગુજરી ગયા.’આ ‘વારલી આદિવાસી બોધકથા’માં એકમેક વિના બે અધૂરાંઓના જીવનની ગૂઢ વાત કેવી સરળતાથી વર્ણવી છે, પણ તમને થશે કે આજે આ કથા કેમ?ઉસકો કસમ લગે જો બિછડ કે એકપલ ભી જીયે,હમ બને, તુમ બને, એકદૂજે કે લિયે (આનંદ બક્ષી)આદિવાસી બોધકથામાં તો બે પુરુષની વાત હતી પણ એકમેકવિના અધૂરા એવા અજીબ કપલની રક્તરંજિત રોમેંટિક કથા આજે માંડવી છે.ઉરગ્વે જેવા નાનકડા દેશમાં ૧૯૭૦ના દાયકામાં જોસ મુહિકા અને લુસિયા ટોપોલેન્સ્કી, એક હિંસક ડાબેરી પાર્ટી ‘ટુપામારોસ’નાં મેંબર્સ હતાં. જોસ સશસ્ત્ર બળવાખોરોના ગ્રુપનું નેતૃત્વ કરતો, જ્યારે લુસિયા નકલી દસ્તાવેજો બનાવવામાં એક્સપર્ટ. સરકાર વિરોધી પણ સમાજ તરફી લક્ષ્ય સાધવા બંનેએ મળીને સાથે બેંકો લૂંટી, અનેકવાર જેલો ભાંગી. સામ્યવાદના આદર્શ ખાતર ગમે તેવા ગુનાઓ કરવાથી બેઉ અચકાતા નહી, કારણ કે એમનું સામ્યવાદી ગ્રુપ, દમનકારી ક્રૂર સરકાર સામે લડતું, જેણે ઉરુગ્વે પર વરસોથી કબજો કરેલો.જોસ ૩૭ વર્ષનો અને લુસિયા ૨૭ની હતી ત્યારે એક ખૂંખાર ગુપ્ત ઓપરેશન કે બૉંબ-કાંડ દરમિયાન એકબીજાને પહેલીવાર મળ્યા. આજે ૮૯ વર્ષના જોસ, લુસિયા સાથેની લવ-સ્ટોરી મમળાવતાં કહે છેઃ ‘અમને બેઉને લોહિયાળ યુદ્ધ વચ્ચે પેશનેટ પ્રેમ થયેલો. અમારી પહેલી રાત બોંબધડાકા ને ગોળીબાર વચ્ચે પહાડી પર સંતાઇને વિતાવવી પડેલી. પછી અમને બેઉને જેલમાં પૂરવામાં આવ્યાં. જેલમાં અમારા પર સતત ખૂબ ત્રાસ ગુજારવામાં આવતો. અલગ અલગ જેલમાં અમે બેઉએ સરકારી દમન સહીને પૂરા ૧૩ વર્ષ કાઢ્યા. જેમાં ફક્ત ૧ જ પત્રની આપ-લે અમે કરી શક્યાં. બાકીનાં લેટર્સને તો જેલના ઑફિસરો જપ્ત કરી લેતા! ’વિચાર કરો, બે પ્રેમી વચ્ચે ૧૩-૧૩ વરસમાં માત્ર ૧ જ પત્ર! પછી ૧૯૮૫માં ઉરુગ્વેની સરમુખત્યારશાહી આથમી. જોસ-લુસિયા, જેલમાંથી છૂટ્યાં. ૧૩ વરસે ફરી એકમેકને મળ્યા પણ એમનો પ્રેમ એવો જ જીવંત ને અકબંધ હતો. ત્યાર બાદ, જોસ ને લુસિયાએ એમના સાથીઓને લઈને ઉરુગ્વેને વિશ્ર્વની સૌથી મજબૂત લોકશાહી બનાવવાની રાજકીય લડત આદરી અને એમાં સફળ પણ થયાં. આ બધા સંઘર્ષમાં જોસ અને લુસિયા, જેલમાંથી છૂટીને ૨૦-૨૦ વર્ષ સાથે તો રહ્યા પણ કદી લગ્ન ના કર્યા. ૨૦૦૫માં એક ટી.વી. શોના ઈન્ટરવ્યુમાં જોસે અચાનક જાહેર કર્યુંઃ‘અમે લગ્ન કરવા જઈ રહ્યા છીએં!’-ત્યારે લુસિયાને અણધારી સરપ્રાઇઝ મળી. સાદાઈથી થયેલ લગ્નની રાતે પણ બેઉ હનીમૂનમાં ગયા નહીં, પણ પ્રતિબદ્ધ રાજકારણીની જેમ રાજકીય રેલીમાં ગયેલા! ૨૦૦૯માં જોસ, ઉરુગ્વેના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા અને લુસિયા ૨૦૧૭માં ઉપ-રાષ્ટ્રપતિ બની.હિંસાથી લોકશાહી સુધીનાં આવા ઊબડખાબડ રાજકીય જીવન ઉપરાંત, પાછલી ઉંમર વિતાવવા એમણે ઉરુગ્વેની બહાર નાનું ફાર્મ-હાઉસ બનાવ્યું, જ્યાં બેઉ ફૂલો ઉગાડતા અને સાવ નોર્મલ લોકોની જેમ ફૂલોને બજારમાં વેંચવા જતાં.કોઇ કલ્પના કરી શકે કે આપણે ત્યાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ કે પી.એમ.ને આવી સાદગી ફાવે? ૧૩-૧૩ વરસ જેલમાં રહેવાથી બાળકો થવાની ઉંમર તો વિતી ગયેલી એટલે પછી ફાર્મહાઉસમાં અનેક કૂતરાંઓને બાળકોની જેમ ઉછેરવા લાગ્યા. જે હાથોમાં બંદૂક હતી એ હાથોમાં ફૂલ આવ્યા ને જે લોકો બેંકો લૂંટતા એ બજારમાં મામૂલી સ્ટોલ રાખતા. હિંસક આદોલન કરનારા કૂતરાંઓને ચાહવા લાગ્યા!





# કુદરતનો અલાયદો આવાસ હિમાલયનો આલીશાન વૈભવ – વિશ્વ પ્રસિદ્ધ બરફા છ્છાદિત શિખરો

એલબર્ટ આઈન્સ્ટાઈન કુદરત માટે લખે છે કે, “નિસર્ગમાં જેટલા ઊંડા ઊતરશો, એટલી જ સરળતાથી સઘળું સમજી શકશો અને ખૂબ સારી રીતે સમજી શકશો. મારું માનવું છે કે કુદરતને ખરા અર્થમાં જાણવા અને સમજવાની રીત એ મુસાફરી જ છે. દેશના ખુલ્લા વગડામાં વિવિધ રીતે મુસાફરી કરીને જંગલોની પ્રકૃતિને માણવી અને સમજવી, નદીઓની ધારાઓ સાથે કિનારે કિનારે ચાલતાં જઈને એના બદલતા રૂપ રંગ અને સંગીતને માણવું, ખુલ્લા આકાશ તળે બેસીને હજારો તારાઓથી પ્રકાશિત અગોચર વિશ્ર્વમાં ભજવાતા વૈશ્ર્વિક નર્તનને અનુભવવું, અણુ અણુમાં સ્પંદિત થતા લય અને કુદરતની ધ્વનિને મસ્તિષ્કથી છેક હૃદયનાં ઊંડાણ સુધી અનુભવવી.

આ બધી રીતો જ કુદરતના સમીપે રહીને નિસર્ગને મહાલવાની છે, અને આ રીતોને મેં પ્રત્યક્ષ રીતે સતત માણી છે. મેં હંમેશાં કુદરત પર અને કુદરતના દરેક સજીવ અને નિર્જીવ તત્ત્વો પર ભરોસો મૂક્યો છે. અજાણી જંગલોની કેડીઓએ મને હંમેશાં કોઈ શ્રેષ્ઠ સ્થળે જ પહોંચાડ્યો છે અને હું એ પરમ મનોહર દશ્યોને પામી શક્યો છું જે વર્ણવવા માટે હું અસમર્થ છું.

અજાણ્યા રસ્તાએ મને નિર્ભય બનાવ્યો છે. ખુલ્લા આકાશમાં ચમકતી મંદાકિનીએ મને જિજ્ઞાસુ બનાવ્યો છે. મધુર ગાન ગાતાં ગાતાં ઊંચાઈથી વહેતી સરિતાની સરવાણીઓએ મને પરોપકાર શીખવ્યો છે.સવાર ઊઘડતાં જ મધુર ગાન ગાતાં રંગબેરંગી નાનકડાં પંખીઓએ મને પોતાની ક્ષમતા પર વિશ્ર્વાસ કરતા શીખવ્યું છે. વિશાળ જંગલોમાં ત્રાડ પાડતા વાઘે મને સંઘર્ષ શીખવ્યો છે તો વળી વાઘથી પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા હરણાઓએ મને સતત પ્રયત્નશીલ રહેતાં શીખવ્યું છે.પ્રકૃતિનો મૂળભૂત ગુણ હંમેશાં હકારાત્મક જ રહ્યો છે અને એ હકારાત્મકતા હું મારી અંદર કેળવી શકું છું એનું એક જ કારણ છે કે પ્રકૃતિ જ મારા આરાધ્ય દેવ છે, તે જ મારા ગુરુ છે અને હું આ પ્રકૃતિને વારંવાર નમું છું.

ઊંચાઈએથી દુનિયા જોવાનો મને ગજબનો શોખ એમાં પણ પ્રતિકૂળ સંજોગોમાં તો ખાસ. એનું એક જ કારણ કે બહુ જ જૂજ લોકો ત્યાં જોવા મળે.હિમાલયમાં ઉત્તરાખંડમાં બરફવર્ષા પછી કેદારનાથ અને નંદાદેવીનો નજારો જોવાની એટલી મજા આવે કે જાણે આદિત્ય ખુદ હિમાલયને સોનાના ઢોળથી સજાવે એ જોતાં આંખો ન ધરાય. કુદરતનાં અનેરાં દશ્યો નિહાળવાં હોય અને અનુભવવાં હોય તો કપરાં ચઢાણ ચઢવાં પડે જે સામાન્ય રીતે ખૂબ જ ઓછો વર્ગ ચઢતો હોય છે. દુર્ગમ રસ્તાઓ જરા ઓછા ખેડાયેલા હોય એટલે એની સુંદરતા અકબંધ હોય.ઉત્તરાખંડમાં ચોપતા વેલીમાં તુંગનાથ મહાદેવનો મજાનો ટ્રેક છે. ચોપતાથી શરૂઆત કરીને એક દિવસનો આ ટ્રેક કરી શકાય. તુંગનાથ મહાદેવ પહોંચતાં સુધી તો ઘણા લોકો તુંગનાથથી જ પરત ફર્યા હશે, પણ તુંગનાથથી ઉપર બીજો ત્રણ-ચાર કિમીનો ટ્રેક છે જે સ્વર્ગની અનુભૂતિ કરાવી શકે.ચંદ્રશિલા નામનો આ ટ્રેક ખૂબ જ રમણીય છે.

ચંદ્રશિલાનાં કપરાં ચઢાણ પછી હિમાલયનાં નરી આંખે દર્શન કરનાર વ્યક્તિ કદાચ એ ક્ષણને જિંદગીભર ન ભૂલી શકે એવો નજારો જોવા મળે. ખૂબ કપરું ચઢાણ અને તુંગનાથ સુધીનો થાક પણ ખરો, પણ આત્મવિશ્ર્વાસ હોય તો ચંદ્રશિલા ચઢી જ શકો. ચઢાણ કરતાં ઉતરાણ વધારે કપરું ખરું, પણ એવું કહેવાય છે જે વ્યક્તિ ચંદ્રશિલા પહોંચી જાય એ ત્યાંનું દશ્ય જોઈને બોખલાઈ જાય છે, આભો બની જાય છે. ઘડીભર માટે એની વાચા હણાઈ જાય છે.ચંદ્રશિલા પરથી ચારે તરફ હિમાલયના સુવર્ણ શિખરો દેખાય છે. નરી આંખે જોયેલું દશ્ય કોઈ કેમેરા લઈ શકે તેમ નથી કે કોઈ રીતે એ સુંદરતાને હું શબ્દોમાં ઢાળી શકું એમ નથી. હું નતમસ્તક શિવની જટામાં ખોવાયો હોઉં એવો જ કંઈક અનુભવ હતો. ચંદ્રશિલા જનાર વ્યક્તિ પણ દિવસ આથમે એ પહેલાં તો નીચે ઊતરી જ જાય કેમ કે ઠંડોગાર પવન, ચોતરફ બરફ અને ક્યાંય રસ્તો પણ ન દેખાય.ચઢાણ કરતાં ઊતરવાનું વધારે, જ્યાં પગ મૂકો ત્યાંથી લપસીને સીધા નીચે આવો એટલે પાછી ફરી શરૂઆત કરવાની. કોઈક કોઈક જગ્યાએ પાકો બરફ જાણે કુદરતી લસરપટ્ટીની રચના થઈ હોય એવું જ કંઈક, પણ આ બધા અંતરાયોને ઓળંગીને ચંદ્રશિલા ચઢતાં સાથે જ મેં સુમેરુ અને નંદાદેવીને જોતાં જ અહીયાના સૂર્યાસ્ત પછીની લાલિમાની કલ્પના કરી અને નક્કી કર્યું કે સૂર્યાસ્ત પહેલાં અહીયાથી હટવું નથી.પૂનમ પહેલાંની ઢળતી સાંજ હતી, ચંદ્ર સોળે કળાએ ખીલ્યો હતો, સૂરજ ડૂબું ડૂબું થઈ રહ્યો હતો અને ચંદ્રશિલા પરના એક પથ્થરને અઢેલીને વાદળોને પહાડની સોડમાં લપેટાયેલાં જોતો હું લગભગ કલાક જેટલો સમય અવાચક બનીને કુદરતની આ પરમ મનોહર લીલાને આંખોથી મારામાં ભરી રહ્યો હતો. આ બધી ક્ષણો એ હતી જે સંપૂર્ણપણે ખાલી મારા માટે જ હતી, મારી જાત માટે જ હતી.

**ચંદ્રશિલાનાં કપરાં ચઢાણ પછી હિમાલયનાં નરી આંખે દર્શન કરનાર વ્યક્તિ કદાચ એ ક્ષણને જિંદગીભર ન ભૂલી શકે એવો નજારો જોવા મળે. ખૂબ કપરું ચઢાણ અને તુંગનાથ સુધીનો થાક પણ ખરો, પણ આત્મવિશ્ર્વાસ હોય તો ચંદ્રશિલા ચઢી જ શકો. ચઢાણ કરતાં ઉતરાણ વધારે કપરું ખરું, પણ એવું કહેવાય છે જે વ્યક્તિ ચંદ્રશિલા પહોંચી જાય એ ત્યાંનું દશ્ય જોઈને બોખલાઈ જાય છે,**

તંત્રી લેખ...-

ગુરૂવાર, તા.૨૧ નવેમ્બર ૨૦૨૪

# મણિપુરની મુસીબત

એ દુર્ભાગ્યપૂર્ણ છે અને ચિંતાજનક પણ કે મણિપુરમાં સ્થિતિઓ નિયંત્રિત થતી નથી દેખાઈ રહી. છેલ્લા કેટલાક દિવસથી મણિપુર ફરી એક વખત અપ્રિય કારણોસર ચર્ચામાં છે. થોડા સમય પહેલાં જ્યારે મણિપુરના વિભિન્ન વર્ગોના પ્રતિનિધિઓ વચ્ચે સંવાદ-સંપર્કનો સિલસિલો પ્રારંભ કર્યો હતો, ત્યારે એ આશા જાગી હતી કે રાજ્યમાં શાંતિ બહાલીનો માર્ગ ખૂલશે, પરંતુ અચાનક એક બાદ એક એવી ઘટના ઘટી, જેનાથી હાલત બેકાબૂ થતા દેખાવા લાગ્યા. મણિપુરની હાલત કેટલી હદે બગડી રહી છે, તેની જાણ એનાથી થાય છે કે ત્યાંના કેટલાક વિસ્તારોમાં અફ્સ્પાને ફરીથી પ્રભાવી કરવામાં આવ્યો છે. તેની સાથે જ ત્યાં અર્ધસૈનિક દળોની પચાસ વધારાની કંપનીઓ પણ મોકલવામાં આવી રહી છે. અશાંતિ અને ઉપદ્રવને જોતાં જે પ્રકારે સ્કૂલ-કોલેજ બંધ કરવા અને ઈન્ટરનેટ સેવા બાધિત કરવાની નોબત આવી રહી છે, તેનાથી એ જ પ્રગટ થાય છે કે આ રાજ્યને પાટા પર લાવવામાં સમય લાગી શકે છે. જોકે મણિપુરમાં અશાંતિ ચાલુ થયે ઘણો એવો સમય વીતી ગયો છે, તેથી સ્થિતિઓ વધારે જટિલ બની ગઈ છે. પહેલાં ત્યાં માત્ર મૈતેઈ અને કુકી સમુદાય વચ્ચે જ અવિશ્વાસની ખાઈ ઊંડી અને પહોળી થઈ, પછી નગા સમુદાય પણ પોતાની ફરિયાદો લઈને સામે આવી ગયો.

મણિપુરમાં ભાજપી નેતૃત્વવાળી જ સરકાર છે, તેથી કેન્દ્ર સરકારની એ જવાબદારી ઓર વધી જાય છે કે તે આ રાજ્યમાં એ કારણોનું તત્પરતાથી નિવારણ કરે, જેને કારણે ત્યાં અસ્થિરતા અને અશાંતિ વ્યાપ્ત છે. જો મણિપુરની અશાંત હાલત દેશને એટલો પ્રભાવિત નથી કરતી, જેટલી અન્ય કોઈ રાજ્યની બગડતી સ્થિતિઓ દિલ્હીમાં ચિંતા અને ચર્ચાનું કારણ બની જાય છે, તો તેનો એ મતલબ નહી કે ત્યાંની હાલત સુધારવાને સર્વોચ્ચ પ્રાથમિકતા ન આપવામાં આવે. એનાથી સંતુષ્ટ ન થઈ જવાય કે કેન્દ્રીય ગૃહ મંત્રાલય મણિપુરની હાલતની સતત સમીક્ષા અને નિરીક્ષણ કરી રહ્યું છે, કારણ કે પ્રશ્ન એ છે કે ત્યાં સ્થિતિઓ સામાન્ય થવાનું નામ કેમ નથી લઈ રહી? કેન્દ્ર સરકારે એની અવગણના ન કરવી જોઈએ કે મણિપુર એક સીમાવર્તી રાજ્ય છે અને મ્યાંમારથી કુકી લોકોની ઘૂસણખોરીનો સિલસિલો સતત ચાલુ રહે છે. ધ્યાન રહે કે ખુદ મ્યાંમાર વિદ્રોહીઓની ગતિવિધિઓથી અસ્થિરતા સામે ઝઝૂમી રહ્યું છે. એવામાં ભારત સરકારે મણિપુરમાં શાંતિ સ્થાપિત કરવા માટે હરસંભવ પ્રયાસ કરવા જોઈએ. તેના માટે આવશ્યક બને તો સમગ્ર રાજ્યમાં અફસ્પા લાગુ કરી દેવામાં જરા પણ ખચકાવું ન જોઈએ. એ સામાન્ય વાત નથી કે મણિપુર છેલ્લા દોઢ વર્ષથી અરાજકતા અને અશાંતિ સામે ઝઝૂમી રહ્યું છે. જો ત્યાં અશાંતિ ચાલુ રહી તો અલગતાવાદી શક્તિઓની સાથે નશીલા પદાર્થોના કારોબારમાં લાગેલા તત્ત્વોનું દુસ્સાહસ તો વધશે જ, સામાજિક વૈમનસ્યને દૂર કરવામાં પણ મુશ્કેલીઓ આવશે. તેની સાથે જ આંતરરાષ્ટ્રીય સ્તર પર દેશની છબિ પણ ખરાબ થશે.

# રેગિંગનો રોગ

ગુજરાતના પાટણની જીએમઈઆરએસ મેડિકલ કોલેજના પહેલા વર્ષના વિદ્યાર્થી અનિલ મેથાણિયાના રેગિંગને કારણે થયેલું મોત દર્દનાક અને શરમજનક છે. આખરે રેગિંગ પર પ્રતિબંધ છતાં આવી ઘટનાઓ કેવી રીતે બની રહી છે? છેલ્લા બે વર્ષમાં માત્ર ગુજરાતમાં જ રેગિંગની આઠ ઘટનાઓ જોવા મળી છે. હજુ ત્રણ દિવસ પહેલાં ઈન્દોરની એમજીએમ મેડિકલ કોલેજની એક ઘટના સામે આવી હતી, જેમાં પીજી વિદ્યાર્થી અભિષેક મસીહે સતત રેગિંગને કારણે પોતાની સીટ છોડવાનો નિર્ણય કર્યો, પરંતુ કોલેજ પ્રબંધને અભિષેક સાથે સંવેદનશીલ વ્યવહાર કરવા અને તેને ન્યાય અપાવવાને બદલે તેનાં મૂળ સર્ટી પાછા આપવાનો જ ઈનકાર કરી દીધો અને તેના માટે તેની પાસે પહેલાં ૩૦ લાખ રૂપિયાની બોન્ડ રકમ ચૂકવવાની માંગ કરી દીધી. અંતે અભિષેકે હાઈકોર્ટનો આશરો લેવો પડ્યો, જ્યાંથી તેને રાહત મળી. અહીં અઢાર વર્ષના અનિલ મેથાણિયાએ તો માત્ર એક મહિના પહેલાં એડમિશન લીધું હતું.

સમાચાર અનુસાર સીનિયર વિદ્યાર્થીઓએ ત્રણ કલાક સુધી તેને ઊભો રાખ્યો અને પછી ડાન્સ કરવા મજબૂર કર્યો, ત્યારબાદ તે બેભાન થઈને પડી ગયો અને થોડી વારમાં તેનું મોત થયું. હવે ૧૫ સિનિયર મેડિકલ વિદ્યાર્થીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે, બલ્કે તેની ધરપકડ પણ કરવામાં આવી છે અને કોલેજે તે બધાને સસ્પેન્ડ કરી દીધા છે. આ દોષી વિદ્યાર્થીઓ સામે તો કાર્યવાહી થવી જ જોઈએ, પરંતુ કોલેજ મેનેજમેન્ટને કેવી રીતે છોડી દેવાય? અનિલને મોતના મોંમાં ધકેલવા માટે જવાબદાર કોલેજ મેનેજમેન્ટ પણ છે. આખરે કોલેજમાં રેગિંગ ચાલે છે, એ વાતે મેનેજમેન્ટ કેવી રીતે ગાફેલ રહ્યું? કહેવાય છે કે બધા આરોપી એમબીબીએસ બીજા વર્ષના વિદ્યાર્થી છે. આ કોલેજ મેનેજમેન્ટની ભારે નિષ્ફળતા છે કે તે આટલા દિવસોમાં આ નવયુવાનોને માનવીયતાના બુનિયાદી પાઠ ન ભણાવી શકી. તેથી જવાબદારી માત્ર વિદ્યાર્થીઓની જ નહીં, પરંતુ કોલેજ પ્રશાસનના સંબંધિત હોદ્દેદારોની પણ નક્કી થવી જોઈએ. રેગિંગથી થનારાં મોત અને હત્યાઓએ અત્યાર સુધી ખબર નહીં કેટલાય ઘરોના દીપક બુઝાવી દીધા છે અને અનિલનું મોત દર્શાવે છે કે આ સિલસિલો તોડવાનું કેટલું જરૂરી થઈ ગયું છે. કહેવાની જરૂર નથી કે કેટલાય પરિશ્રમ બાદ એક કિશોર એમબીબીએસની પરીક્ષા પાસ કરે છે. પછી તેનાં સપનાં આ રીતે ખતમ થઈ જાય તો આ માત્ર તેના પરિવારનું જ નુક્સાન નથી, પરંતુ આખા દેશનું નુક્સાન છે. ખાસ કરીને ત્યારે, જ્યારે આપણે વધુને વધુ ડોક્ટરોની જરૂર છે. એમ તો રેગિંગ ગમે ત્યાં, કોઈપણ રૂપે ગેરકાયદે છે, પછી મેડિકલ કોલેજોમાં તો આ ક્યાંય વધુ મોટો ગુનો છે. આખરે જે ડોક્ટરોમાં આપણે ઈશ્વરનું સ્વરૂપ જોઈએ છીએ, તેઓ વર્ષ-બે વર્ષના ભણતાર બાદ પણ આટલા સંવેદનહીન કેવી રીતે રહેતા હશે કે પોતાના જ જુનિયર સાથીની જિંદગી સાથે રમત કરે? આવા ડોક્ટરો ડિગ્રી લઈને દર્દીઓની, ખાસ કરીને હાંશિયાના દર્દીઓની કેટલી સંવેદનશીલતાથી સારવાર કરશે? રેગિંગ વિરુદ્ધ એક રાષ્ટ્રીય અભિયાનની ત્વરિત જરૂરિયાત છે, જેથી અનિલ જેવી કિંમતી પ્રતિભાઓ આ રીતે વેડફાઈ ન જાય.

## જમ્મુ-કાશ્મીરમાં મોટાભાગના વિદેશી કે સ્થાનિક આતંકવાદીઓનો ભારતીય સુરક્ષા દળો દ્વારા સફાયો કરી દેવાયો છે

# હાઈબ્રિડ આતંકવાદનો વધતો ખતરો

જમ્મુ કાશ્મીરમાં નવી સરકાર બન્યા બાદ સક્રિય થયેલ આતંકવાદ જેમના નિશાના પર સેના અને બિનકાશ્મીરી હિંદુ નાગરિકો દેખાય છે. શું આ કોઈ ષડયંત્રનો હિસ્સો છે જેનાથી કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે તિરાડ પેદા કરી શકાય કે અલગતાવાદી અને ડીપ સ્ટેટની કોઈ ભારત સરકાર પર દબાણ બનાવવાનું ષડયંત્ર છે? કેટલાંક વર્ષ પહેલાં ઘાટીમાં સુરક્ષા દળો સાથે અથડામણ દરમ્યાન એવા આતંકવાદીઓને ઠાર માર્યા હતા જેઓ એકાદ-બે દિવસ પહેલાં જ આતંકવાદી સમૂહનો હિસ્સો બન્યા હતા.

કેટલાક મામલે માર્યા ગયેલા આતંકવાદીના પરિવારજનોને એ ભરોસો ન હતો કે તેમનાં બાળકોએ આતંકનો રસ્તો અપનાવીને હથિયાર ઉઠાવી લીધાં હતાં. જમ્મુ કાશ્મીર પોલીસ અનુસાર 'હાઈબ્રિડ આતંકી' એવા આતંકવાદી છે જે હિંસાત્મક ગતિવિધિઓમાં એક નાગરિક તરીકે સામેલ હોય છે. હાઈબ્રિડ આતંકવાદી એવા વ્યક્તિ હોય છે જે પહેલાં કોઈ પ્રકારની આતંકી ગતિવિધિમાં સામેલ થયા નથી હોતા અને ના તેમનો કોઈ પ્રકારનો સામાજિક કે પોલીસ તથા સુરક્ષા તપાસ એજન્સીઓના રડારમાં કોઈ પ્રકારનો અપરાધિક/આતંકી રેકોર્ડ નથી હોતો. સામાન્ય લાગતા આ લોકો જેમનું ગુપ્ત રીતે નામાંકન કરીને ભરતી કર્યા બાદ યોગ્ય પ્રશિક્ષણ પણ આપવામાં આવે છે અને તેમની ઓળખ કરવી સુરક્ષા દળો માટે બહુ મુશ્કેલ અને પડકારજનક કામ હોય છે. આ લોકો આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ થાય છે કે તેમાં સહાયતા કરે છે. હાઈબ્રિડ આતંકવાદી સામાન્ય લોકો વચ્ચે પોતાની સામાન્ય સામાજિક ઓળખ સાથે રહે છે. તેમને દિશા નિર્દેશ મળતાં આતંકવાદી કાર્યવાહીને અંજામ આપ્યા બાદ ફરીથી સામાન્ય જીવન વિતાવવા લાગે છે. આ એ કાશ્મીરી યુવા હોય છે, જેમની કોઈ ક્રિમિનલ હિસ્ટ્રી નથી હોતી અને તેઓ ઓનલાઈન માધ્યમથી રેઝિસ્ટન્સ ગ્રુપ સાથે જોડાય છે, તેમની ટ્રેનિંગ થાય છે, ટારગેટ નક્કી થાય છે અને ટારગેટની રેકી કરવામાં આવે છે. પછી નક્કી સમયે ઘટનાને અંજામ આપવાની સાથે આતંકી પાછો ઘરે આવી જાય છે અને પોતાની આતંકવાદી હોવાની ઓળખ ગુપ્ત રાખીને પોતાના ગામ-શહેર જઈને સામાન્ય જંદગી જીવવા લાગે છે. આંતરરાષ્ટ્રીય સીમા પર ભઆરતીય સેનાએ ઘૂસણખોરીને ઝીરો ટકા લેવલ પર લાવવામાં સફળતા મેળવ્યા બાદ વિદેશી કે વિદેશમાં પ્રશિક્ષણ પ્રાપ્ત આતંકવાદીઓનું ભારતની સીમામાં ઘૂસણખોરી કરવું હવે મુશ્કેલ થઈ ગયું છે.

જમ્મુ-કાશ્મીરમાં મોટાભાગના વિદેશી કે સ્થાનિક આતંકવાદીઓનો ભારતીય સુરક્ષા દળો દ્વારા સફાયો કરી દેવાયો છે અને સ્થાનિક નાગરિકો આતંકવાદી ગતિવિધઓથી અંતર રાખવા લાગ્યા. બીજી તરફ પાકિસ્તાન પર એફએટીએફની તલવાર લટકી હોવાને કારણે પાકિસ્તાન પ્રત્યક્ષ રૂપે આતંકવાદ સમર્થક ટેગથી દરેક હાલમાં બચાવવા માગે છે. આ જ કારણે એક નવા વિકલ્પ રૂપે પાકિસ્તાન દ્વારા હાઈબ્રિડ આતંકીઓ તૈયાર કરાવવાનું કામ શરૂ કર્યું છે. પાકિસ્તાન ભારતીય યુવાઓ સાથે ઓનલાઈન સંપર્ક કરે છે અને તેમનું બ્રેઈનવોશ કર્યા બાદ તેમને ઓનલાઈન ભરતી કરવામાં આવે છે. તેમને ઓનલાઈન જ ટ્રેનિંગ આપવામાં આવે છે. જરૂર પડ્યે તેમને હુમલો કરવા મોકલવામાં આવે છે. હાઈબ્રિડ આતંકી ૧-૨ની સંખ્યામાં હુમલાને અંજામ આપે છે. પાકિસ્તાન એવા લોકોને ચિહ્નિત કરે છે જે અપરાધિક અને રાષ્ટ્રવિરોધી માનસિકતા ધરાવતા હોય. એમ તો પહેલાં પણ કેટલીક મહલા ઓવરગ્રાઉન્ડ કાર્યકર્તા (ઓજીડબ્લ્યુ) આતંકવાદીઓના સાથી તરીકે જોવાતી રહી છે, પરંતુ હવે જ્યારે ઘાટીમાં આતંકવાદ સમાપ્તિ તરફ વળી ચૂક્યો છે એવા સમયમાં આ સુરક્ષા એજન્સીઓ માટે એક નવો પડકાર સાબિત થઈ શકે છે.

એમ તો અત્યાર સુધી મહિલા ઓજીડબ્લ્યુની સંખ્યા ઘણી ઓછી છે, પરંતુ આ એક નવો ટ્રેન્ડ છે અને ભવિષ્યમાં એના પર ધ્યાન આપવું પડશે. ૨ નવેમ્બર ૨૦૨૪ના રોજ અનંતનાગમાં બે મજૂરો પર હુમલા માટે હાઈબ્રિડ આતંકીને એક મહલા ઓજીડબ્લ્યુ દ્વારા હથિયાર પહોંચાડવામાં આવ્યા હતા. આતંકી મહિલા ઓજીડબ્લ્યુ પર સુરક્ષા દળોને ઓછી શંકા હોય છે, વિશેષ કરીને કાશ્મીરની પરિસ્થત અને પોશાકને કારણે તે આસાનીથી નાના હથિયાર છૂપાવીને પહોંચાડી દે છે.તેમને ટ્રેક કરવી મુશ્કેલ હોય છે. એવામાં ઈન્ટેલિજન્સની જવાબદારી અને ભૂમિકા ઘણી વધી જાય છે. હાઈબ્રિડ આતંકવાદીના કામ કરવાની રીત સામાન્ય આતંકવાદીના જૂના ઢંગથી અલગ હોય છે. પહેલાં લાઈન ઓફ કંટ્રોલની પેલે પારથી આતંકી આવતા હતા અને હુમલાને અંજામ આપતા હતા. તેઓ સામાન્ય રીતે ગોરિલા રણનીતથી ચૂપચાપ એટેક કરતા અને ઘાટીના ગાઢ જંગલોમાં ગુમ થઈ જતા, તે પોતાના સ્થાનિક મદદગારોની આસપાસ આશ્રય લઈ લેતા હતા. કેટલીય વાર તેઓ સ્થાનિક લોકોની મદદથી જમ્મુ-કાશ્મીરની અંદર જ છૂપાયેલા રહેતા અને નેટવર્ક વધારતા. પહેલાં કોઈપણ આતંકી ઘટનામાં ૩-૪ આતંકીઓ સામેલ રહેતા હતા. એકે-૪૭ જેવા મોટા અને આધુનિક હથિયારો, આઈઈડીનો ઉપયોગ કરતા હતા, પરંતુ હાઈબ્રિડ આતંકવાદીઓને પિસ્ટલ, ગ્રેનેડ, આઈઈડી, કટ્ટા વગેરે આપવામાં આવે છે. તેનાથી તેઓ સેના કે પોલીસની નજરમાં સીધી રીતે નથી આવતા.ઘટનાઓને અંજામ આપ્યા બાદ તેમની ઘરવાપસી થઈ જાય છે. તેમને ટીઆરએફ અથવા 'ધ રેઝિસ્ટન્સ ફ્રંટ'નું નામ આપવામાં આવ્યું છે.

ટીઆરએફ લશ્કર સાથે સંબંધિત એક સંગઠન છે. ભારત-પાકિસ્તાન લાઈન ઓફ કંટ્રોલ પર ઘૂસણખોરી કરવી મુશ્કેલ થઈ ગયું છે જેને કારણે ડ્રગ્સ અને આતંકવાદી બંનેનું ભારતની સીમા પાર કરવી અઘરું થઈ ગયું છે. જોવામાં આવ્યું છે કે કેટલીય વાર પાકિસ્તાન દ્વારા પ્રાયોજિત ડ્રગ અને હથયાર સપ્લાય માટે ડ્રોન તથા અંડરગ્રાઉન્ડ ટનલનો ઉપયોગ કરવાની ઘટનાઓ સામે આવી છે. પાકસ્તાન દ્વારા પ્રાયોજત ડ્રગ આતંકવાદમાં હાઈબ્રિડ આતંકવાદીઓની ભૂમકા પણ મોટા રૂપે હો શકે છે જેમને હવે ડ્રોન તથા ભૂમિગત ટનલિંગના માધ્યમથી હથયાર તથા ડ્રગની ખેપ પહોંચાડવાના સમાચારો આવતા રહે છે. હાઈબ્રિડ આતંકવાદી અને ડ્રગ માફિયાના પરસ્પર ગઠબંધનથી ઈનકાર ન કરી શકાય. બંને એક હોવાની પણ પ્રબળ સંભાવના પર તપાસ અને સુરક્ષા દળોની પહેલી નજર ચોક્કસ હશે. એક સમાચાર અનુસાર કુપવાડાના સાધન પાસ પર પહેલાં મોટી માદક પદાર્થોની ખેપ પકડાવી આ જ વિચારની પુષ્ટ કરે છે.દેશના દુશ્મનો દ્વારા આતંકવાદને પુનર્જિવિત કરવાના પ્રયાસને ભારતીય સુરક્ષા દળો દ્વારા યોગ્ય જવાબ આપવામાં આવી રહ્યો છે. પરંતુ જ્યાં આંતરરાષ્ટ્રીય પટલ પર મોટી ઉથલપાથલ જોઈ શકાય છે. અલગતાવાદી-રાષ્ટ્રવિરોધી તાકાતો દ્વારા દેશ વિરુદ્ધ ષડયંત્રની સંભાવનાઓથી ઈનકાર ન કરી શકાય અને દેશના દરેક નાગરિકને સાવધાન રહેતાં આપણી સુરક્ષા એજન્સી અને સરકાર સાથે એકજુટ થઈને ઊભા રહેવું એક સમજદારીનું કામ હશે.

## વિચિત્ર સ્થતિ છે કે બંને મોટા પક્ષો આ જૂથો પર વધુ નિર્ભર દેખાઈ રહ્યા છે

# પ્રાકૃતિક ચિકિત્સામાં સ્વસ્થ જીવનની ચાવી

જ્યારે દેશમાં દર ૧૮ નવેમ્બરને રાષ્ટ્રીય પ્રાકૃતિક ચિકિત્સા દિવસ તરીકે ઉજવવાનો સંકલ્પ લેવામાં આવ્યો તો તેનો મકસદ દવા રહત પ્રણાલીના માધ્યમથી સકારાત્મક માનસિક અને શારીરિક સ્વાસ્થ્યને ઉત્તેજન આપવાનો હતો. જે પ્રાકૃતિક ચિકિત્સાનો ઉદ્દેશ્ય પણ છે. ૨૦૧૮માં આ દિવસની જાહેરાત કરીને આયુષ મંત્રાલયે આ વિશ્વ પ્રસિદ્ધ વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિમાં પ્રાકૃતક સંસાધનો અને ગતિવિધિઓ દ્વારા પ્રાકૃતિક સ્વાસ્થ્યને ઠીક કરવાનો રાષ્ટ્રવ્યાપી સંકલ્પ લીધો. જેનો મકસદ પ્રાકૃતિક ચિકિત્સા વિશે જ્ઞાન અને જાગરુકતાનો પ્રસાર કરવાનો હતો.

ભારતીય હિંદુ સંસ્કૃતિ સદીઓથી પ્રકૃતિની ઉપાસક રહી છે. આપણાં તમામ પર્વો, તહેવાર, પૂજા પદ્ધત અને જીવનશૈલી પ્રકૃતિને અનુરૂપ જ રહી છે. અસલમાં કુદરત વિરુદ્ધ દિનચર્યા અને ખાનપાન જ આપણી

વ્યાધિઓના મૂળમાં હોય છે. જેટલું આપણે પ્રકૃતના વિપરીત આચરણ કરીએ છીએ એટલા જ મનોકાયિક રોગોની ચપેટમાં આવતા જઈએ છીએ. કુદરતે ભોજન, ફળો અને મસાલા રૂપે કેટલીય એવી ચીજો આપી છે જે આપણને સ્વસ્થ રાખી શકે છે. ધરતીમાં પ્રકૃતિ દરેક પળે બદલાવની પ્રક્રિયામાં સક્રિય રહે છે. અસલમાં, હવામાન અને પ્રકૃતના અવયવોમાં આ બદલાવ એટલા સૂ-મ અને નિરંતર હોય છે કે આપણે પરિવર્તનને અનુભવી જ નથી શકતા કે ક્યારે પાંદડાં બન્યાં, કૂંપળો ફૂટી, ફૂલથી ફળ બન્યું! આ જ રીતે આપણા શરીરમાં પણ સતત અને સૂ-મ પરિવર્તન નિરંતર ચાલતું રહે છે જેને આપણે દુન્યવી ચક્કરમાં પડીને અનુભવ નથી કરતા. શરીરની કોશિકાઓ દરેક ક્ષણે બદલાતી રહે છે. શરીર બદલાતા હવામાનને અનુરૂપ ખુદને ઢાળતું જાય છે. એ જ રીતે પ્રાકૃતિક ચિકિત્સા પણ કાયાકલ્પની પ્રક્રિયાને ધીમે ધીમે અંજામ આપે છે. સામાન્ય રીતે માનવામાં આવે છે કે પ્રાકૃતિક દિનચર્યા દરમ્યાન ઉપચારમાં ૪૫ દિવસનો સમય લાગે છે. પરંતુ હવે ભાગમભાગની જિંદગીમાં તેને એક અઠવાડિયા સુધી સીમિત કરી દેવામાં આવે છે. નિઃસંદેહ પ્રાકૃતિક ચિકિત્સાની પ્રક્રિયામાં સમય લાગે છે, જેના માટે રોગીએ ધીરજ રાખવી પડે છે.

આપણા પૌરાણિક ગ્રંથો અને મહાપુરુષોની વામીમાં પ્રકૃતિના મહત્ત્વને જોઈ શકાય છે. ગુરુ નાનકદેવજીની વાણીનો પ્રાકૃતિક જીવન વિશે ગુરબાનીમાં ઉલ્લેખ છે - 'પવણ ગુરુ પાણી માતા ધરતિ મહતુ' એટલે કે પવન આપણા ગુરુ છે. જો હવા પ્રદૂષિત થઈ જાય તો જીવન પર સંકટ પેદા થઈ જાય. શુદ્ધ વાયુમાં જ જીવન છે. જો આપણે પ્રાકૃતિક સંસાધનોને પ્રદૂષત કરીએ છીએ તો આવનારી પેઢીઓના ભવિષ્ય સાથે રમત કરીએ છીએ.

અસલમાં પ્રાકૃતિક ચિકિત્સા આપણી અરાજક જીવનશૈલીને સંયમત કરી શકે છે. કેટલાક એવા રોગ જે ઉપચાર યોગ્ય નથી માનવામાં આવતા, એના પર અંકુશ લગાવી શકે છે. પ્રાકૃતિક

**આપણા પૌરાણિક ગ્રંથો અને મહાપુરુષોની વામીમાં પ્રકૃતિના મહત્ત્વને જોઈ શકાય છે. ગુરુ નાનકદેવજીની વાણીનો પ્રાકૃતિક જીવન વિશે ગુરબાનીમાં ઉલ્લેખ છે - 'પવણ ગુરુ પાણી માતા ધરતિ મહતુ' એટલે કે પવન આપણા ગુરુ છે.**

ચિકિત્સા કેન્દ્રથી નીકળ્યા બાદ વ્યક્તિ પોતાના ઘરમાં આહાર-વિહારને સંતુલત કરવાનો પ્રયાસ કરી શકે છે. આપણે સૂરજના ઉગવા પહેલાં ઉઠીએ. તડકામાં નહીં બેસવાથી આપણે વિટામિન ડીની સમસ્યાથી ગ્રસ્ત થઈ જઈએ છીએ, જેનાથી શરીરમાં કેટલાય રોગો પેદા થઈ જાય છે. સામાન્ય રીતે વિદેશોમાં લોકો નવેમ્બરથી જાન્યુઆરી સુધી સૂર્ય સ્નાન લે છે જેનાથી લોકોને વિટામિન ડી મળી જાય છે. ખતરો તો આર.ઓ.નું પાણી પણ છે, જે આપણા હાડકાંની ઘનતા ઓછી કરે છે. અસલમાં આજે સામાન્ય લોકો શારીરિક શ્રમ નથી કરતા. ખાનપાનની ચીજોમાં ભારે ભેળસેળ છે. બજારની શક્તઓ કેટલાય પ્રકારના ભ્રમ ફેલાવે છે. અસલમાં પ્રકૃત સાધનાની ચીજ છે. આજે તેને આપણે સાધન બનાવી દીધું છે. સાધનાથી દૂર થતા લ ોકો શારીરક અસંતુલનના શકાર બને છે.

વાસ્તવમાં મોટાભાગના આધુનિક રોગો કામ ન કરવાની બીમારી છે. આપણા લોકો મગજને થકવી રહ્યા છે, શરીરને નથી થકવી રહ્યા. આ જ કારણોસર શરીરે ભોગવવું પડી રહ્યું છે. માણસ પગપાળા ચાલતો જ નથી. સ્વસ્થ રહેવા માટે જરૂરી છે કે આપણે આહાર યોગ્ય રીતે લઈએ. અસલમાં આપણો આહાર દવા છે. રસોડામાં ખાનપાનની વસ્તુઓના ઔષધીય ગુણ આપણા ભોજનને સંતુલિત બનાવે છે અને મોસમી રોગનો ઉપચાર કરે છે. રસોડામાં હળદર, લવિંગ, જીરું, કાળા મરી વગેરે આયુર્વેદિક ઉપચારમાં સહાયક બને છે. અસલમાં ભાગદોડની જંદગીમાં વ્યક્ત મહેનત કરતો નથી, સૂવા-જાગવાનો સમય ઠીક નથી. ખાવાનો ટાઈમ નિશ્ચિત નથી. મોડી રાત્રે ભોજન કરવું શરીર સાથે અત્યાચાર કરવા જેવું છે. અસલમાં દવાનો ઉપયોગ ઓછામાં ઓછો જ કરવો જોઈએ.

## પાણીના સંકટમાંથી કેવી રેતી નિકળી શકાય

# પર્યાવરણને બચાવવા સંકલ્પ લેવો પડશે

આપણે એવી હાલત પેદા કરી દીધી કે આપણે ન તો ગરમી સહન કરી શકીએ છીએ કે ના ઠંડી. તેનાથી રાહત મેળવવા માટે આપણે જે સાધન મેળવ્યાં છે તે વધુ ઘાતક સાબિત થયાં.

દુનિયાભરમાં ગઈકાલે પર્યાવરણ દિવસ મનાવવામાં આવ્યો. આ વખતે પર્યાવરણ દિવસની થીમ વાયુ પ્રદૂષણ નક્કી કરવામાં આવી હતી અને એ કદાચ એટલા માટે છે કે દુનિયામાં વાયુ પ્રદૂષણ પહેલા દરજ્જાના પ્રદૂષણમાં પહોંચી ગયું છે. પહેલાં આપણે પાણી-માટી-જંગલોને લઈને ચિંતિત હતા, પરંતુ હવે બગડતી હવા તેનાથી મોટી ચિંતા બની ગઈ છે અને આજે આ સૌથી મોટા સંકટ રૂપે આપણી વચ્ચે છે. તેનું એક બીજું કારણ પણ છે. પાણી તો આપણે કેટલાક સમયના અંતરાલ પર પીશું અને ભોજન પણ દિવસમાં બે-ત્રણ વાર જ કરીશું, પરંતુ શ્વાસ લેવા માટે વાયુ તો દરેક ક્ષણે જોઈએ. તેથી આપણા શાસ્ત્રોમાં એને જીવન સાથે જોડીને જોવામાં આવ્યું અને પ્રાણવાયુની સંજ્ઞા આપવામાં આવી. મતલબ તેના વિના પ્રાણ સંભવ નથી. પર્યાવરણના મહત્ત્વને સમજવા અને સમજાવવાો તેનાથી મોટો રસ્તો બીજો કોઈ ન હોઈ શકે. મતલબ તેના અભાવથી મોટું સંકટ બીજું કંઈ ન હોઈ શકે. હાલમાં જ પ્રકાશિત ગ્લોબલ એર રિપોર્ટે તેનો ખુલાસો કર્યો છે. તેના અનુસાર દુનિયાની ૯૧ ટકા આબાદી વાય પ્રદૂષણથી પ્રભાવિત છે. જો એવું છે તો બહુ સવાલ પેદા થવા જોઈએ. જેમ કે કારણોની તપાસ, ઉપાય અને મોટી રણનીતિ પર વિમર્શ થવો જોઈએ. ભારત તો વાયુ પ્રદૂષણનો ઓર મોટો શિકાર છે. દુનિયાના સૌથી વધારે પ્રદૂષિત શહેરોની એક મોટી સંખ્યા ભારતમાં જ છે. વાયુ માપદંડો અનુસાર હવામાં પ્રદૂષણ કણ ૮૦ પીએમની અંદર જ હોવા જોઈએ, પરંતુ દેશનું કદાચ જ કોઈ શહેર હોય જ્યાં સામાન્ય રૂપે ૧૫૦ થી ૨૦૦ પીએમ સુધી પ્રદૂષણ ન હોય. ગુડગાંવ, ગાઝિયાબાદ, ફરીદાબાદ, નોઈડા, પટના, લખનૌ, દિલ્હી, જોધપુર, મુઝફ્ફરપુર, વારાણસી, મુરાદાબાદ અને આગ્રા જેવા શહેરોની સ્થિતિ તો બહુ ખરાબ છે. એ જ હાલ દુનિયાના બીજા તમામ મોટા શહેરોના છે.

આજે દુનિયા જે વિકાસની દોડ લગાવી રહી છે એમાં જ વિનાશ પણ છૂપાયો છે. આપણે એવી હાલત પેદા કરી દીધી કે આપણે ન તો ગરમી સહન કરી શકીએ છીએ કે ના ઠંડી. તેનાથી રાહત મેળવવા માટે આપણે જે સાધન મેળવ્યાં છે તે વધુ ઘાતક સાબિત થયાં. જેમ કે એસીના વધારે ઉપયોગે ગરમી-ઠંડીને એક નવો આયામ આપ્યો. વધુ ગરમી પાછળ વાયુ પ્રદૂષણ છે અને એસી કે અન્ય આ પ્રકારની સુવિધાઓ વાતાવરણમાં હાઈડ્રોફ્લોરોકાર્બન, ક્લોરોફ્લોરોકાર્બનની માત્રા વધારે છે જેની પર્યાવરણ પર પ્રતિકૂળ અસર પડે છે. તેનાથી પ્રકૃતિનો તાપક્રમ પર નિયંત્રણ ખતમ થઈ જાય છે પછી ગરમીઓના દિવસે ભટ્ઠીની જેમ સળગે છે અને પછી શિયાળામાં ફ્રીજની જેમ વ્યવહાર કરે છે.

સડકો પર ગાડીઓની વધતી સંખ્યા પણ હવાનો મિજાજ બગાડી રહી છે. આજે લગભગ એક અબજ ૩૫ કરોડ ગાડીઓ દુનિયામાં ધૂમાડો ઓકી રહી છે અને વર્ષ ૨૦૩૫ સુધી તે બે અબજ થઈ જશે. એક સામાન્ય ગાડી વર્ષમાં લગભગ ૪.૭ મેટ્રિક ટન કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જિત કરે છે. એક લીટર ડીઝલના વપરાશથી ૨.૬૮ કિલો કાર્બન ડાયોક્સાઈડ નીકળે છે, પેટ્રોલતી આ માત્રા ૨.૩૧ કિલો છે. ત્યાં જ તમામ સ્વચ્છ ઈંધણોની ઉપલબ્ધતા છતાં આજે પણ લાકડાં અને છાણાંનો ઉપયોગ થઈ રહ્યો છે. જોકે સમયની સાથે તેના ઉપયોગમાં કમી આવી છે, છતાં દુનિયાની લગભગ અડધી આબાદી એટલે કે ૩.૬ અબજ લોકો



એવા ઈંધણનો ઉપયોગ કરી રહ્યા છે. તે ઉપરાંત નિર્માણ કામ, પરાળ અને પ્લાસ્ટિકને બાળવાથી પણ પ્રદૂષણ બહુ વધ્યું છે. એના પર નિશ્ચિત રૂપે લગામ લગાવવી પડે છે. આજે સ્થિતિ એ થઈ ગઈ છે કે વાયુ પ્રદૂષણ દુનિયામાં પાંચમુ સૌથી મોટું રિસ્ક ફેક્ટર બની ગયું છે. તેને કારણે શ્વાસની બીમારીઓ, હૃદયરોગ, ફેફસાંના કેન્સર અને ત્વચા જેવા રોગો વધી રહ્યા છે. આજે તમામ અસાધ્ય બીમારીઓનાં મૂળ વાયુ પ્રદૂષણ સાથે જ જોડાયેલું છે. ફક્ત ૨૦૧૭માં જ ૩૦ લાખ લોકો પીએમ ૨.૫ને કારણે કાળનો કોળિયો બની ગયા. તેના દુષ્પ્રભાવ પણ ભારત અને ચીનમાં જ વધારે દેખાઈ રહ્યા છે. પ્રદૂષણને કારણે બાળકોમાં અસ્થમા અને માનસિક વિકાર પણ પેદા થઈ રહ્યા છે. પ્રદૂષણ સમય પહેલાં જ લોકોની જિંદગીઓ હણી રહ્યું છે. પ્રદૂષણનો વધતો પ્રકોપ કદાચ જ અટકે, કારણ કે સુવિધા અને વિલાસિતાની હોડ અટકવાની નથી. તેને તથાકથિત વિકાસનું પ્રતીક પણ માની લેવામાં આવ્યું છે. અમેરિકાએ વિલાસિતાના જે માપદંડ બનાવ્યા છે, બાકીના દેશો પણ તેને હાંસલ કરવાની હોડ કરી રહ્યા છે. એવા કથિત વિકાસમાં ઊર્જાની ખપત વધી જાય છે. તેને એક ઉદાહરણથી સમજી શકાય છે કે દુનિયામાં ૫૫ ટકા શહેરી લોકો ૭૦ ટકા ઊર્જાની ખપત કરે છે. વિલાસિતાની નજીક જતાં-જતાં આપણે ક્યારે પ્રકૃતિથી દૂર થતા ગયા, તેનું આપણને ભાન પણ ન રહ્યું. પહેલાં આપણે પાણી ગુમાવ્યું જેના વિકલ્પ રૂપે આપણે પ્યૂરીફાયર અને બોટલબંધ પાણીનો વેપારી વિકલ્પ શોધી કાઢ્યો. આજે દેશ પાણીના સંકટમાંથી પસાર થઈ રહ્યો છે. હવે વારો હવાનો છે અને હવાને ડબ્બામાં ભરીને વેચવાનું ચલણ ચાલુ થયું છે. બેજિંગ જેવા શહેરમાં હવે ઓક્સિજન બોક્સ વેચાય છે, કારણ કે ત્યાંની હવા એ હદે બદતર થઈ ચૂકી છે કે થોડા જ કલાકમાં દમ ઘૂંટાય તેવી સ્થિતિઓ પેદા થઈ જાય છે. આ શહેરમાં પહાડોની હવા વેચવામાં આવે છે. લગભગ એ જ હાલત ભારતની પણ થવા જઈ રહી છે, જ્યાં દુનિયાના સૌથી પ્રદૂષિત શહેરો છે. રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં દીવાળી બાદ ૧૫૦૦ રૂપિયા પ્રતિ કિલોના દરે પહાડોની હવા વેચવામાં આવી. અવસરવાદી વ્યાવસાયિકતાએ આ પરિસ્થિતિઓનો જોરદાર ફાયદો ઉઠાવ્યો. મતલબ હવે એર પ્યૂરીફાયર પણ બેફામ વેચાવા લાગ્યા છે. દિલ્હીમાં તમામ ઓફિસોની હવા હવે પ્યૂરીફાયર જ સુધારે છે. કેટલી મોટી મુશ્કેલી છે કે જીવનનાં સાધન હવા અને પાણી દૂષિત થઈને આપણને મારવા તત્પર થઈ રહ્યાં છે. હવે સ્વસ્થ જિંદગી માટે મોટી કિંમત ચૂકવવી પડી રહી છે. અફસોસની વાત છે કે કોઈ આવનાર કાલનું તો છોડો, આજની પણ ચિંતા કરવા તૈયાર નથી. આ વ્યાપક ખામોશી બહુ સાલે છે. પ્રદૂષણ મુદ્દે ના તો કોઈ મોટી ચર્ચા થાય છે અને ના નીતિનિર્માતા એના પર પર્યાપ્ત ચિંતા કરતા દેખાય છે. ચૂંટણીમાં પણ આ મુદ્દા ઓઝલ રહે છે. એવામાં એના પર કોઈ સરકારને દોષ પણ ન આપી શકાય, કારણ કે જનતાને તેની પરવા જ નથી. જો આપણે હજુ પણ ન ચેત્યા તો હાલત વધુ બગડતી જશે. પછી એક દિવસ એવો પણ આવશે કે આપણે અવાજ ઉઠાવવા માટે નહીં બચીએ, કારણ કે ત્યાં સુધી દુનિયા ગેસ ચેમ્બર બની ચૂકી હશે. એવામાં આપણે દુનિયા અને આવનાર પેઢીઓના ભવિષ્યને ખાતર પર્યાવરણ બચાવવાનો સંકલ્પ લેવો જ પડશે.

# દિલજીતનો તેલંગણા સરકારને પડકાર: બધા રાજ્યો દારૂબંધી કરે તો પહું તેનો ઉલ્લેખ નહીં કરું

એક્ટર અને પંજાબી સિંગર દિલજીત દોસાંજનો રવિવારે અમદાવાદમાં કોન્સર્ટ યોજાયો હતો. તેના પરફોર્મન્સ દરમિયાન તેણે શરાબ ન પીવા અંગે વાત કરી હતી. ખરેખર હૈદ્રાબાદમાં તેના કોન્સર્ટ પહેલાં તેલંગણા સરકારે તેને નોટીસ મોકલી હતી કે તેણે પોતાના ગીતોમાં શરાબ અંગેનો કોઈ ઉલ્લેખ ન કરવો. ત્યારે દિલજીતે દરેકને દરેક રાજ્યમાં દારૂબંધી અંગે ઝુંબેશ ચલાવવા વિનંતી કરી હતી.

દિલજીતે આ સંદર્ભે કહ્યું કે, જો તેઓ ઈચ્છતા હોય કે ગીતોમાં શરાબનો ઉલ્લેખ બંધ થવો જોઈએ તો સરકારે દરેક રાજ્યમાં દારૂબંધી કરવી જોઈએ. આ સાથે દિલજીતે બોલિવૂડના કલાકારોને પણ લપેટમાં લીધાં હતાં, જેઓ શરાબની વિવિધ બ્રાન્ડનો પ્રચાર કરે છે. તેણે કહ્યું, ''ચલો એક ઝુંબેશ શરૂ કરીએ, જો બધા જ રાજ્યો સંપુર્ણ દારુબંધી જાહેર કરી દે તો હું આજીવન શરાબનો ઉલ્લેખ પણ નહીં કરું. એ શક્ય છે?''

આગળ દિલજીતે એવું પણ કહ્યું કે કોવિડ દરમિયાન શરાબ સિવાયની બધી જ દુકાનો બંધ રહેતી હતી. તમે યુવાનોને મૂર્ખ ન બનાવી શકો. જો તમે સંપુર્ણ પ્રતિબંધ ન મુકી શકતા હોય તો મારો શો હોય એ દિવસે એક દિવસનો ડ્રાય ડે તો જાહેર કરો અને હું શરાબનો ઉલ્લેખ હોય એવું ગીત નહીં ગાઉં. મને ખાલી હેરાનગતિ ન કરશો, હું મારો પ્રોગ્રામ કરું છું અને શાંતિથી ચાલ્યો જાઉં છું.

'ભૂલભુલૈયા ૩'ની સક્સેસની ઉજવણી કરવા માટે દિલજીતના અમદાવાદના શોમાં કાર્તિક આર્યન પણ જોડાયો હતો. તેમણે બંનેએ ફિલ્મના ટાઇટલ ટ્રેક પર સાથે પર્ફોર્મ પણ કર્યું હતું. કાર્તિકે તેની આ તસવીરો સોશિયલ મીડિયા પર પણ શેર કરી હતી. ફિલ્મમાં દિલજીત, પિટબુલ અને નીરજ શ્રીધરે આ ગીત એકસાથે ગાયું છે. ત્યારે સ્ટેજ પર દિલજિત દોસાંજ અને કાર્તિક આર્યનને આ મોમેન્ટ ઓડિયન્સ માટે રીક્રિએટ કરીને તેમને મજા કરાવી હતી.




રવિવારે અમદાવાદમાં યોજાયેલા દિલજિત દોસાંજના કોન્સર્ટમાં તેની સાથે કાર્તિક આર્યન પણ જોડાયો હતો

# સલમાન-રશ્મિકા ઈદ અને હોળીના તાલે ઝૂમશે

## 'સિકંદરનું' ૫૦ ટકા જેટલું શૂટિંગ હૈદરાબાદમાં પૂરું થયું

સલમાન ખાને ઈદ પર પોતાની ફિલ્મ રિલીઝ કરવાની પરંપરાને ફરી શરૂ કરી છે. ૨૦૨૫ની ઈદ પર સલમાન-રશ્મિકા મંદાનાની 'સિકંદર' રિલીઝ થવાની છે. આ ફિલ્મનું ૫૦ ટકા શૂટિંગ હૈદરાબાદમાં પૂરું થયું છે અને જાન્યુઆરી સુધીમાં ફિલ્મનું શૂટિંગ સંપન્ન કરી દેવાનું આયોજન છે. આ ફિલ્મમાં સલમાન અને રશ્મિકાએ ઈદને અનુરૂપ કવ્વાલી અને હોળી ગીતો પર મન મૂકીને ડાન્સ કર્યો છે.

'સિકંદર'માં સત્યરાજ ઉર્ફે કટપ્પા અને શરમન જોષી પણ મહત્ત્વના રોલમાં છે. હિન્દી ફિલ્મોમાં એક્શન અને ગીતોનું ખૂબ મહત્ત્વ હોય છે. પ્રોડ્યુસર સાજિદ નડિયાદવાલા અને ગીતકાર પ્રીતમે 'સિકંદર' માટે બે ગીત ફાઈનલ કરી દીધા હોવાનું કહેવાય છે. ઈદના માહોલને અનુરૂપ ગીતની સાથે હોળીના ઉલ્લાસને રજૂ કરતી ધૂનો પર સલમાન અને રશ્મિકાને ઝૂમતા જોઈ શકાશે. સિકંદરમાં કવ્વાલી અને યાદગાર હોળી ગીત જોવા મળશે. આ બંને ગીતો હિટ થવાની ફિલ્મની ટીમને આશા છે. આ બે ગીત ઉપરાંત એક રોમેન્ટિક ગીત પણ રાખવાનું છે. ફિલ્મના ગીતો માટે ભવ્ય સેટ ઊભા કરવામાં આવશે. નડિયાદવાલાને બોલિવૂડમાં હિટ ફિલ્મોની ફોર્મ્યુલા સારી રીતે ખબર છે. તેઓ એક્શન સીક્વન્સ જેટલો જ ખર્ચ ગીતોને ભવ્ય અને યાદગાર બનાવવા માટે કરી રહ્યા છે. એકાદ ગીત પણ લોકજીભે ચડી જાય તો ફિલ્મના હિટ જવાના ચાન્સ વધી જાય છે.



# 'પુષ્પા ૨' ગુમાવનારી શ્રદ્ધા કપૂરને 'વોર ૨' મળી શકે

## રિતિક રોશન અને જુનિયર એનટીઆર સાથે સ્પેશિયલ ડાન્સ ઓફર થયો

ફિલ્મ જગતમાં બોક્સઓફિસના આધારે દર શુક્રવારે સ્ટાર્સના નસીબ બદલાતા હોવાનું કહેવાય છે. શ્રદ્ધા કપૂરના સ્ટારડમમાં 'સ્ત્રી ૨'ની સફળતાએ વધારો કરી દીધો છે, પરંતુ તે પછી શ્રદ્ધાનો નવો કોઈ પ્રોજેક્ટ જાહેર થયો નથી. અલ્લુ અર્જુન સાથે 'પુષ્પા ૨'માં સ્પેશિયલ સોન્ગ માટે શ્રદ્ધા સાથે વાટાઘાટો ચાલી હતી. જો કે આ સ્પેશિયલ સોન્ગ સાઉથની એક્ટ્રેસ શ્રીલીલાને મળી ગયું. શ્રદ્ધાને અન્ય એક બિગ બજેટ ફિલ્મમાં સ્પેશિયલ સોન્ગ ઓફર થયું હોવાનું કહેવાય છે. રિતિક રોશન અને જુનિયર એનટીઆરની 'વૉર ૨'માં સ્પેશિયલ સોન્ગ માટે શ્રદ્ધા ફાઈનલ થાય તેવી શક્યતા છે.



અલ્લુ અર્જુનની બ્લોકબસ્ટર 'પુષ્પા: ધ રાઈઝ'માં સામંથા રૂથ પ્રભુના 'ઊ અંટ્વા...'ના ભરપૂર વખાણ થયા હતા. સામંથાએ 'પુષ્પા: ધ રૂલમાં' સ્પેશિયલ સોન્ગ માટે ઈનકાર કરી દેતાં શ્રદ્ધા કપૂરને ઓફર થઈ હતી. ચર્ચા મુજબ, શ્રદ્ધાએ વધારે ફી માગી હોવાથી શ્રીલીલાની પસંદગી કરવામાં આવી હતી. જો કે શ્રદ્ધા માટે વધારે સારી ઓફર આવી હોવાનું જાણવા મળ્યું છે. બોલિવૂડના ગ્રીક ગોડ કહેવતા રિતિક રોશન અને તેલુગુ સુપર સ્ટાર જુનિયર એનટીઆરની 'વૉર ૨'માં શ્રદ્ધાને તક મળી શકે છે.

'બ્રહ્માસ્ત્ર'ના ડાયરેક્ટર અયાન મુખરજી રિતિક અને જુનિયર એનટીઆર સાથે 'વૉર ૨' બનાવી રહ્યા છે. આગામી વર્ષે ૧૪ ઓગસ્ટે આ ફિલ્મ થીયેટરમાં રિલીઝ થવાની છે. યશરાજ ફિલ્મ્સના સ્પાય યુનિવર્સની આ થ્રિલરમાં કિયારા અડવાણી પણ લીડ રોલમાં છે. 'વોર ૨'માં સ્પેશિયલ સોન્ગની ઓફર ઉપરાંત અન્ય એક ફિલ્મમાં પણ શ્રદ્ધાનું નામ ચર્ચાઈ રહ્યું છે. રણબીર કપૂર અને શ્રદ્ધાએ અગાઉ 'તુ જૂઠી મૈં મક્કાર'માં સાથે કામ કર્યું હતું. આ જોડીને 'ધૂમ ૪'માં રીપિટ કરાય તેવી શક્યતા છે. આ ઉપરાંત સુપરનેચરલ 'નાગિન' પણ નક્કી મનાય છે. શ્રદ્ધાના આગામી પ્રોજેક્ટ્સ અંગે ઘણી બધી અટકળો ચાલી રહી છે, પરંતુ શ્રદ્ધા તરફથી કન્ફર્મેશન અપાયું નથી.




# પબ્લિક ડીમાન્ડની અસર: સોની સબ પર 'તેનાલી રામા' રાત્રે ૮ કલાકે ટેલિકાસ્ટ થશે


સોની સબ પર પોપ્યુલર ટીવી શો 'તેનાલી રામા'ની શરૂઆત ડિસેમ્બર મહિનાથી થઈ રહી છે. ચેનલની આ પહેલને આવકારવાની સાથે 'તેનાલી રામા'ના અનેક ચાહકોએ સોશિયલ મીડિયા પર શોનો સમય રાત્રે ૮ કલાકનો કરવાની ડીમાન્ડ મૂકી હતી. ચાહકોની વિનંતીઓના જવાબમાં, સોની સબ દ્વારા ડિસેમ્બર મહિનાથી રાત્રે ૮ કલાકે આ શોને ટેલિકાસ્ટ કરવાનો નિર્ણય લેવાયો છે. સોની સબના જણાવ્યા મુજબ, આ સિરિયલમાં તેનાલી રામા વિજયનગર રાજ્યમાં પાછા ફરે છે અને એક નવા પડકારનો સામનો કરે છે. તેનાલી રામા ચાર નાના બાળકોને પણ માર્ગદર્શન આપે છે અને વિજયનગરના ભાવિ સંરક્ષક તરીકે તેમને તૈયાર કરે છે. સોની સબએ તાજેતરમાં સિરિયલનો પ્રોમો રજૂ કર્યો. પ્રોમો ઓન-એર થયો ત્યારથી, શોના વફાદાર ચાહકો રાત્રે ૮ વાગ્યે તેના પાછા ફરવાની માંગ કરી રહ્યા છે. લોકોની જબરજસ્ત માંગને જોતા, સોની સબએ તેના શીડ્યુલમાં સુધારો કર્યો છે, અને સત્તાવાર રીતે શો માટે રાત્રે ૮ વાગ્યાના નવા સમયની જાહેરાત કરી છે.

# અને હવેની અભિનેત્રીઓ એક્ટિંગ અને પ્રોડ્યુસરનો રોલ એકી સાથે ભજવે છે !!!

## કંગના - દિપીકા - રિયા - આલિયા ભટ્ટ જેવી અભિનેત્રીઓ હવે ફિલ્મ નિર્માણ ક્ષેત્રે પણ....







કંગના રનૌત, દીપિકા પાદુકોણ, રિચા ચઢ્ઢા, આલિયા ભટ્ટ જેવી યુવા હિરોઈનો પણ હવે ફિલ્મોમાં અભિનયની સાથે સાથે નિર્માતાની બેવડી ભૂમિકા ભજવી રહી છે. તાજેતરમાં, કંગનાના બેનરની ફિલ્મ 'ઈમરજન્સી'ની નવી રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે, જ્યારે રિચા ચડ્ડાની બેનરની ફિલ્મ 'ગર્લ્સ વિલ બી ગર્લ્સ' ફિલ્મ ફેસ્ટિવલમાં ધૂમ મચાવી રહી છે.

એક સમય એવો હતો જ્યારે સામાન્ય રીતે માત્ર હીરો જ પડદા પર અભિનેતા બનવાથી લઈને પડદા પાછળ ફિલ્મ નિર્માતા બનવા સુધીની સફર કરી શકતાં હતાં. દિગ્ગજ રાજ કપૂર હોય, દેવ આનંદ, ધરમ પાજી હોય કે પછી શાહરૂખ ખાન, આમિર ખાન, સલમાન ખાન, અક્ષય કુમાર, અજય દેવગન, ઈન્ડસ્ટ્રીના મોટાભાગનાં સુપરસ્ટાર્સે એક્ટિંગની સાથે સાથે ફિલ્મ પ્રોડક્શનમાં હંમેશાં ડબલ રોલ ભજવ્યો છે. પણ હિરોઈનોના કિસ્સામાં આવાં દાખલા ઓછાં છે.

નરગીસ, નૂતન, મીના કુમારીથી માંડીને શ્રીદેવી, માધુરી દીક્ષિત, કરિશ્મા કપૂર, રવીના ટંડન, મનીષા કોઈરાલા, રાની મુખર્જી, કેટરિના કૈફ, અગાઉની પેઢીની અભિનેત્રીઓએ પોતાને અભિનય પૂરતી સીમિત રાખી હતી પરંતુ બદલાતાં સમય સાથે આપણી નવી પેઢીની નાયિકાઓની વિચારસરણી પણ બદલાઈ ગઈ છે. તે હવે પોતાની જાતને માત્ર સ્ક્રીન પર કોઈ અન્ય વ્યક્તિનું પાત્ર ભજવવા સુધી મર્યાદિત રાખવા માંગતી નથી, પરંતુ સમગ્ર ફિલ્મ પર નિયંત્રણ રાખવા માંગે છે.

આ જ કારણ છે કે અનુષ્કા શર્મા, પ્રિયંકા ચોપરા, દીપિકા પાદુકોણ, કંગના રનૌત, તાપસી પન્નુ, રિચા ચઢ્ઢા, આલિયા ભટ્ટ અને કૃતિ સેનન જેવી યુવા હિરોઈનોએ ફિલ્મ નિર્માણમાં પણ પ્રવેશ કર્યો છે.

માત્ર અભિનય સુધી મર્યાદિત નથી રહેવું : કૃતિ સેનન

હું માત્ર અભિનેત્રી બનવાને બદલે ફિલ્મમાં વધુ સર્જનાત્મક રીતે સામેલ થવા માંગતી હતી. તેથી જ મેં દો પત્તી ફિલ્મ પ્રોડ્યુસ કરવાનું નક્કી કર્યું. હું માનું છું કે શા માટે આપણે આપણી જાતને માત્ર એક જ વસ્તુ સુધી મર્યાદિત રાખીએ.

હિરોઈન કોઈ હિરોથી ઓછી નથી : કોમલ નહાટા

આજનાં યુગમાં દરેક ક્ષેત્રમાં છોકરીઓ અને છોકરાઓ વચ્ચે સમાનતા જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં મહિલા અભિનેત્રીઓએ પણ વિચારવાનું શરૂ કરી દીધું છે કે જો હીરો નિર્માતા બની શકે તો આપણે પણ નિર્માતા બની શકીએ.

નિર્માતા અનુષ્કાએ સફળતાનો નવો રસ્તો બતાવ્યો

એવું નથી કે પહેલાનાં જમાનામાં હિરોઈનોએ પ્રોડક્શનમાં હાથ અજમાવ્યો ન હતો. અગાઉ પણ મધુબાલાએ નાતા, મહલોં કા ખ્વાબ, ઐશ્વર્યા રાય દિલ કા રિશ્તા જેવી કેટલીક ફિલ્મો બનાવી, પ્રીતિ ઝિન્ટાએ ઇશ્ક ઇન પેરિસ જેવી કેટલીક ફિલ્મો બનાવી, પરંતુ આ હિરોઇનો સફળતાનો સ્વાદ ચાખી શકી ન હતી. ખરા અર્થમાં અનુષ્કા શર્માની હિટ ફિલ્મ એન એચ ૧૦ આ મામલે આશાનું એક નવું કિરણ બની છે.આ પછી, પ્રિયંકા ચોપરાએ મરાઠી ફિલ્મો વેન્ટિલેટર અને પાની માટે રાષ્ટ્રીય પુરસ્કાર અને ધ વ્હાઈટ ટાઈગર માટે ઓસ્કાર નોમિનેશન જીતીને મહિલા નિર્માતાઓની વિશ્વસનીયતા વધુ મજબૂત કરી હતી. આ શ્રેણીમાં, ગર્લ્સ વિલ બી ગર્લ્સ માટે સન ડાન્સ અને મામી મુંબઈ ફિલ્મ ફેસ્ટિવલમાં એવોર્ડ જીતનાર રિચા આ પરંપરાને આગળ લઈ જઈ રહી છે.

એક્સપર્ટ્સનું કહેવું છે કે આમિર, શાહરૂખ, અક્ષય જેવાં સ્ટાર્સ તેમની ફિલ્મોનાં કો-પ્રોડ્યુસર બનવા પાછળનું એક કારણ તેમની મોટી ફી છે. ઘણાં નિર્માતાઓ આટલી મોટી ફી ચૂકવવાને બદલે તેમને બિઝનેસ શેર આપીને સહ-નિર્માતા બનાવે છે. નવી પેઢીની અભિનેત્રીઓ નિર્માતા બનવા પાછળ આ પણ એક કારણ છે ? જ્યારે ટ્રેડ એક્સપર્ટ કોમલ નાહટાને આ અંગે પૂછવામાં આવ્યું તો તેઓ કહે છે, 'એવું નથી. મોટા હીરોની ફી રૂ. ૧૦૦થી રૂ.૧૨૦ કરોડ થાય છે, તેથી તેઓ ટકાવારી લે છે.

જ્યારે હિરોઈનની ફી આના ૬૦ કે ૪૦ ટકા પણ નથી, તો તે મુદ્દો નથી. મુખ્ય વસ્તુ સમાનતા છે. આજે યુવતિઓ વિચારે છે કે યુવકો જે કરી શકે છે તે આપણે પણ કરી શકીએ છીએ. જો છોકરાઓ ડિરેક્ટર અને પ્રોડ્યુસર બની શકે તો અમે પણ બની શકીએ છીએ.

હિરોઈનો પોતાનું કદ વધારીને, મજબૂત બની રહીખાસ વાત એ છે કે નિર્માતા તરીકે પોતાનું કદ વધારતી આ હિરોઇનો પોતાનાં માટે એવાં મજબૂત રોલ બનાવી રહી છે જેમાં અન્ય નિર્માતાઓ તેમને જોતાં નથી. જેમ કે, ભાગ્યે જ કોઈ નિર્માતાએ સુંદર દીપિકા પાદુકોણને એસિડ એટેક સર્વાઈવર લક્ષ્મી અગ્રવાલ તરીકે જોઈ હશે, પરંતુ દીપિકાએ આ ફિલ્મ પોતાનાં માટે બનાવી હતી. તેવી જ રીતે, અનુષ્કા શર્મા, નિર્માતા અને અભિનેત્રી તરીકે, એન એચ ૧૦, ફિલૌરી અને પરી જેવી ફિલ્મોમાં વિવિધ અને શક્તિશાળી ભૂમિકાઓમાં જોવા મળી હતી. કંગના તેની ફિલ્મ ઈમરજન્સીમાં ઈન્દિરા ગાંધીની ભૂમિકામાં જોવા મળશે, જ્યારે નિર્માતા આલિયા ભટ્ટે પણ પોતાનાં માટે ડાર્લિંગ અને જીગરા જેવી મજબૂત ભૂમિકાઓ સાથે ફિલ્મો બનાવી છે. કૃતિ સેનન, નિર્માતા તરીકેની તેની પ્રથમ ફિલ્મમાં, પહેલીવાર પોતાને અભિનેત્રી તરીકે ડબલ રોલમાં રજૂ કરી હતી. કૃતિ કહે છે, 'હું મારી કારકિર્દીના એવાં તબક્કામાં હતી જ્યાં હું માત્ર અભિનેત્રી બનવા કરતાં વધુ સર્જનાત્મક રીતે ફિલ્મમાં સામેલ થવા માંગતી હતી. પછી મેં નિર્માતા બનવાનું વિચાર્યું હતું. હું એવાં રોલની પણ શોધમાં હતી.જેમાં મને એક અલગ સ્તરે અભિનય કરવા મળે, જે મને નહોતું મળતું. તેથી મારાં માટે આ તકો ઊભી કરવાની દિશામાં એક પગલું હતું. હું માનું છું કે જો તમારી સામે તકો નથી અને તમે તેને બનાવી શકો છો, તો તમારે તેને બનાવવી જોઈએ. 'નેટ ફ્લીક્સ' પર આવેલી ફિલ્મ દોપતી કૃતિ સૈનન દ્વારા નિર્માણ પામી છે.

આ અભિનેત્રીઓ નિર્માતા બનીને માત્ર પોતાને જ નહીં પરંતુ સમગ્ર સમુદાયને પણ મજબૂત કરી રહી છે. જેમ કે અનુષ્કાએ તેનાં બેનર હેઠળ તૃપ્તિ ડિમરીને કલા અને બુલબુલમાં તેની પ્રતિભા દર્શાવવાની તક આપી છે. તાપસી તેનાં પ્રોડક્શન હાઉસની ફિલ્મ ધક ધકમાં ચાર છોકરીઓની સ્વ-શોધની વાર્તા લાવી હતી જેમાં રત્ના પાઠક શાહ, દિયા મિર્ઝા, ફાતિમા સના શેખ અને સંજના સાંઘી અલગ-અલગ અવતારમાં જોવા મળી હતી.રિચાએ તેની પ્રથમ ફિલ્મ ગર્લ્સ વિલ બી ગર્લ્સનો સેટ પણ મહિલાઓને અનુકૂળ બનાવ્યો હતો. શુચિ તલાટી દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં મોટાભાગનાં વિભાગોમાં મુખ્ય મહિલાઓ રહી છે. જ્યારે લાઈટિંગ વિભાગમાં કોઈ મહિલા નિષ્ણાત ન હતી ત્યારે પણ રિચા અને તેની ટીમે લગભગ ૧૦ છોકરીઓને તાલીમ આપી અને તેમને તૈયાર કરી હતી.





# વુમન ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતે રચ્યો ઈતિહાસ, ચીનને હરાવીને બન્યું ચેમ્પિયન

ભારતીય મહિલા હોકી ટીમે શાનદાર પ્રદર્શન કર્યું છે અને એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઈનલમાં ચીનને 1-0થી હરાવીને ટાઈટલ જીત્યું છે. ભારતીય મહિલા ટીમે આ રીતે ત્રીજી વખત ખિતાબ જીત્યો. દીપિકાએ ત્રીજા ક્વાર્ટરમાં ભારત માટે ગોલ કર્યો જે અંતમાં નિર્ણાયક સાબિત થયો. દીપિકાએ 31મી મિનિટે પેનલ્ટી કોર્નર પર ગોલ કરીને ટીમને લીડ અપાવી હતી. ચીનની ટીમ નિર્ધારિત સમયમાં ગોલ કરી શકી ન હતી અને તેને હારનો સામનો કરવો પડ્યો હતો.




ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે આવેલી ભારતીય ટીમે સમગ્ર ટૂર્નામેન્ટમાં જોરદાર પ્રદર્શન કર્યું હતું અને શાનદાર રમતના આધારે ટાઈટલ જાળવી રાખવામાં સફળ રહી હતી. ફાઈનલમાં ચીને ભારતને જોરદાર ટક્કર આપી હતી અને બંને ટીમો પ્રથમ બે ક્વાર્ટર સુધી ગોલ કરી શકી નહોતી. જોકે, ત્રીજા ક્વાર્ટરમાં દીપિકા ઓલિમ્પિક સિલ્વર મેડલ વિજેતા ચીનની ગોલ પોસ્ટને ફટકારવામાં સફળ રહી હતી. આ ટૂર્નામેન્ટમાં દીપિકાનો આ 11મો ગોલ હતો.

ગયા વર્ષે રાંચીમાં અને 2016માં સિંગાપોરમાં આ ખિતાબ જીતનારી ભારતીય ટીમે જબરદસ્ત તાલમેલ અને સંયમ બતાવ્યો અને ચીનને એકસાથે રાખ્યું. પ્રથમ હાફ ગોલ રહિત રહ્યા બાદ, દીપિકાએ બીજા હાફની પહેલી જ મિનિટમાં ભારતને મળેલા પેનલ્ટી કોર્નર પર ગોલ કરીને ભરચક બિહાર સ્પોર્ટ્સ યુનિવર્સિટી સ્ટેડિયમમાં હાજર દર્શકોમાં ઉત્સાહ જગાવ્યો હતો.

ત્રીજા ક્વાર્ટરમાં જ ભારત પાસે લીડ બમણી કરવાની સુવર્ણ તક હતી, પરંતુ 42મી મિનિટે પેનલ્ટી સ્ટ્રોક પર દીપિકાનો શોટ ચીનના ગોલકીપરે જમણી બાજુએ ડાઈવ કરીને બચાવી લીધો હતો. ચોથા ક્વાર્ટરમાં ભારતને પેનલ્ટી કોર્નર પણ મળ્યો પરંતુ વિવિધતાનું કોઈ પરિણામ આવ્યું નહીં. આ સાથે જ ભારતીય ખેલાડીઓએ ફરી એકવાર ફિનિશિંગ ટચ માટે સંઘર્ષ કર્યો. જાપાન સામેની સેમિફાઈનલમાં 16 પેનલ્ટી કોર્નરમાંથી એક પણ કન્વર્ટ ન કરી શકનાર ભારતીય ટીમની નબળાઈ ફાઈનલની પ્રથમ 30 મિનિટમાં ફરી દેખાઈ જ્યારે તેને મળેલા 4 પેનલ્ટી કોર્નર નિરર્થક ગયા.



## ટીમ ઈન્ડિયાની જીત પર ખેલ મંત્રીએ કરી જાહેરાત, 2025માં બિહારને મળશે ભેટ

બિહારના રાજગીરમાં આયોજિત એશિયન મહિલા હોકી ચેમ્પિયનશિપ મેચમાં ભારતે ફરી એકવાર ચીનને 1-0થી હરાવીને ચેમ્પિયન્સ ટ્રોફી પર કબજો જમાવ્યો છે. ચીન પર ભારતનો આ રોમાંચક વિજય હતો.

પ્રથમ અને બીજા ક્વાર્ટરમાં 30 મિનિટની રમતમાં બંને ટીમો એક પણ ગોલ કરી શકી ન હતી. આ પછી દીપિકાએ ત્રીજા ક્વાર્ટરમાં ગોલ કરીને ભારતને પ્રથમ સફળતા અપાવી હતી. જે બાદ ચીનના ખેલાડીઓ કોઈ ગોલ કરી શક્યા ન હતા.

ભારત અને ચીન વચ્ચેની ફાઈનલ મેચ બુધવારે સાંજે 4.45 કલાકે રાજગીરના હોકી મેદાનમાં શરૂ થઈ હતી. જેમાં ભારત સરકારના શ્રમ અને રોજગાર અને યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો.મનસુખ માંડવિયાએ મુખ્ય મહેમાન તરીકે ભાગ લીધો હતો. આ સિવાય બિહાર સરકારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી અને જળ સંસાધન મંત્રી વિજય કુમાર ચૌધરી હાજર રહ્યા હતા. ફાઈનલ મેચમાં ભારતીય મહિલા હોકી ટીમનું પ્રદર્શન જોવા માટે સ્ટેડિયમ હજારો દર્શકોથી ભરાઈ ગયું હતું અને લોકોએ દરેક જગ્યાએ ત્રિરંગા ઝંડા લહેરાવીને ટીમ ઈન્ડિયાને પ્રોત્સાહિત કર્યા હતા. ટીમ ઈન્ડિયાએ એશિયન મહિલા હોકી ચેમ્પિયનશિપ ટ્રોફી 1-0થી કબજે કરી હતી.

ભારત સરકારના શ્રમ અને રોજગાર અને યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો.મનસુખ માંડવિયાએ એક મોટી જાહેરાત કરી અને કહ્યું કે ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ 2025 બિહારમાં યોજાશે. તેમને આ અદ્ભુત મેદાન અને કાર્યક્રમ માટે મુખ્યમંત્રી નીતિશ કુમારનો આભાર માન્યો હતો.

ભારતીય મહિલા હોકી ટીમની કેપ્ટન સલીમા ટેટેએ મેચ બાદ મીડિયા સાથે વાત કરતા કહ્યું કે તેની ટીમે ખૂબ સારું પ્રદર્શન કર્યું છે. ભારતીય કેપ્ટને રાજગીર ગ્રાઉન્ડ વિશે કહ્યું કે આ મેદાન પર રમવું ખૂબ જ સરસ હતું અને અહીં દર્શકોનો ઘણો પ્રેમ મળ્યો. જ્યારે સમગ્ર ટૂર્નામેન્ટમાં ઓવરઓલ પ્લેયરનો ખિતાબ જીતનાર દીપિકાએ કહ્યું કે અમારી ટીમે ખૂબ જ મહેનત કરી હતી અને અમે અમારી વ્યૂહરચનાથી મેચ જીતવામાં સફળ રહ્યા હતા. તમને જણાવી દઈએ કે ભારતે ત્રીજી વખત આ ટ્રોફી કબજે કરી છે.

## રોહિત શર્મા જરૂરી નથી...! ભારતીય ક્રિકેટર કીર્તિ આઝાદનાં નિવેદનથી થયો હોબાળો

રોહિત શર્મા બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પ્રથમ ટેસ્ટ ગુમાવશે અને જસપ્રીત બુમરાહ પર્થ ટેસ્ટમાં તેની કેપ્ટનશીપ કરશે. રોહિત શર્મા તાજેતરમાં બીજી વખત પિતા બન્યો છે અને તેણે પોતાના પરિવારને સપોર્ટ કરવા માટે બ્રેક લીધો છે. હવે પૂર્વ ભારતીય ક્રિકેટર કીર્તિ આઝાદે પ્રથમ ટેસ્ટમાં રોહિત શર્માની ગેરહાજરી અંગે મોટું નિવેદન આપ્યું છે. 1983ની વર્લ્ડ કપ વિજેતા ટીમનો હિસ્સો રહેલા કીર્તિ આઝાદનું માનવું છે કે એવો કોઈ ખેલાડી નથી જેને રિપ્લેસ ન કરી શકાય.

રોહિત શર્માએ ન્યૂઝીલેન્ડ સામે 6 ઈનિંગ્સમાં માત્ર 91 રન બનાવ્યા હતા. કિર્તિ આઝાદે ખરાબ ફોર્મ સાથે સંઘર્ષ કરી રહેલા રોહિત વિશે કહ્યું, "હા, તે ચિંતાનો વિષય છે. રોહિત



શર્મા ઘણા લાંબા સમયથી ટીમ ઈન્ડિયાનો કેપ્ટન છે. એવું કોઈ નથી જેને બદલી શકાય નહીં. હું કહેવા માંગુ છું કે તે ટીમ ઈન્ડિયાની સૌથી મજબૂત કડી છે, તેથી અમે આશા રાખીએ છીએ કે તે આગામી સિરીઝમાં સારું પ્રદર્શન કરશે. જસપ્રીત બુમરાહે અત્યાર સુધી માત્ર એક જ ટેસ્ટ મેચમાં ભારતનું નેતૃત્વ કર્યું છે, જેમાં ટીમ ઈન્ડિયાને ઈંગ્લેન્ડના હાથે 7 વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો. હવે તે ઓસ્ટ્રેલિયા સામેની પર્થ ટેસ્ટમાં કેપ્ટનશિપ કરશે. બુમરાહની કેપ્ટનશીપ અંગે કીર્તિ આઝાદે કહ્યું, "હું કપિલ દેવ સાથે રમ્યો છું, જેઓ વિશ્વના સર્વશ્રેષ્ઠ ઓલરાઉન્ડર ખેલાડીઓમાંના એક હતા. સુકાનીપદને કારણે તેમના પ્રદર્શનને ક્યારેય અસર થઈ નથી.

## પર્થ ટેસ્ટની પ્લેઈંગ ઈલેવનમાં નિતીશ કુમાર રેડ્ડીને કરો સામેલ! ગાંગુલીએ આપી સલાહ

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર ગાવસ્કર ટ્રોફીની પ્રથમ મેચ પર્થમાં 22 નવેમ્બરથી 26 નવેમ્બર સુધી રમાશે. જેના માટે બંને ટીમો તૈયાર છે, ટીમ ઈન્ડિયા આ મેચમાં રોહિત શર્મા વગર મેદાનમાં ઉતરશે. બીજી તરફ શુભમન ગિલના રમવાનો રસ્તો પણ હજુ સાફ થયો નથી. જેના કારણે પૂર્વ દિગ્ગજ ક્રિકેટર સૌરવ ગાંગુલીએ પર્થ ટેસ્ટમાં યુવા ઓલરાઉન્ડરને સામેલ કરવાની સલાહ આપી છે. જોકે આ નામ થોડું ચોંકાવનારું હોઈ શકે છે.

ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ કહ્યું કે નિતીશ કુમાર રેડ્ડીને પર્થમાં તક આપવી જોઈએ. અહીં બે સ્પિનરોને રમવાનો કોઈ અર્થ નથી. આવી સ્થિતિમાં, તમારે જોવાનું રહેશે કે નિતીશને પ્લેઈંગ ઈલેવનમાં કેવી રીતે સામેલ કરવામાં આવે છે. કારણ કે આ ખેલાડી નીચલા ક્રમમાં સારી બેટિંગ કરી શકે છે. જેના કારણે ટીમનું સંતુલન સારું રહેશે.

તેણે વધુમાં કહ્યું કે, મેં વિચાર્યું નહોતું કે ન્યૂઝીલેન્ડની હાર આ સિરીઝને અસર કરશે. જો કે શુભમન ગિલની ઈજા ટીમ ઈન્ડિયા માટે મોટો ઝટકો છે, આ સિવાય રોહિત શર્મા પણ રજા પર છે, આવી સ્થિતિમાં યુવા ખેલાડીઓએ જવાબદારી નિભાવવી પડશે.

ઈજામાંથી સાજા થયા બાદ મોહમ્મદ શમી શાનદાર પ્રદર્શન કરી રહ્યો છે. રણજી ટ્રોફીમાં શમીએ શાનદાર કમબેક કર્યું હતું અને પહેલી જ મેચમાં 7 વિકેટ ઝડપી હતી. હવે શમી સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં રમતા જોવા મળશે.

## ઈન્ડિયાની જીત બાદ ખેલાડીઓ પર પૈસાનો વરસાદ, બિહારના CMએ કરી મોટી જાહેરાત

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે ભારતીય મહિલા હોકી ટીમને એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી જીતવા બદલ અભિનંદન પાઠવ્યા છે અને ટીમની દરેક ખેલાડીને 10 લાખ રૂપિયાના રોકડ ઈનામની જાહેરાત કરી છે.



આ વખતે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન બિહારના રાજગીરમાં કરવામાં આવ્યું હતું. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી ટ્વિટ કર્યું છે ટીમના બાકીના સપોર્ટ સ્ટાફને પણ 5 લાખ રૂપિયાની રોકડ રકમથી પુરસ્કાર આપવામાં આવશે. ભારતીય મહિલા ટીમને ભવિષ્ય માટે શુભકામનાઓ.

મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે મુખ્યમંત્રીએ ભારતીય ટીમની રમતની પ્રશંસા કરી હતી. બિહારમાં ભારતીય મહિલા હોકી ટીમ માટે આ ઐતિહાસિક જીત છે જ્યાં પ્રથમ વખત આવી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

ટીમે દરેક ભારતીયનું દિલ ગર્વથી ભરી દીધું છે. ટીમના તમામ ખેલાડીઓએ પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કર્યું અને ખૂબ જ શિસ્તબદ્ધ રીતે રમ્યા.

એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી ખિતાબ જીતનાર ભારતીય મહિલા ટીમ પર ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે માતૃશક્તિને અભિનંદન. ACT ફાઈનલમાં ચીનને હરાવીને વૈશ્વિક ક્ષિતિજ પર દેશને ગૌરવ અપાવવા બદલ ભારતીય મહિલા હોકી ટીમને હાર્દિક અભિનંદન. તમે બધા 140 કરોડ ભારતીયોનું ગૌરવ છો. આપ સૌને આપના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ.

બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ કહ્યું કે હું ભારતીય ટીમને અભિનંદન અને શુભેચ્છા પાઠવું છું. બિહારમાં જે રીતે રમતગમતનું વાતાવરણ વિકસી રહ્યું છે, આગામી દિવસોમાં આપણું ક્રિકેટ સ્ટેડિયમ એક વર્ષમાં તૈયાર થઈ જશે.

## રોહિત-વિરાટ અલગ હતા, હું..! પર્થ ટેસ્ટ પહેલા કેપ્ટન બુમરાહે આપ્યું મોટું નિવેદન

જસપ્રીત બુમરાહ પર્થ ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાની કેપ્ટનશીપ કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છે. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન તેણે વિરાટ કોહલી અને રોહિત શર્માની કેપ્ટનશિપ વિશે કહ્યું, "આ સન્માનની વાત છે. મારી પોતાની અલગ શૈલી છે. વિરાટ અલગ હતો, રોહિત અલગ હતો અને મારી પોતાની રીત છે. તે એક વિશેષાધિકાર છે. હું તેને પદ તરીકે નથી લેતો. મને જવાબદારી લેવી ગમે છે. રોહિત શર્મા અમારો કેપ્ટન છે અને તેણે શાનદાર કામ કર્યું છે.



વિરાટ વિશે વધુ, બુમરાહે કહ્યું, "મેં વિરાટ કોહલીના નેતૃત્વમાં ડેબ્યૂ કર્યું હતું, તે ટીમમાં લીડર છે. તે મહાન ખેલાડીઓમાંથી એક છે. તે અમારી ટીમનો શ્રેષ્ઠ પ્રોફેશનલ ખેલાડી છે, હું તેની મજાક ઉડાવવા માંગતો નથી, પરંતુ તે નેટમાં શાનદાર દેખાતો હતો."

બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે 5 મેચની ટેસ્ટ સિરીઝ રમાવાની છે. જેની પ્રથમ મેચ પર્થમાં 22 થી 26 નવેમ્બર દરમિયાન રમાશે. ટીમ ઈન્ડિયા આ મેચ જીતીને સિરીઝમાં શાનદાર શરૂઆત કરવા ઈચ્છશે, પરંતુ તે એટલું સરળ નથી. હવે ચાહકો આ રોમાંચક મેચની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

## મેગા ઓક્શનમાં 4 બેટ્સમેનો પર થશે પૈસાનો વરસાદ, જીતી છે ઓરેન્જ કેપ

IPL 2025ની મેગા ઓક્શનમાં કેટલાક મોટા નામો ભાગ લેશે, જેમાં IPLમાં ઓરેન્જ કેપ જીતનાર ખેલાડીઓનો પણ સમાવેશ થાય છે. સિઝનમાં સૌથી વધુ રન બનાવનાર ખેલાડીને ઓરેન્જ કેપ આપવામાં આવે છે. આ વખતે, ચાર ભૂતપૂર્વ ઓરેન્જ કેપ વિજેતાઓ, જેઓ તેમની શાનદાર બેટિંગ માટે જાણીતા છે, તેઓ મેગા ઓક્શનનો ભાગ બનવા જઈ રહ્યા છે. આ ખેલાડીઓ તેમના અનુભવ અને મજબૂત પ્રદર્શનથી કોઈપણ ટીમ માટે મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે. ચાલો જાણીએ તે 4 ખેલાડીઓ વિશે જે IPL 2025ની હરાજીમાં ભાગ લેશે.



ઓસ્ટ્રેલિયાના સ્ટાર ખેલાડી ડેવિડ વોર્નરને IPL 2025 મેગા ઓક્શન પહેલા દિલ્હી કેપિટલ્સ દ્વારા રિલીઝ કરવામાં આવ્યો હતો. વોર્નરે અત્યાર સુધીમાં ત્રણ વખત 2015, 2017 અને 2019માં ઓરેન્જ કેપ જીતી છે. આખી દુનિયા તેની બેટિંગ કુશળતાને ઓળખે છે અને તે કોઈપણ ટીમ માટે શ્રેષ્ઠ વિકલ્પ બની શકે છે.

ન્યુઝીલેન્ડના દિગ્ગજ બેટ્સમેન કેન વિલિયમસનને મેગા ઓક્શન પહેલા ગુજરાત ટાઇટન્સ દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો. તેણે 2018માં તેના શાનદાર પ્રદર્શનથી ઓરેન્જ કેપ જીતી હતી. વિલિયમસનની કેપ્ટનશિપ અને બેટિંગનો અનુભવ કોઈપણ ટીમ માટે મૂલ્યવાન હોઈ શકે છે.

ભારતના સ્ટાર બેટ્સમેન અને લખનૌ સુપર જાયન્ટ્સના ભૂતપૂર્વ કેપ્ટન કેએલ રાહુલને હરાજી પહેલા ટીમ દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો. રાહુલે 2020માં શાનદાર પ્રદર્શન કરીને ઓરેન્જ કેપ જીતી હતી. તે તેની આક્રમક અને ઉત્તમ બેટિંગ માટે જાણીતો છે.

ઈંગ્લેન્ડના વિસ્ફોટક બેટ્સમેન જોસ બટલરને મેગા ઓક્શન પહેલા રાજસ્થાન રોયલ્સ દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો. બટલરે તેની વિસ્ફોટક બેટિંગથી 2022માં ઓરેન્જ કેપ જીતી હતી. તે કોઈપણ ટીમ માટે મેચ વિનર સાબિત થઈ શકે છે.

## થોડું જ્ઞાન ભવિષ્ય માટે પણ બચાવી રાખો સંજય માંજરેકર પર કેમ ભડક્યો શમી?

મોહમ્મદ શમી હાલમાં ઈજાગ્રસ્ત હોવાના કારણે ટીમ ઈન્ડિયામાંથી બહાર છે. તેણે ભારત માટે તેની છેલ્લી મેચ 2023 ODI વર્લ્ડ કપ ફાઈનલમાં રમી હતી. ઈજાના કારણે શમી 2024ની આઈપીએલમાં પણ નહોતો રમી શક્યો. શમી ગુજરાત ટાઈટન્સનો હિસ્સો હતો. હવે તે 2025ની મેગા ઓક્શન માટે મેદાનમાં ઉતરશે. પરંતુ તે પહેલા શમી ટીમ ઈન્ડિયાના પૂર્વ બેટ્સમેન સંજય માંજરેકર પર ભડકી ગયો છે. તો ચાલો જાણીએ આખરે શું છે સમગ્ર મામલો.

હકીકતમાં સંજય માંજરેકરે એક નિવેદન આપતા હતું કે, 'શમીને ઓક્શનમાં ઈચ્છા પ્રમાણેની કિંમત નહીં મળશે. સંજય માંજરેકરે આ વાત શમીની ઈજાને ધ્યાનમાં રાખીને કહી હતી.' હવે તેના પર




શમીએ કહ્યું કે, 'ભવિષ્ય જાણવા માટે લોકોએ સંજય સરને મળવું જોઈએ.'

શમીએ ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી શેર કરી છે. સ્ટોરીમાં માંજરેકરની ભવિષ્યવાણી લખી હતી, જે તેણે ભારતીય ફાસ્ટ બોલર અંગે કરી હતી. પછી તેની નીચે શમીએ લખ્યું કે, 'બાબાની જય હો. થોડું જ્ઞાન તમારા ભવિષ્ય માટે પણ બચાવી રાખો, કામ આવશે સંજય જી. જો કોઈએ ભવિષ્ય જાણવું હોય તો સરને મળો.'

તમને જણાવી દઈએ કે, ગુજરાતે 2022ની મેગા ઓક્શનમાં શમીને પોતાની ટીમમાં સામેલ કર્યો હતો. 2022માં શમીએ 16 મેચોમાં 20 વિકેટ ખેરવી હતી. ત્યાર બાદ આગલી સિઝનમાં એટલે કે IPL 2023માં શમીએ 17 મેચમાં 28 વિકેટ ઝડપી હતી, જેના પછી તે સિઝનમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર બની ગયો હતો. પરંતુ તે પછી શમી ઈજાના કારણે 2024ની આગામી સિઝન રમી નહોતો શક્યો, ત્યારબાદ ફ્રેન્ચાઈઝીએ તેને મેગા ઓક્શન પહેલા રિલીઝ કરી દીધો છે.

નોંધનીય છે કે, મોહમ્મદ શમી પોતાના કરિયરમાં 110 IPL મેચ રમ્યો છે. આ મેચોની 110 ઈનિંગમાં બોલિંગ કરતા તેણે 26.86ની એવરેજથી 127 વિકેટ ખેરવી છે.

# ઠગાઈ કેસમાં પારકો એક્સપોર્ટ કંપનીના મહિલા મેનેજર સીમરનનાં આગોતરા જામીન મંજુર

## સેશન્સ કોર્ટમાં બચાવ પક્ષે વકીલ રહીમ શેખે દલીલો કરી હતી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૧

બમરોલીના કાપડ વેપારી સાથે પારકો એક્સપોર્ટ કંપનીએ કરેલા લાખોના કૌભાંડમાં મહિલા મેનેજર સીમરન રાણાના આગોતરા જામીન મંજુર સેશન્સ કોર્ટે મંજુર કર્યા હતા. અગાઉ કરોડોની ઠગાઈના અન્ય ગુનામાં પણ સીમરનના આગોતરા જામીન મંજુર થયા હતા. આરોપી તરફે વકીલ રહીમ શેખની દલીલો કોર્ટે મંજુર રાખી હતી.

આ કેસની વિગત એવી છે, કે કૌભાંડ કરવામાં પંકાયેલી સારોલીની પારકો એક્સપોર્ટ કંપની સામે ડીસીબી રૂ.૪.૪૭ કરોડની ઠગાઈની ફરિયાદ નોંધાઈ હતી. ત્યારબાદ આ પારકો એક્સપોર્ટ કંપનીના ડિરેક્ટરથી લઈને મેનેજર સુધીના કર્મચારીઓ સામે ખટોદરા પોલીસ સ્ટેશનમાં બીજી અન્ય એક ઠગાઈની ફરિયાદ દર્જ થઈ હતી. સગરામપુરા દેસાઈ શેરીમાં રહેતા પરેશ ફરસરામ મહાદેવવાલાએ પારકો એક્સપોર્ટ કંપનીના ડિરેક્ટરો,સીઈઓ અને મેનેજર તેમજ કાપડ દલાલ સામે ખટોદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પારકો એક્સપોર્ટ કંપનીએ પરેશ મહાદેવવાલાની બમરોલી રોડ ખાતે આવેલી ફર્મમાંથી કાપડ ખરીદી રૂ.૩૯.૦૫ લાખનુ પેમેન્ટ નહિ ચુંકવી છેતરપીડી કરી હતી. આ કેસમાં સીમરન રાણાએ વકીલ રહીમ શેખ મારફતે આગોતરા જામીન અરજી કરી હતી. જે જામીન અરજી કોર્ટે મંજુર કરી હતી. અગાઉ રૂ.૪.૪૭ કરોડના ડીસીબીની ઠગાઈ કેસમાં સીમરન રાણા આગોતરા જામીન મુક્ત થઈ હતી.

# ઠગાઈ કેસમાં શીવકલા ફેશનના ભાગીદારોના જામીન મંજૂર

## રૂ.૧ કરોડનાં યાર્ન ખરીદીના પેમેન્ટ બાબતે કેસ થયો હતો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૧

યાર્ન ખરીદીના રૂ.૧ કરોડ નહિ ચુકવી છેતરપીડી કરવાના કેસમાં સચિન જીઆઈડીસીના શીવકલા ફેશનના ભાગીદારોના જામીન સુરત ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટે કોર્ટે મંજુર કર્યા હતા.

આ કેસની વિગત એવી છે કે, કાપોદ્રા કલાકુંજ સોસાયટીમાં રહેતા મિલન હરી સખવાળા અને સુમુલ ડેરી રોડ સહયોગ સોસાયટીમાં રહેતા મીત જયંતી સુદાણી પાસેથી સચીન જીઆઈડીસીના શીવકલા ફેશનના ભાગીદારો મુકુંદ અરવિંદ પચ્ચીગર અને ધવલ ગોળવાલાએ યાર્નનો માલ ખરીધ્યો હતો. પરંતુ મુકુંદ પચ્ચીગર અને ધવલ ગોળવાળાએ રૂ.૧.૦૫ કરોડનુ પેમેન્ટ ચુકવ્યું ન હતું. જેથી મુકુંદ પચ્ચીગર અને ધવલ ગોળવાલા વિરૂદ્ધ સચિન જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં જેલમાં બંધ આરોપી મુંકુદ પચ્ચીગર અને ધવલ ગોળવાલાએ જામીન મુક્ત થવા વકીલ મિલિન એસ મોદી અને ચિરાગ પી મહેતા મારફતે સુરત કોર્ટમાં જામીન અરજી કરી હતી. કોર્ટે આરોપીઓને જામીન ઉપર મુક્ત કર્યા હતા.



# અંકલેશ્વર ગોલ્ડન બ્રિજ નીચે ગેરકાયદે માટી ખનન ઝડપાયું

## ત્રણ ટ્રક અને બે હિટાચી મશીનો જપ્ત કરાયા

અંકલેશ્વર, તા.૨૧

અંકલેશ્વર તાલુકાના કાંસીયા ગામ ખાતે ગોલ્ડન બ્રીજ નીચે પુર્વ દિશામાં નર્મદા નદીના કિનારે હીટાચી મશીન તથા ટ્રકો દ્વારા માટીનું ગેરકાયદેસર રીતે નદી કિનારેથી માટી ખોદી વાણીજ્ય ઉપયોગ કરતા હોવાની ટેલિફોનિકના માધ્યમથી સુચના મળતા અંકલેશ્વર મામલતદાર કચેરીએથી ટીમ બનાવી અંકલેશ્વર તાલુકાના કાંસીયા ખાતે ગોલ્ડન બ્રીજ નીચે પુર્વ દિશામાં રેડ કરવામાં આવી હતી.આ રેડ દરમ્યાન નર્મદા કિનારે હીટાચી મશીન તથા ટ્રક દ્વારા માટીનું ગેરકાયદેસર રીતે નદી કિનારેથી માટી ખોદી વાણીજ્ય ઉપયોગ કરતા હોવાનું તેમજ પર્યાવરણ તથા નદીકાંઠાને નુકસાન થતું હોવાનું ધ્યાને આવ્યું હતું. જે અન્વયે ગુજરાત ખનીજ ગેરકાયદે ખનન અને પરિવહન તેમજ સંગ્રહ નિયમો - ૨૦૧૭ ના ભંગ બદલ મળેલી સત્તાની રૂએ વાહન ડ્રાઈવર/ માલીકોના નિવેદનો મેળવવામાં આવ્યા હતા.

આ રેડ દરમ્યાન બે હિટાચી મશીનો, અને ત્રણ ટ્રક જપ્ત મળી કુલ એક કરોડ નેવ્યાસી લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. વાહનો કબ્જે કરી સ્થળ પર જ પોલીસ ઈન્પેક્ટર અંકલેશ્વર શહેર બી ડીવીઝન પોલીસને સોપવામાં આવ્યા હતા. અને ગેરકાયદેસર માટી ખોદકામ અંગે જરૂરી સર્વેની કામગીરી ખાણ ખનીજ ખાતા દ્વારા કરી નિયમોનુસાર દંડની કાર્યવાહી કરવામાં આવશે.

# ચેક રિર્ટન કેસમાં આરોપી પરેશ નાકરાણીને સજાનો હુકમ કાયમ રાખતી સેશન્સ કોર્ટ

## આરોપીએ ટ્રાયલ કોર્ટના હુકમને સેશન્સમાં પડકાર્યો હતો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૧

ચેક રીટર્ન કેસમાં આરોપી પરેશ નાકરાણીએ ટ્રાયલ કોર્ટે કરેલા હુકમને સેશન્સ કોર્ટમાં પડકાર્યો હતો. સેશન્સ કોર્ટે ૧ વર્ષની સજાનો ટ્રાયલ કોર્ટનો હુકમ કાયમી રાખ્યો હતો.

આ કેસની વિગત એવી છે કે, વરાછા મીનીબજાર રાજહંસ હાઈટ્સમાં રહેતા પરેશ નાગજી નાકરાણીએ સ્થાનિક વિસ્તારની આવકાર અર્બન કો.ઓ. કેડીટ સોસાયટીમાંથી રૂ.૧૦ લાખની લોન ધંધાના કામ લીધી હતી. લોનના હપ્તા ભરવામાં પરેશ નાકરાણી અનિયમિત થતા સંસ્થા દ્વારા લોનના નાણાની માગણી કરવામાં આવી હતી. જેથી પરેશ નાકરાણીએ સંસ્થાને રૂ.૧૦.૮૫ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક પરત ફરતા સંસ્થાના મેનેજરે વકીલ નરેશ નાવડિયા,ભાવેશ નાવડિયા અને સંદીપ માંગુકીયા મારફતે કોર્ટમાં ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. જેમાં ટ્રાયલ કોર્ટે આરોપી પરેશ નાકરાણીને ૧ વર્ષની સાદી કેદની સજા કરી હતી.

# રાઈના પાકમાં રોગ-જીવાત નિયંત્રીત કરવા પગલા સૂચવાયા

## ખેડુતોએ વાવણી પહેલા અને વાવણી સમયે તકેદારી દાખવવી

સુરત, તા.૨૧

રાઈના પાકમાં રોગ-જીવાત નિયંત્રણ માટે સરદાર કૃષિનગર દાંતીવાડા અને આણંદ કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યું છે. જેમાં રાઈના પાકમાં તળછારો રોગને અટકાવવા માટે બે થી ત્રણ વર્ષ માટે પાકની ફેરબદલી કરવી જોઈએ. સાથે જ રોગિષ્ટ અવશેષોનો નાશ કરવો, રોગમુક્ત પ્રમાણિત બિયારણની પસંદગી કરવી જોઈએ. જીએમ ૭(બનાસ અનમોલ), ગુજરાત આણંદ રાઇ -૮ (આણંદ હેમા) જેવી ભૂકી છારો રોગપ્રતિકારક નવીન જાતો વાવેતર કરવાની ભલામણ કરી છે.

બિયારણને વાવતા પહેલાં ફૂગનાશક દવા થાયરમ અથવા કેપ્ટાન (૩ ગ્રામ પ્રતિ ૧ કિ.ગ્રા. બીજ) અથવા એપ્રોન (મેટાલેક્ષીલ) ૩૫ એસ ડી નો ૬ ગ્રામ/ કિ.ગ્રા. બીજ દીઠ પટ આપવો. ભલામણ મુજબ નાઈટ્રોજનયુક્ત ખાતર અને પિયત આપવાનો આગ્રહ રાખવા જોઈએ. વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલા લેબલ મુજબ જે તે પાક માટે તે ભલામણમાં જણાવ્યા મુજબની કાળજીઓ રાખવા જણાવાયું છે.

આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક, વિસ્તરણ, ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) તેમજ નાયબ ખેતી નિયામક(તાલીમ)નો સંપર્ક સાધવા સુરત જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# બાગાયત ખાતાની યોજનાઓના લાભો લેવા માટે આઈ-ખેડુત પોર્ટલ શરૂ

## કેળા, આંબા, કમલમ જેવા ફળોની ખેતી માટેની સહાય માટે ઓનલાઈન અરજી કરવા અનુરોધ

સુરત, તા.૨૧

સુરત જિલ્લાના ખેડૂતો માટે બાગાયત ખાતાની ચાલુ તથા નવી બાબતની યોજનાઓ માટે આઈ-ખેડૂત પોર્ટલ તા.૨૧/૧૧/૨૦૨૪ થી તા. ૨૦/૧૨/૨૦૨૪ સુધી ખુલ્લુ મુકવામાં આવ્યું છે. જેમાં ખેડૂત મિત્રોએ લાભ લેવા પોતાના નજીકના ગામના ઈ-ગ્રામ સેન્ટર, ખાનગી ઈન્ટરનેટ અથવા અત્રેની કચેરીમાં સવારના ૧૧.૦૦ કલાક થી સાંજના ૫.૦૦ કલાક દરમ્યાન ૭/૧૨,૮-અ ની નકલ, આધાર કાર્ડની નકલ, રેશન કાર્ડની નકલ અને બેંક ખાતાની વિગત સાથે લઈ જઈને ikhedut.gujarat.gov.in સાઈટ પર સમયસર અરજી કરવી. અરજી કર્યા બાદ અરજીની કોપી સાથેના સાધનિક કાગળો દિન- ૭ માં નાયબ બાગાયત નિયામકની કચેરી, લાલ બંગલા સામે, ઓલપાડી મહોલ્લો, અઠવાલાઈન્સ, સુરત ખાતે જમા કરાવવાની રહેશે. વધુ વિગતો માટે ફોન નં : ૦૨૬૧-૨૬૫૫૯૪૮. પર સંપર્ક કરવો.

અરજી કરવાના ઘટકોમાં નવી બાબત તરીકે ક્રોપ કવર (શાકભાજી પાકો માટે), ક્રોપ કવર/ બેગ (કેળ/પપૈયા પાક માટે), દાડમ ક્રોપ કવર/ખારેક બંચ કવર, ફ્રૂટ કવર (આંબા, દાડમ, જામફળ, સિતાફળ, કમલમ ફળ (ડ્રેગન ફ્રૂટ) જયારે ચાલુ બાબત તરીકે દરીયાઈ માર્ગે ફળ, શાકભાજી, ફુલ તથા છોડના નિકાસ માટે વાહતુક ખર્ચ, હવાઈ માર્ગે બાગાયત પેદાશની નિકાશ માટેના નૂરમાં સહાય, નિકાસકારોને બાગાયતી પાકોની ઈરેડીએશન પ્રક્રિયા માટે સહાય મેળવવા અરજી કરવા માટે સુરત નાયબ બાગાયત નિયામક દ્વારા જણાવાયું છે.

**જમ્મુ**

**પહેલા પાનાનું ચાલુ**

કેમ્પ પર આતંકી હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં ડોક્ટર સહિત સાત લોકોનાં મોત થયાં અને પાંચ લોકો ઘાયલ થયાં હતાં.

**પન્નુની હત્યાના**

**પહેલા પાનાનું ચાલુ**

ફેલાવવામાં આવેલી અફવાઓમાંથી ઉપજી છે. તેમાં કહેવામા આવ્યું છે કે વિકાસ યાદવ હરિયાણા અને પંજાબના વિસ્તારમાં હોઈ શકે છે.યાદવ સામે પન્નુની હત્યાનું ષડયંત્ર રચવાના આરોપમાં ન્યુયોર્કની એક અદાલતમાં લગાવાયો હતો. આ મામલે ભારતીય મૂળના કથિત ડ્રગ ડીલર નિખિલ ગુપ્તાની પણ ધરપકડ કરાઈ હતી.

એફબીઆઈના પ્રયાસોની ખબર પડે છે કે, યાદવ અમેરિકી કાનૂન પ્રવર્તન માટે સર્વોચ્ચ પ્રાથમીકતા છે. જો કે તેની ધરપકડ અને ત્યારબાદ તેનું પ્રત્યાર્પણ સરળ નહી થઈ શકે. ભારત સરકાર બે પેન્ડીગ પ્રત્યાર્પણના બારામાં પોતાની માંગ ફરીથી બેવડાવી શકે છે.

**કૈલાસ માન**

**પહેલા પાનાનું ચાલુ**

કરતાં હતા.આ ટ્રેડ પર જ ધારમાં ઘાટીના ૧૪ ગામ, વ્યાસ ઘાટીના ૭ ગામ, જૌહાર ઘાટીનું ૧૨ ગામના લોકો નિર્ભર રહે છે.

ભારતના વેપારીઓ તકલાકોટ મંડીમાં બ્યુટી પ્રોડકટ, મિશ્રી, તમાકુ વગેરે વેચતા હતા અને ત્યાંથી ઉન, ધાબડા, જેકેટ, જુતા વગેરે ખરીદીને લાવતા હતા જે ભારતની બજારોમાં સારા ભાવે વેચાય છે.આ રસ્તે જ દર વર્ષે ૨૦ કરોડ રૂપિયાનો વેપાર થતો હતો. સુધા બોહરા કહે છે કે હવે આશા છે કે જો યાત્રા શરૂ થાય તો ફરી વેપાર પણ શરૂ થઈ જશે.

**લિંબાયત ઝોન**

**પેજ-૨ પાનાનું ચાલુ**

વાળો જુનો મીઠી ખાડી રોડ તરફના ટ્રાફિકના ભારણમાં નોંધપાત્ર ઘટાડો થશે . વધુમાં, સુરત મહાનગરપાલિકા દ્વારા આ તમામ કામગીરી સાઉથ ઈસ્ટ ઝોનના ડે.મ્યુ.કમિશનરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના નેતૃત્વ હેઠળ પુર્ણ કરવામાં આવેલ છે.

**વિશ્વ દિવ્યાંગ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

તરફથી તમામ જરૂરી સહાય આપવા જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક દિવ્યાંગજનો માટે નોંધણી ફરજિયાત https://froms.gle/WzVzoVzKJMPhzQVw8 ગૂગલ ફોર્મ દ્વારા તા.૨૫/૧૧/૨૦૨૪ સુધીમાં રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. ફોર્મમાં જરૂરી વિગતો પૂરવા અને આધાર દસ્તાવેજો અપલોડ કરવાથી પ્રવેશ મળશે.

આ આયોજનનું મુખ્ય હેતુ દિવ્યાંગજનો માટે પ્રેરણાદાયક વાતાવરણ ઊભું કરવાનું છે, જ્યાં તેઓ પોતાની પ્રતિભા અને ક્ષમતાનું પ્રદર્શિત કરી શકશે. વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રદર્શન અને ચર્ચા સત્રો દ્વારા દિવ્યાંગજનોને સમાનતાના નવું દ્રષ્ટિકોણ મળી રહેશે. રાજયમાં આ આયોજન કદાચ પ્રથમવાર થઈ રહ્યું છે. આ ઉત્સવ માત્ર ઉજવણી સુધી મર્યાદિત નહીં રહે, પરંતુ દિવ્યાંગજનોને જીવનના દરેક ક્ષેત્રમાં સક્રિય ભાગીદારી માટે પ્રોત્સાહિત કરશે.

**કરાડવાની વિવાદી**

**પેજ-૨ પાનાનું ચાલુ**

અમારી સાથે વેચાણ વ્યવહારો કરેલા પરંતુ સમય જતાં જમીન માલિકોએ અમોને આપેલ વિશ્વાસ તોડી અમો વિરુદ્ધ કાર્ય કરતાં હોય તેવું જણાતા અમોએ સુરત સિવિલ કોર્ટમાં સ્પે.દિ.મુ નં-૨૫૮/૨૦૨૪ થી અમો ફરિયાદીએ અમારા હક્ક બાબતે દાવો દાખલ કરેલ. સદરહુ જમીનમાં દાવા પ્રકરણ ચાલી રહ્યો હોવા છતાં દાવાના પ્રતિવાદીઓ દ્વારા બાંધકામ પરવાનગી મેળવ્યા વિના 'સાઈ આંગન રેસીડેન્સી' નામે રો-હાઉસ પ્રકારના ગાળા પાડી એકસરખા મકાનો બનાવી રહ્યા છે. આ અંગે તાકીદે કાયદેસરની કાર્યવાહી કરવા ફરિયાદી દ્વારા સુડાના સીઈઓ સમક્ષ માંગ કરવામાં આવી છે.

**ચેમ્બર દ્વારા**

**પેજ-૨ પાનાનું ચાલુ**

આધુનિક યુગમાં પાવરનો મુખ્ય સ્ત્રોત જ્ઞાન બની ગયું છે. પુસ્તકમાં કરાયેલા ઉલ્લેખ મુજબ સામાન્યપણે સત્તાના ત્રણ પ્રકાર હોય છે. જેમાં બળપૂર્વકનો ઉપયોગ, સંપત્તિથી આર્થિક નિયંત્રણ અને જ્ઞાન એટલે માહિતી અને વિચારશક્તિનું પ્રભુત્વનો સમાવેશ થાય છે. જો કે, હવે જ્ઞાન અન્ય કોઈપણ સાધન કરતા વધુ પ્રભાવશાળી બન્યું છે. જ્ઞાન વહેંચી શકાય છે અને નવીનતા માટેના માર્ગો ખોલે છે.

આજના આધુનિક યુગમાં હવે ઔદ્યોગિક અર્થતંત્રથી જ્ઞાન આધારિત અર્થતંત્ર તરફ પરિવર્તન થઇ રહયું છે. વિવિધ માહિતી ટેકનોલોજીવાળા ગ્લોબલ માર્કેટને નવી રીતે આકાર આપે છે. જ્ઞાનથી હવે સત્તાનું વિકેન્દ્રીકરણ થઇ રહયું છે. ટેકનોલોજી ગ્રાહકોને વધુ પ્રભાવશાળી બનાવે છે અને તેમની જરૂરિયાતો અનુસાર સેવાઓ આપે છે. જ્ઞાનથી જીઓપોલિટિકલ પરિવર્તન આવી રહયા છે. જો કે, માહિતીની હેરફેરમાં કયારેક ખોટી માહિતી અને સાયબરસુરક્ષા જેવા નવા ચિંતાજનક મુદ્દાઓ પણ ઉદ્ભવે છે.

વકતા શ્રી સિદ્ધાર્થ દવેએ વધુમાં જણાવ્યું હતું કે, જ્ઞાનને કારણે ટેકનોલોજીનો વિકાસ થઇ રહયો છે અને તેને કારણે દરેક ક્ષેત્રોમાં ઝડપથી પરિવર્તનો થઇ રહયા છે, આથી હવે નીતિ અને નૈતિક દ્રષ્ટિકોણથી સમાજને નવી સત્તાની ગતિશીલતાઓ માટે તૈયારી કરવી પડશે. જ્ઞાનથી વ્યક્તિગત સશક્તિકરણ થાય છે. લેખક અલવિન ટોફલરનું પાવરશિફટ દર્શાવે છે કે, જ્ઞાન ભવિષ્ય ઘડવામાં કેવી રીતે મહત્વપૂર્ણ બન્યું છે. વધુમાં તેમણે આ પુસ્તકમાં કરાયેલા ઉલ્લેખ પ્રમાણે નવી દિશામાં નવીનતાને સ્વીકારવા, વિકેન્દ્રીકરણને અપનાવવા અને નૈતિક પડકારો માટે તૈયાર થવા જેવા મુખ્ય મુદ્દાઓ પર ભાર મૂકયો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુકલ તથા ઉદ્યોગ સાહસિકો અને વિદ્યાર્થીઓ સેશનમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી સંજય પંજાબીએ સેશનનું સંચાલન કર્યું હતું. જયારે ચેમ્બરની રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કમિટીના કો—ચેરમેન સીએ અશોક શારદાએ વકતા શ્રી સિદ્ધાર્થ દવેનો પરિચય આપ્યો હતો. વકતાએ સેશનમાં ઉપસ્થિતોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેન સીએ અનુજ જરીવાલાએ સેશનમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.

**ટેનિસ રમતના**

**પેજ-૨ પાનાનું ચાલુ**

ટેનીસ રમતની સ્પર્ધામાં મેળવેલ સિધ્ધિઓના પ્રમાણપત્રો, GSTA Ranking. AITA Ranking. ITF Ranking પ્રમાણપત્રો) સાથે હાજર રહેવા આથી જણાવવામાં આવે છે. રજીસ્ટ્રેશન માટે અલ્ટેવોલ એલેક્ઝાન્ડર વાસ્કે ટેનીસ યુનિવર્સિટીના સંપર્ક નંબર ૯૯૭૮૯૭૧૯૧૯ અને ઈ-મેઈલ આઈડી info@altevol.com પર સંપર્ક કરવાનો રહેશે

**૭૭મો વાર્ષિક**

**પેજ-૨ પાનાનું ચાલુ**

વિશાળ માનવ પરીવારને સંબોધિત કરતાં સતગુરુ માતા સુદીક્ષા જી મહારાજે લાખોની સંખ્યામાં સમ્મિલિત શ્રદ્ધાળુઓને પોતાના અમૃતમયી પ્રવચન દ્વારા કહ્યું હતું કે "સંસારમાં જેટલી ચીજવસ્તુઓ અમે જોઇએ અને અનુભવીએ છીએ તે તમામ પરિવર્તનશીલ છે.તેમાંનો કોઇ પદાર્થ શાશ્વત સત્ય કહેવાતો નથી. જેવી રીતે દિવસ આથમે ત્યાર પછી રાત થાય છે અને રાત્રિ પુરી થયા પછી દિવસની શરૂઆત થાય છે તેવી જ રીતે કોઈપણ વસ્તુ કે પદાર્થના અસ્તિત્વને શાશ્વત માની લેવો તે અમારો ભ્રમ હોય છે કારણ કે વાસ્તવિક સત્ય તો ફક્ત એક નિર્ગુણ નિરાકાર પ્રભુ પરમાત્મા છે જેને વિભિન્ન નામોથી યાદ કરવામાં આવે છે. આ નિરંતર એકરસ રહેનાર સત્યને અપનાવવાથી,જીવનનું અંગ બનાવવાથી નિ:સંદેહ અમે તમામ પ્રકારના ભ્રમોમાંથી મુક્તિ મેળવી શકીએ છીએ."

નિરંકારી રાજપિતા રમિતજીએ પોતાના વિચારોમાં કહ્યું કે ૭૭મા વાર્ષિક નિરંકારી સંત સમાગમમાં ભાગ લેવો સંતો અને શ્રદ્ધાળુઓના માટે એક આનંદનો અનોખો અવસર છે.આ સમાગમ જીવનને ઉંડાણ અને વિસ્તરણ પુરૂ પાડે છે. સતગુરુની કૃપા અને ઉપદેશોએ માનવ અસ્તિત્વને અસિમ અને ગૌરવશાળી બનાવ્યું છે. પોતાના અસ્તિત્વને ઓળખવું એ જ સાચો સ્વાર્થ છે. સતગુરુ એ જ શિખવે છે કે મનુષ્ય જીવનનો અર્થ સમજવા માટે આપણે પોતાના સ્વાર્થથી આગળ વધીને માનવમાત્રની સેવા કરવાની છે.સદગુરૂએ સમજાવ્યું છે કે ભક્તિ ફક્ત સાધન નથી પરંતુ સાધ્ય છે.ભક્તિ જ્યારે જીવનનું અંગ બને છે ત્યારે સાંસારિક સુખો ગૌણ બની જાય છે.સદગુરૂ દ્વારા આપવામાં આવેલ આધ્યાત્મિકતા આપણી વિચારસરણી, પ્રેમ, સેવા, સમર્પણ, કરૂણા તથા અન્ય દિવ્ય ગુણોનો વિસ્તાર કરે છે. સત્સંગમાં આવીને સતગુરુ ના માધ્યમથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવું તથા સંતોના વચનોને સાંભળવાથી અમારી વિચારશક્તિ વિશાળ બને છે.જ્યારે આપણે આ નિરાકાર પ્રભુ પરમાત્માની સાથે જોડાઇ જઈએ છીએ ત્યારે આપણા જીવનના દરેક રંગને અપનાવીને તેનાથી અલગ રહેતાં શીખીએ છીએ. આ નિરાકાર પ્રભુ પરમાત્મા દરેક સમયે, દરેક પરિસ્થિતિમાં હાજર છે તેને ઓળખીને દરેક વ્યક્તિ પોતાના જીવનને યોગ્ય દિશામાં વિસ્તાર કરી શકે છે.

સતગુરુ માતા સુદીક્ષા જી મહારાજે ત્રિદિવસીય ૭૭મા વાર્ષિક નિરંકારી સંત સમાગમના સમાપન દિવસે લાખોની સંખ્યામાં ઉપસ્થિત શ્રદ્ધાળુ ભક્તો અને પ્રભુપ્રેમી સજ્જનોને સંબોધન કરતાં કહ્યું હતું કે "પરમાત્મા અસિમ છે તેનો કોઇ અંત નથી,તેની સાથે જોડાનારી દરેક ચીજ આપોઆપ અસિમ બની જાય છે.બ્રહ્મજ્ઞાનના માધ્યમથી પરમાત્માને જાણીને જ્યારે અમે તેની સાથે જોડાઇ જઇએ છીએ ત્યારે જ આ દિવ્યયાત્રા સાચા અર્થમાં શરૂ થાય છે, જેનાથી આપણા જીવનના દરેક પાસાઓ સકારાત્મક રીતે વિસ્તાર પામે છે.અજ્ઞાનના કારણે સંસારમાં ભેદભાવના અનેક કારણો શોધવામાં આવે છે.આજકાલ જાતિ-પાતિ સિવાય જીવનશૈલી, શહેર કે ગામડાના રહેવાના સ્થાન જેવા કારણોસર પણ ભેદભાવ કરવા લાગ્યા છે.જ્યારે બીજી બાજું બ્રહ્મજ્ઞાની સંતો એક પ્રભુ પરમાત્માને જીવનનો આધાર બનાવીને સહજરૂપમાં સંકુચિતતામાંથી બહાર આવી સમદ્રષ્ટિના સુંદર ભાવોને અપનાવે છે."

સમાગમના ત્રીજા દિવસનું મુખ્ય આકર્ષણ બહુભાષી કવિદરબાર હતું જેમાં દેશ વિદેશના ૧૯ જેટલા કવિઓએ "અસિમ પરમાત્મા તરફ વિસ્તરણ" વિષય ઉપર અનેક ભાષાઓમાં પોતાની મધુર અને પ્રેરણાત્મક કાવ્ય રચનાઓ રજૂ કરી હતી જેની ભરપુર પ્રસંશા કરવામાં આવી હતી.સમાગમના પ્રથમ દિવસે આયોજીત બાળ કવિ દરબારમાં બાળકોએ અલગ અલગ ભાષાઓમાં કાવ્યપાઠ કર્યો હતો. બીજા દિવસે મહિલા કવિ દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કવિયિત્રી બહેનોએ અલગ અલગ ભાષાઓમાં પોતાની સુંદર રચનાઓ વાંચી હતી જેને સાંભળીને શ્રોતાઓએ ભરપૂર આનંદ પ્રાપ્ત કર્યો હતો.

આ વર્ષના સમાગમનું શિર્ષક "અસિમ પરમાત્મા તરફ વિસ્તરણ" ઉપર આધારીત નિરંકારી પ્રદર્શની તમામ સંતોના માટે આર્કષણનું કેન્દ્ર બની હતી.આ દિવ્ય પ્રદર્શનીનું ત્રણ ભાગમાં વિભાજન કરવામાં આવ્યું હતું.પ્રથમ ભાગમાં સંત નિરંકારી મિશનનો ઈતિહાસ-વિચારધારા તથા સામયિક ગતિવિધિઓ તથા સદગુરૂ દ્વારા દેશ-વિદેશમાં કરવામાં આવેલ દિવ્ય કલ્યાણકારી પ્રચારયાત્રાઓની જાણકારી આપવામાં આવી હતી. બીજા ભાગમાં સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા સ્વાસ્થ્ય અને સમાજ કલ્યાણ વિભાગની તમામ ગતિવિધિઓ દર્શાવવામાં આવી હતી. ત્રીજા ભાગમાં બાળ-પ્રદર્શની ઘણા જ મનમોહક અને પ્રેરણાદાયક રૂપમાં બાલ સંતો દ્વારા પ્રદર્શિત કરવામાં આવી હતી.

સંત સમાગમમાં પિરસવામાં આવતા ભોજન "સમગ્ર સંસાર-એક પરીવાર" નું મનોહર દ્રશ્યને પ્રતિબિંબિત કરતું હતું જેમાં વિવિધ સાંસ્કૃતિક અને ધાર્મિક પૃષ્ઠભૂમિ સાથે જોડાયેલા દેશ-વિદેશથી આવેલા શ્રદ્ધાળુઓ સાથે બેસીને કોઈપણ પ્રકારના ભેદભાવ વિના ભોજન ગ્રહણ કરતા હતા. દરવર્ષની જેમ લાખોની સંખ્યામાં સમાગમમાં આવેલ શ્રદ્ધાળુઓના માટે ચારેય મેદાનોમાં મફત ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. વિકલાંગો અને શારીરિકરૂપમાં વયોવૃદ્ધ વ્યક્તિઓ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. ભોજનમાં સાદા પૌષ્ટિક ભોજન ઉપરાંત ફ્રી ચા ની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. પર્યાવરણના દ્રષ્ટિકોણથી તમામને સ્ટીલની થાળીઓમાં ભોજન પિરસવામાં આવતું હતું.

હરિયાણા રાજયના પૂર્વ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ હુડ્ડાએ વાર્ષિક નિરંકારી સંત સમાગમમાં પધારીને સતગુરુ માતાજી તથા નિરંકારી રાજપિતાજીના દર્શન કરી આર્શિવાદ પ્રાપ્ત કર્યા હતા.

૭૭મા વાર્ષિક નિરંકારી સંત સમાગમાં આધુનિક કાયરોપ્રેક્ટિક તકનીકના માધ્યમથી નિ:શુલ્ક સ્વાસ્થ્ય સેવાઓનો લાભ આપવામાં આવ્યો હતો.આ સારવાર કરોડરજ્જુ સાથે સંપૂર્ણપણે સંબંધિત છે. દરરોજ ૩૦૦૦ થી ૪૦૦૦ લોકોએ આ ટેકનોલોજીનો લાભ લીધો હતો.અમેરીકા, યુ.કે. કેનેડા સ્પેન ફ્રાન્સ અને ભારતના કુલ પચ્ચિસ ડૉકટરોની એક ટીમે સતત સેવાઓ આપી હતી.

સમાગમ સ્થળ ઉપર પહેલીવાર ૧૦૦ બેડની હોસ્પિટલ બનાવવામાં આવી હતી જેમાં આઇસીયુ અને ચાર વેન્ટિલેટરની સુવિધા ઉભી કરવામાં આવી હતી.અહી સરકારના આરોગ્ય વિભાગની ૩૦ અને સંત નિરંકારી મંડળની ૧૦ આમ કુલ ૪૦ એમ્બ્યુલન્સની સેવા પુરી પાડવામાં આવી હતી.તમામ મેદાનોમાં પાંચ દવાખાનાઓ કાર્યરત હતા જેમાં દરરોજ ૨૦,૦૦૦ દર્દીઓને મફતમાં સારવાર કરવામાં આવતી હતી.

ગ્રાઉન્ડ એ અને સી માં ઉભા કરવામાં આવેલ હોમિયોપેથી દવાખાનામાં દરરોજ ૩૦૦૦ થી ૪૦૦૦ દર્દીઓની સારવાર કરવામાં આવતી હતી.ફિઝીયોથેરાપીના માટે પંદર મશીનો ગોઠવવામાં આવ્યા હતા.આ ઉપરાંત નાના ઓપરેશન થિયેટરની વ્યવસ્થા કરવામાં આવી હતી જેમાં ઓર્થોપેડિક, હૃદયરોગની બિમારી તથા આંખની બિમારીના દર્દીઓની સારવાર કરવામાં આવતી હતી. આરોગ્ય સેવાનું ઉચ્ચ સ્તર જળવાઈ રહે તે માટે એક હજાર સર્જન ડૉકટર, મેડીકલ તથા પેરામેડીકલ સ્ટાફની ટીમ દ્વારા સંચાલન કરવામાં આવતું હતું.

આભાર - નિહારીકા રવિયા

**સ્વ.સુલ્લુ**

**પેજ-૨ પાનાનું ચાલુ**

એસોસિયેશનના કમિટી સભ્ય શ્રી શબ્બીરભાઈ કુરેશી મહાનગરપાલિકાની ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન શ્રી પ્રેમચંદભાઈ ભેસાણી,ડ્રા વોલીબોલ એસોસિએશનના કુ. સોનલ એન્જિનિયર ,જુડો એસોસિએશનના શ્રી પપ્પુભાઈ નિકમ, કુસ્તી એસોસિએશનના શ્રી સમીર વ્યાસ, રાંદેર પીપલ્સ બેકના એમ.ડી શ્રી ઉમેશભાઈ દેસાઈ ડિરેક્ટર શ્રી બ્રીજેશભાઈ એ બોઘાવાલા, સહકારભારતીનાં અગ્રણી ઈશ્વરભાઈ પટેલ, કુરૂક્ષેત્ર સ્મશાનભૂમિ ટ્રસ્ટનાં જગદીશભાઈ પટેલ તથા અજયભાઈ ગાંધી સુરત ક્રિકેટ એસોસિએશન અમ્પાયર પેનલના શ્રી જનક સુરતી ગુજરાત ફૂટબોલ ટીમના સિલેક્ટર શ્રી અનંત સારંગ, રેલવેના શ્રી દલપતભાઈ સુરતી, વ.સલ્લુભરૂચા સાહેબના સુપુત્ર શ્રી ઓવેશ ભરૂચા તથા જમાઈ પ્રોફેસર ઉમર વિગેરે અનેક રમતવીરોએ હાજર રહી શ્રી ભરૂચા સાહેબ સાથેના સ્મરણો ને યાદ કરી એમની સેવા ને બિરદાવી હતી અને એમની ખોટ રમત જગતને હંમેશા માટે રહેશે અને રમત જગતને આપેલ તેમના યોગદાનને યાદ કરી તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

**ચંદ્રમોલેશ્વર**

**પેજ-૨ પાનાનું ચાલુ**

સામાજિક અગ્રણીઓ દાતાઓ તથા શ્રદ્ધાળુ ભક્તો મોટી સંખ્યામાં હાજર રહેશે અતિ દુર્લભ તથા પૌરાણિક ચંદ્ર મોલેશ્વર મહાદેવ મંદિરના ભવ્ય નિર્માણ કાર્યના શુભારંભ અવસરમાં સહભાગી થવા શ્રદ્ધાળુ ભક્તોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

**ચંદ્રમોલેશ્વર શિવાલયનો**

**પેજ-૨ પાનાનું ચાલુ**

ચંદ્રમોલેશ્વર મહાદેવ મંદિર તરીકે પ્રખ્યાત છે .અહીં દર શિવરાત્રીએ દર સોમવારે અને શ્રાવણ માસમાં શ્રધ્ધાળુ ઓ મોટી સંખ્યામાં દર્શન કરવા આવે છે અને ભગવાન શ્રી ચંદ્રમોલેશ્વર મહાદેવના આશીર્વાદ તથા દર્શનથી શ્રદ્ધાળુ ભક્તોની મનોકામના પૂર્ણ થાય છે.

**નવોદય વિદ્યાલય**

**પેજ-૨ પાનાનું ચાલુ**

પરીક્ષાની માધ્યમ જેવી વિગતોમાં સુધારાની સુવિધા ઉપલબ્ધ રહેશે. આ માટેની સુધારાની વિન્ડો તા.૨૬ નવેમ્બર, ૨૦૨૪ બાદના બે દિવસ સુધી ખુલ્લી રહેશે. નવોદય વિદ્યાલય સમિતિએ તમામ ઉમેદવારોને સમયસર તેમની અરજી પૂર્ણ કરવાનો અનુરોધ કરવામાં આવ્યો છે.

**ન્યૂ બમરોલી રોડના**

**છેલ્લા પાનાનું ચાલુ**

બુઝાવવાની કામગીરી કરે તે પહેલા ઘરનાં લોકોએ આગ બુઝાવી નાંખી હતી. આગને કારણે ૨૪ વર્ષની અંજલની રાકેશ તિવારીનું કરૂણ મોત નીપજ્યું હતું.

**સજ્જુ કોઠારી**

**છેલ્લા પાનાનું ચાલુ**

સાજીદ ઉર્ફે સજ્જુ ગુલામ કોઠારી સામે નોંધાયા હતા. જેથી સુરત પોલીસે સજ્જુ કોઠારી સામે વર્ષ ૨૦૨૧માં ગુજસીટોક એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ ગુનામાં સુરત સેશન્સ કોર્ટે સજ્જુ કોઠારીને જામીન ઉપર મુક્ત કર્યો હતો. છતા સજ્જુ કોઠારીએ પોતાનો આતંક શરૂ રાખ્યો હતો. જેથી તેની સામે વધુ ૫ નવા ગુના નોંધાયા હતા. જેથી પોલીસે તેની સામે વધુ એક ગુજસીટોકની ફરિયાદ દાખલ કરી તેની ધરપકડ કરી જેલ ભેગા કર્યા હતા. આ બીજી ગુજસીટોકના ગુનામાં આરોપી સજ્જુ કોઠારીએ હાઈકોર્ટમાં સીનીયર વકીલ જયંતકુમાર પંચાલ,મોસમ યગનીક અને સુરતના સ્થાનિક વકીલ ગૌતમ દેસાઈ અને ઝફર બેલાવાલા મારફતે જામીન અરજી કરી હતી. જે હાઈકોર્ટે મંજુર કરી હતી.

**કિશોરી પર બળાત્કાર**

**છેલ્લા પાનાનું ચાલુ**

મુળ ફરિયાદીના વકીલ ધવલ રસીક રાણાએ બળાત્કારની કલમનો ઉમેરો કરવા કોર્ટમાં અરજી કરી હતી. કોર્ટે આ બળાત્કાર કલમનો ઉમેરો કરવા આદેશ કર્યો હતો. ત્યારબાદ ફરીથી આરોપીઓને જેલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા હતા. દરમિયાન આરોપી જોન અબ્બાસ સામે અપહરણ,બળાત્કાર અને પોક્સોનો ગુનો પુરવાર થઈ ગયો હતો. જ્યારે જોન અબ્બાસના મિત્ર અબ્દુલ હકીમ સામે મદદગારી કરવાનો ગુનો સાબીત થઈ ગયો હતો. કોર્ટે આરોપી જોન અબ્બાસને ૨૦ વર્ષની કેદની સજા અને અબ્દુલ હકીમને ૫ વર્ષની સજાનો હુકમ ફરમાવ્યો હતો.

સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ
પ્રેસનોટ તથા જાહેરખબરો
માટે સંપર્ક કરો
-:: અડાજણ મેઈન કાર્યાલય ::-
એફ-3, રવિરાજ ફ્લેટ, મહાલક્ષ્મી મંદિર સર્કલ પાસે, અડાજણ, સુરત.
મો.નં.૯૮૨૪૬-૫૫૭૫૫, ૯૮૨૫૫-૩૨૫૦૫
-:: અંકલેશ્વર બ્રાન્ચ કાર્યાલય ::-
નાઝુભાઈ ફડવાલા
મો.૯૮૨૫૧-૫૮૩૯૩
-:: ભરૂચ બ્રાન્ચ કાર્યાલય ::-
ધનંજય ઝવેરી
મો.૯૯૭૮૪-૦૬૯૨૩
-:: કોસંબા બ્રાન્ચ કાર્યાલય ::-
સોહેલભાઈ
મો.૯૯૭૮૪-૨૪૬૮૮

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
ગુરુવાર, તા.૨૧ નવેમ્બર ૨૦૨૪ મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫, E-mail : pratap_darpan@yahoo.co.in

# રૂા.૫.૨૦ કરોડની છેતરપિંડી પ્રકરણમાં પિતા-પુત્ર ડીસીબીને શોધ્યે જડતા નથી

### સામાજીક અગ્રણી મહેશ સવાણીની ફરિયાદમાં મુકેશ સવાણીની ધરપકડ થઈ ચૂકી છે, હજુ પીના ગુજરાતી-ક્રિષ્ના ગુજરાતી ભાગતાં ફરે છે

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૧

ક્રાઈમ બ્રાંચ દ્વારા ઉદ્યોગપતિ મહેશ સવાણીનાં નામની બોગસ ચિઠ્ઠી બનાવી કરોડો રૂપીયાની છેતરપિંડીના કેસમાં પીના ગુજરાતી અને તેના પુત્ર હજી સુધી મળી આવ્યા નથી. ક્રાઈમ બ્રાંચ ફરાર થઈ ગયેલા પિતા-પુત્રને શોધવા ધંધાકીય તેમજ રહેણાંક સ્થળે તપાસ કરી ચુકી છે. આ કેસમાં પોલીસ દ્વારા પીના ગુજરાતી મુળ ક્યાંનો વતની છે ત્યાં પણ સ્થાનિક પોલીસ દ્વારા તપાસ કરાવવામાં આવી રહી છે. વધુમાં આ કેસમાં પુરાવાઓ એકત્ર કરવાના તબક્કે હાલ ક્રાઈમ બ્રાંચની તપાસ આગળ વધી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ગત અઠવાડીયે ક્રાઈમ બ્રાંચમાં મહેશ સવાણી દ્વારા છેતરપિંડીની ફરીયાદ નોંધાવવામાં આવી હતી. ભટારના આર્શિવાદ પેલેસમાં રહેતા મહેશ વલ્લભભાઇ સવાણી (મુળ રહે. રાણપરડા, તા.પાલીતાણા, જી.ભાવનગર)એ વેડરોડ ઉપરની લક્ષ્મીવાડી સોસાયટીમાં રહેતા પ્રવિણ ઉર્ફે પીના શામજીભાઇ ગુજરાતી અને તેના પુત્ર ક્રિશ્ના ગુજરાતી તથા મુકેશ છગનભાઇ સવાણી (રહે. વિશ્વકૃપા સોસાયટી, સુમુલ ડેરી) વિરૂધ્ધ છેતરપિંડી અને નાણા પડાવી લેવાની ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદ મુજબ સને ૨૦૧૯માં મહેશ સવાણીના વેવાઇ જગુ દામજીભાઇ ખેનીએ જમીનના ધંધાકીય લેતીદેતી પેટે કામરેજ કઠોદરાની ૪૪ વિઘા જમીન કિરણ જેમ્સના વલ્લભ લખાણીને બાકી રકમ પેટે આપી હતી. જોકે વલ્લભ લખાણીએ આ જમીનના સોદ્દામાં અમુક રકમ વેડરોડના પીના ગુજરાતી પાસે લેવાની હતી. દરમિયાન પીના ગુજરાતીએ મગદલ્લાની જમીનનો સોદ્દો નક્કી કર્યો હતો.

બીજી તરફ સને ૨૦૨૦માં જગુ ખેનીને પીનાને મગદલ્લાની જમીનનો દસ્તાવેજ બનાવી આપવા કહેતા પીનાએ એક ચીઠ્ઠીની ઝેરોક્ષ ગજુ ખેનીને બતાવીને કહ્યું કે રાજુ અંબેલાલ દેસાઈએ મહેશ સવાણી પાસેથી રૂ.૪ કરોડની રકમ ૧.૫ ટકાના વ્યાજના દરે લીધા છે. જે રકમનું વ્યાજ અને મુદ્દલ એમ કુલ રૂ.૫.૬૧ કરોડ રકમ મહેશ સવાણીએ લેવાની નિકળે છે અને પીના ગુજરાતીએ રાજુ દેસાઈ પાસેથી મહેશ સવાણીએ લેવાની રકમ તેને આપવા કહ્યું હતું. આમ પીના ગુજરાતીએ બોગસ ચીઠ્ઠી બનાવી મગદલ્લાની જમીન ખરીદ કર્યા પછી જગુ ખેનીને વેચાણ કરી હતી. ત્યારબાદ પીના ગુજરાતી તેના પુત્ર ક્રિશ્ના અને મુકેશ સવાણીએ જગુ ખેની ઉપર દબાણ કરીને રૂ.૫.૬૧ કરોડ પડાવી લીધા હતા.

આ અંગે તપાસ કરતા પીએસઆઈ વી.એલ.ધણગણે જણાવ્યું હતુ કે, પીના ગુજરાતી અને તેના પુત્ર ફરાર છે ત્યારે તેમને શોધવા અલગ-અલગ દિશામાં પોલીસ તપાસ કરી રહી છે. રહેણાંક તેમજ ધંધાકીય સ્થળોએ પણ છેતરપિંડી કરનાર ગુજરાતી પિતા-પુત્રની તપાસ કરાઈ છે જોકે તે મળી આવ્યા નથી. હાલના તબક્કે આ પ્રકરણમાં વધુમાં વધુ પુરાવા એકત્ર કરવામાં આવી રહ્યા છે.

## મુકેશ સવાણીએ જામીન અરજી કરી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૧

મહેશ સવાણી સાથેના ઠગાઈ કેસમાં ક્રાઈમ બ્રાંચે ફરિયાદના બીજા દિવસે તો આરોપી ગુજરાતી પિતા-પુત્રના વચેટિયા મુકેશ સવાણીની તો ધરપકડ કરી બીજા દિવસે કોર્ટમાં રજુ કરી બે દિવસના રિમાન્ડ મેળવી લીધા હતા. પરંતુ રિમાન્ડ હેઠળ ક્રાઈમ બ્રાંચે મુકેશ સવાણી પાસેથી આરોપી પિતા-પુત્ર બાબતે કંઈ ઠોસ માહિતી કઢાવી શકી ન હોય તેવુ લાગી રહ્યું છે!. હજુપણ પિતા-પુત્ર પોલીસ પકડથી દુર છે. જયારે અન્ય આરોપી મુકેશ સવાણીએ જામીન ઉપર મુક્ત થવા વકીલ હિરેન ઓઝા, કલ્પેશ દેસાઈ અને પ્રજ્ઞેશ સરૈયાં મારફતે સુરત કોર્ટમાં જામીન અરજી કરી હોવાનુ જાણવા મળ્યું છે.

# ફાયર બ્રિગેડનો ધમધમાટ : ૪ કલાકમાં ૩૫ એકમો સીલ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૧



તક્ષશિલા અને શિવપૂજા અગ્નિકાંડની ઘટના બન્યા બાદ ફાયર વિભાગે દરેક ઝોનોમાં હોટલ, રેસ્ટોરેન્ટ, કોર્મશીયલ કોમ્પલેક્સોમાં તપાસ શરૂ કરી હતી અને ગતરોજ ફાયર વિભાગે ૧૪ જેટલા એકમોને સીલ મારી દીધા હતા. આજે સવારે દરેક ઝોનની ઓયો ગેસ્ટ હાઉસ અને હોટલોને સીલ મારવાની કામગીરી શરૂ કરી દીધી હતી.

ફાયર બ્રિગ્રેડ સૂત્રોનાં જણાવ્યા અનુસાર સુરત મહાનગર પાલિકાનાં વરાછા-એ, વરાછા-બી, સેન્ટ્રલ ઝોન, કતારગામ ઝોન, લીંબાયત ઝોન, અઠવા ઝોન, ઉધના ઝોનમાં આવેલા ઓયો ગેસ્ટ હાઉસ અને બેઝમેન્ટમાં આવેલ હોટલોને ત્યાં તપાસ શરૂ કરી હતી. જોકે, ફાયર સેફ્ટીનો અભાવ જોવા મળતાં ૩૦થી ૩૫ ઓયો ગેસ્ટ હાઉસ તથા નવથી ૧૦ જેટલી બેઝમેન્ટની હોટલોને સીલ મારવાની કામગીરી કરી હતી એવું ચીફ ફાયર ઓફિસર બસંત પરીકે જણાવ્યું હતું. જોકે, આગામી દિવસોમાં ફાયર સેફટીની કામગીરી ચાલુ રહેશે.

**સતત ત્રીજા દિવસે ફાયર સેફ્ટીના મુદ્દે ફાયર વિભાગની કામગીરી**



શહેરની તમામ ઝોનલ પુરવઠા કચેરી પાસે આજે કોંગ્રેસનાં કાર્યકરોએ બે કલાક ધરણાંનો કાર્યક્રમ યોજી કચેરી દ્વારા ભ્રષ્ટાચાર કરાતો હોવાનાં આક્ષેપો કર્યા હતાં. (તસ્વીરઃ હનીફ મલેક)

## ન્યૂ બમરોલી રોડનાં મકાનમાં આગ, યુવતીનું મોત

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૧

બમરોલી રોડ પત્રકાર કોલોની, તેરેનામ ચોકડી પાસે આવેલા એક મકાનમાં કોઈક કારણોસર આગ લાગતા એક યુવાનનું કરૂણ મોત નીપજ્યું હતું.

ફાયર બ્રિગેડનાં સૂત્રોનાં જણાવ્યા અનુસાર, બમરોલી રોડ પત્રકાર કોલોની સત્યનારાયણ નગરમાં રહેતાં એક તિવારીના મકાનમાં આજે વહેલી સવારે આગ લાગી હતી. આ બનાવની જાણ ફાયર બિગ્રેડને કરવામાં આવતાં મજુરા ફાયર સ્ટેશનનાં અધિકારીઓ ઘટના સ્થળે ધસી જઈ આગ

અનુસંધાન પાના ૭ પર

# ગોપીપુરા જૈન દેરાસર પાસે નોન-વેજ ભોજન સમારંભ યોજતા ભારે હોબાળો

### વિહિપનાં કાર્યકરો પહોંચતા અઠવા પોલીસે મામલો સંભાળ્યો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૧

ગોપીપુરા વિસ્તારમાં જૈન સમાજની લાગણી દુભાઈ તે રીતે એક પ્રસંગ સમયે મુસ્લિમ સમુદાય દ્વારા જૈન ઉપાશ્રયોની સામે જ માંસાહારી રસોઈ બનાવતા જૈન સમાજ દ્વારા મુસ્લિમ સમાજનાં લોકોને ઉપાશ્રયોથી દૂર રસોઈ કરવા જણાવાયું હતું. વિશ્વ હિન્દુ પરિષદને પણ આ અંગે જાણકારી મળતા તેમણે સ્થળ ઉપર પહોંચી અઠવાલાઈન્સ પોલીસને બોલાવી હતી. જ્યાં બંને પક્ષો વચ્ચે વાત-ચીત બાદ શાંતિ સ્થપાય હતી. આવી ઘટના બીજી વખત ન બને તે માટે સ્થાનિક લોકોને પોલીસ દ્વારા સમજણ આપવામાં આવી હતી અને તકેદારી રાખવા જણાવાયું હતું.

ગોપીપુરામાં જૈન દેરાસર અને ઉપાશ્રયો મોટી સંખ્યામાં આવેલા છે. જૈન સમુદાયના લોકો હજી પણ તળ સુરત ગણાતા ગોપીપુરા વિસ્તારમાં વસવાટ કરે છે. શાંતિપ્રિય જૈન સમાજ દરેક બાબતમાં સાત્વિક્તા જાળવવા સાથે નિરઉપદ્રવી હોય તાજેતરમાં જ ગોપીપુરામાં જૈન સમુદાયની લાગણીને ઠેસ પહોંચે તેમ ઉપાશ્રય પાસે જ મુસ્લિમ સમાજના એક પ્રસંગે નોનવેજ ભોજન બનાવાયું હતું. જેની જાણ વિશ્વહિન્દુ પરિષદને થતા તેમણે સ્થળ ઉપર પહોંચી પોલીસને બોલાવી હતી. જ્યાં નોનવેજ ભોજન બનાવનાર પરિવાર અને સમાજનાં લોકોને પોલીસે સમજાવી ફરી વખત આવું ન બને તેની તકેદારી રાખવા જણાવ્યું હતું.

# રાંદેરની ત્યકતાને પ્રેમજાળમાં ફસાવી ક્રેડીટ કાર્ડથી ૨૬ લાખ પડાવી પ્રેમીનો બળાત્કાર

### પૈસા પરત જોતાં હોય તો શરીરસુખની માંગણી કરી વારંવાર બળાત્કાર ગુજારનાર ગોપીપુરાના ભાવિન લાકડાવાળા સામે ફરિયાદ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૧

રાંદેર વિસ્તારમાં રહેતી ત્યકતા ને પ્રેમ જાળમાં ફસાવી તેના નામે લોન તેમજ ક્રેડિટ કાર્ડ ઈસ્યુ કરી ને કુલ રૂ. ૨૬ લાખ પડાવી લીધા હતાં. ત્યકતા એ રૂપિયા પરત માંગતા તેને આરોપી ભાવિન અશોકકુમાર લાકડાવાલા એ લગ્નની લાલચ આપી શરીર સંબંધ બાંધશે તોજ રૂપિયા પરત આપવાનું જણાવી અવાર નવાર બળાત્કાર ગુજારી ત્યકતા ના પુત્રને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ મામલે રાંદેર પોલીસ સ્ટેશનમાં ભોગબનનારે ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ગોપીપુરા ઢીંગલી ફળિયામાં રહેતા ભાવિન અશોક લાકડાવાલાએ એક વર્ષ અગાઉ રાંદેર વિસ્તારમાં રહેતી એક ત્યક્તા મહિલા ને પ્રેમ જાળમાં ફસાવી હતી. લગ્ન કરવાની વાત કરી અલગ અલગ સમયે ભાવિન મહિલાને ફરવા લઈ જતો હતો અને તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા.

ત્યારબાદ લગ્નની લાલચ આપી ને એક સંતાનની માતા એવી મહિલા ના નામે લોન તેમજ ક્રેડિટ કાર્ડ ઈસ્યુ કરાવી ૨૬ લાખ જેટલી રકમ અંગત ઉપયોગમાં વાપરી ખાધી હતી. મહિલાએ રૂપિયા પરત માંગતા ભાવિન એ તેને શરીર સંબંધ રાખશે તો જ રૂપિયા પરત આપીશ તેમ કહી પુત્રને જાનથી મારવાની ધમકી આપી હતી. રૂપિયા પરત મેળવવા મહિલા વશમાં થતાં આરોપી ભાવિન લાકડાવાલા એ મહિલા ઉપર દુષ્કર્મ ગુજાર્યું હતું. મહિલાને તરછોડી દેતા આ મામલે ગત મોડી રાત્રે રાંદેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

# રાત્રીના તાપમાનમાં ઘટાડોઃ લઘુત્તમ તાપમાન ૨૧ ડીગ્રી સેલ્સીયસ નોંધાયું

### દિવસ દરમિયાન પણ સતત ઘટતું તાપમાન

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૧

ન્યૂનત્તમ તાપમાન ૨૧ ડિગ્રી ઉપર પહોંચતા રાત્રિના સમયે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. મહત્તમ તાપમાનનો પારો પણ પાછલા દિવસોમાં ૩૫ સેલ્સિયસ ડિગ્રી સુધી પહોંચી રહ્યો હતો જોકે ત્રણ ચાર દિવસથી મહત્તમ તાપમાન પણ ઘટવા લાગતા શિયાળાની ઋતુની શરૂઆત થઈ ગઈ છે. વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડા પવનો નિકળતા લોકોએ ઉકળાટ અને બફારાથી રાહત મેળવી છે.

હવામાન વિભાગ પાસેથી મળતી વિગત અનુસાર સોમવારથી મહત્તમ અને ન્યુનત્તમ તાપમાનમાં તબક્કાવાર એક-એક ડીગ્રી ઘટાડો થવાનું શરૂ થયું હતું. દરમિયાન ગઈકાલે બપોર બાદ શહેરનું મહત્તમ તાપમાન ૩૨ સેલ્સિયસ ડીગ્રી નોંધાયું હતું. ન્યુનત્તમ તાપમાન ૨૧ ડીગ્રી રહેતા ઠંડીની અસર જોવા મળી રહી છે. વધુમાં હવામાં ભેજનું પ્રમાણ ૫૧ ટકા રહેવા સાથે દરિયાની સપાટી પર હવાનું દબાણ ૧૦૧૪.૧ મિલીબાર નોંધાયું છે.




સુરતમાં નવેમ્બર મહિનાનાં ૨૦ દિવસ પૂર્ણ થઈ ગયા છે. અલબત્ત શિયાળાની જોરદાર ઠંડીની શરૂઆત થઈ નથી. શિયાળાનાં આગમન પૂર્વે જ નિરા વેચાણ કેન્દ્રોમાં નિરાનું વેચાણ શરૂ થઈ ગયું છે. સવારે સ્કુલે આવેલા વિદ્યાર્થીઓ નિરો પીતા હોવાનું તસ્વીરમાં નજરે પડે છે. (તસ્વીરઃ હનીફ મલેક)

# સજ્જુ કોઠારીના ગુજસીટોકમાં જામીન અરજી મંજુર કરતી હાઈકોર્ટ

### આરોપી સામે બે ગુસીટોકનો કેસઃ અગાઉના ગુજસીટોક પ્રકરણમાં હજુ પણ સજ્જુ કોઠારી જેલમાં

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૧

નાનપુરાના માથાભારે સજ્જુ કોઠારીના ગુજસીટોકના બીજા ગુનામાં હાઈકોર્ટે જામીન મંજુર કર્યા હતા. નોંધનીય છે કે સજ્જુ કોઠારી સામે બે અલગ-અલગ ગુજસીટોક હેઠળ ગુનો નોંધાયો હતો. પ્રથમ ગુજસીટોકના ગુનામાં તે જામીન ઉપર મુક્ત થયો હતો. પરંતુ જામીન મુક્ત થયેલા કોઠારીએ શરતોનો ભંગ કરતા તેના જામીન રદ કરી દેવામાં આવ્યા હતા. જયારે બીજા ગુજસીટોકના ગુનામાં આજે હાઈકોર્ટે તેને જામીન મુક્ત કર્યા હતા. પ્રથમ ગુજસીટોકના ગુનામાં ફરીથી જામીન મંજુર ન થાય ત્યાં સુધી સજ્જુ કોઠારી જેલમાં રહેશે.

ખંડણી, મારામારી, ધમકી સહિતના અનેક ગુના નાનપુરા જમરૂખગલી ખાતે રહેતા માથાભારે

અનુસંધાન પાના ૭ પર



રેશનકાર્ડ-આધારકાર્ડ લિંક કરવાની પળોજણ: લિંબાયત પુરવઠા ઝોનલ કચેરી ખાતે રેશનકાર્ડ ધારકોની લાંબી લાઈનો જોવા મળે છે. (તસ્વીર: હનીફ મલેક)

# કિશોરી પર બળાત્કાર ગુજારનાર મુંબઈના જોન અબ્બાસને પોક્સોમાં ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારતી કોર્ટ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૨૧

અડાજણ ખાતે રહેતી કિશોરીને ભગાડીને મુંબઈ લઈ જઈ દુષ્કર્મ આચરવાના કેસમાં મુંબઈના જોન અબ્બાસને કોર્ટે ૨૦ વર્ષની સખત કેદની સજાનો હુકમ ફરમાવ્યો હતો. જ્યારે કિશોરીને ભગાડવામાં મદદ કરનાર મિત્ર અબ્દુલ હકીમને કોર્ટે ૫ વર્ષની સખત કેદની સજા કરી હતી.

આ કેસની વિગત એવી છે કે, અડાજણ ખાતે પરિવાર સાથે ૧૨ વર્ષીય કિશોરી રહેતી હતી. ગત.તા.૨૩-૧-૨૦૨૪ના રોજ વહેલી સવારે કિશોરીએ નાના ભાઈને દુધ પીવડાવવાના બહાને માતાને ઉઠાવી હતી. ત્યારબાદ અચાનક કિશોરી તેણીની માતાનો ફોન લઈ ઘરેથી કોઈને કહ્યા વગર નિકળી ગઈ હતી. પરિવારે તેણીની શોધખોળ શરૂ કરી હતી. દરમિયાન જાણવા મળ્યુ હતુ કે કિશોરી નવી મુંબઈ વાસી ખાતે બગીચામાં એક છોકરા સાથે છે. જેથી આ અંગે મુંબઈ પોલીસને જાણ કરવામાં આવી હતી. મુંબઈ પોલીસે કિશોરી અને તેની સાથેના છોકરા જોન અબ્બાસ અફઝલ હુસૈન કાઝમી સૈયદ (ઉ.વ.૨૩, રહે.કમલાનગર, બેગનવાડી, ગૌંડી, થાના-શિવાજીનગર, મુંબઈ)ને પકડી પાડ્યા હતા. ત્યારબાદ કિશોરીનો કબજો પરિવારને સોંપ્યો હતો. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતુ કે કિશોરી સાથે સોશિયલ મિડીયાના ઈન્સ્ટ્રાગ્રામ ઉપર જોન અબ્બાસ સાથે મિત્રતા થઈ હતી. દરમિયાન જોન અબ્બાસ મિત્ર અબ્દુલ હકીમ ઉર્ફે મુસ્તુફા અબ્દુલ વહાબ શેખની (રહે.રફીકનગર, શિવાજીનગર, ગોવંડી, મુંબઈ, મળ બિહાર) મદદથી કિશોરીને તેણીના ઘરેથી ભગાડી ગયો હતો. અને ટ્રેન મારફતે મુંબઈ લઈ ગયો હતો. રાંદેર પોલીસ સ્ટેશનમાં જોન અબ્બાસ અને અબ્દુલ હકીમ સામે અપહરણ અને પોક્સોની ફરિયાદ નોંધાઈ હતી. આ કેસની ઈન્સાફી કાર્યવાહી સુરતની પોક્સોની સ્પેશ્યલ અદાલતમાં ચાલી રહી હતી. દરમિયાન આરોપીઓ અપહરણના ગુનામાં જામીન મુક્ત પણ થઈ ગયા હતા. દરમિયાન કિશોરી સાથે આરોપી જોન અબ્બાસે શારીરિક સંબંધ બાંધ્યા હોવાનુ મેડિકલ તપાસમાં બહાર આવ્યું હતું. જેથી

અનુસંધાન પાના ૭ પર

### સોશિયલ મીડિયા પર મિત્રતા બાદ યુવક કિશોરીને મુંબઈ લઈ ગયો હતો, ભગાવવામાં મદદરૂપ થનાર મિત્રને પણ સજા